# રત્નકણિકાઓ

## ડૉ. ભીમરાવ આંબેડકરના વિચારોનું ચયન

સંપાદન

**નાથુ સોસા**

'RATNAKANIKAO' - Dr. Bhimrao Ambedkar's thoughts compiled in Gujarati by **Nathu Sosa**, Published by **Jigar Sosa**

© નાથુ સોસા

દ્વિતિય આવૃત્તિ : સપ્ટેમ્બર, ૨૦૧૫

પ્રકાશક : જીગર સોસા

કિંમત : ૧૦૦-૦૦ રૂપિયા

ડિઝાઈન : બુકપબ, અમદાવાદ.

મુદ્રણ : સાહિત્ય મુદ્રણાલય (પ્રા.) લિ.
અમદાવાદ

**નાથુ સોસા**
1, 'રઘુનંદન', ચિત્રકૂટ બંગલોઝ,
શિવદર્શન રોહાઉસ સામે,
સી. કે. પાર્ક પાસે, હનિપાર્ક રોડ,
અડાજણ સુરત-395009
ફોન : 0261 2764565
મોબાઇલ : +91 98251 46448
www.nathusosa.com
Email : nathusosa@gmail.com

અર્પણ

**યુવાપેઢીને...**

**ओ.पी. कोहली**

राज्यपाल, गुजरात


सत्यमेव जयते


**राजभवन**

**गांधीनगर - ३८२ ०२०.**


दिनांकः १२-०५-२०१५

# संदेश



डॉ. बाबा साहब अंबेडकर जी के विचार बिन्दुओं का संचय "रत्नकणिका" नामक पुस्तक गुजरात अनुसूचित जाति विकास निगम, गांधीनगर के निर्देशक श्री नाथु सोसा द्वारा लिखी गई है, यह जानकर प्रसन्नता हुई।

भारत के संविधान के रचयिता डॉ. अंबेडकर जी के जीवन पर "राष्ट्रनिर्माण के शिल्पी डॉ. भीमराव अंबेडकर" नामक पुस्तक श्री नाथु सोसाजी ने लिखी थी। इसके पश्चात् दूसरे चरण में उन्होंने "रत्नकणिका" पुस्तक लिखी है। मुझे आशा है कि यह पुस्तक भी डॉ. बाबा साहब के विचारों को उजागर करने में उपयोगी सिद्ध होगी।

में श्री नाथु सोसाजी को इस पुस्तक के प्रकाशन की सफलता हेतु शुभकामनाएं प्रेषित करता हूँ।

O.P. Kohli

**(ओ० पी० कोहली)**




ક્રમાંકઃ મંત્રી/સા.ન્યાં.અ./

મંત્રી,

સામાજિક ન્યાય અને અધિકારીતા (અનુ.જાતિઓનું કલ્યાણ, સા. અને શૈ.પછાત વર્ગોનું કલ્યાણ સહિત)

ગુજરાત સરકાર.

સ્વર્ણિમ સંકુલ–૧, બીજો માળ,

સચિવાલય,,ગાંધીનગર–૩૮૨ ૦૧૦


## શુભેચ્છા સંદેશ

ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કૉર્પોરેશનના બૉર્ડ ઑફ ડિરેક્ટર શ્રી નાથુ સોસા દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિ ઉજવણી પ્રસંગે ડૉ. ભીમરાવ આંબેડકરનાં વિચારોનું ચયન કરતું 'રત્નકણિકા' પુસ્તક પ્રકાશિત કરવાનું આયોજન કરેલ છે તે જાણી આનંદ થયો.

ડૉ. બાબાસાહેબ આંબેડકરનાં વિચારોનું ચયન કરી એક પુસ્તકના સ્વરૂપમાં પ્રકાશિત કરવાનું જે આયોજન કરેલ છે, તે સરાહનીય બાબત છે. ડૉ. આંબેડકરના વિચારો જન-જન સુધી પહોંચે તેવા શુભ આશયથી પ્રકાશિત થતું પુસ્તક 'રત્નકણિકા' દરેક સમાજને ઉપયોગી નીવડશે તેવી શુભેચ્છા સાથે આયોજકોને હાર્દિક અભિનંદન પાઠવું છું.

# મારી અનુભૂતિ

કંઈક સ્નેહ અને નિખાલસ મૈત્રીને કારણે ‘રત્નકણિકાઓ’ના પ્રારંભે લખવા માટે ભાઈશ્રી નાથુ સોસાનો પ્રેમાગ્રહ રહ્યો છે એમ ધારું છું. ‘અસ્પૃશ્યતાનો જોડો’ મને ડંખ્યો નથી એટલે દુખદાનુભૂતિજન્ય સત્યની કદાચ મને ખબર નથી. જન્મે અનાવિલ અને આર્યસમાજના પ્રભાવ હેઠળના મજીગામ-મલવાડા ગામના સામાજિક અગ્રેસરતાભર્યા માહોલમાં ઉછેર થવાથી ખાસ્સું પ્રગતિશીલ વાતાવરણ મેં અનુભવ્યું છે. એ પછી તો રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સંપર્કમાં આવી સંઘ-ગંગામાં સદાય અવગાહન થતું રહ્યું અને છેલ્લા ત્રણ દસકાથી સંઘ-પ્રચારક છું.

પ્રતિભાસંપન્ન વ્યક્તિત્વના ધની ડૉ. બાબાસાહેબ આંબેડકર સૌની માનવંદનાના અધિકારી હોય એમાં કોઈ બેમત હોઈ શકે નહીં. પ્રથમ વખત

ધનંજય કીર આલેખિત શ્રદ્ધેય બાબાસાહેબનું જીવનચરિત્ર વાંચ્યું ત્યારે અત્યંત ભાવવિભોર થઈ જવાયું હતું અને આપણો સમાજ - હિન્દુ સમાજ આટલો બધો જડ, સંવેદનહીન અને ગમાર કહી શકાય એટલી હદે સાવ ભલોભોળો એની અનુભૂતિ ઊઠેલી.

ભાઈ શ્રી નાથુભાઈએ વિચારોના ઝંઝાવાતો અને કર્મશીલતાનો સમન્વય કરી 'રાષ્ટ્રનિર્માણના શિલ્પી ડૉ. ભીમરાવ આંબેડકર' પુસ્તકમાં અનેક બાબતોને સાંપ્રતનો સ્પર્શ કરાવી દિશાખોજ માટે પ્રામાણિક, સ્તુત્ય પ્રયત્ન કર્યો છે. ભૂતકાળમાંથી બોધ ગ્રહી, વર્તમાનને જીવવાની સાથે ભવિષ્યને ઉજ્જ્વળ કરવાની એમની તમન્ના એમને સમાજકાર્યમાં અનેકવિધ રીતે કૃતિશીલ રાખે છે. વિચારોના ઝંઝાવાતોથી ભરપૂર સમુદ્રના તળિયેથી મોતીની પ્રાપ્તિ માટે મરજીવા પેઠે સાહસ કરનાર શ્રી નાથુ સોસાની આ અર્થસભર કૃતિ એટલે જ આ રત્નકણિકાઓ.

શ્રી બાબાસાહેબે સ્વયં અનેક વિષયો પરત્વે ઠેરઠેર ઉદ્‌બોધનો અને અઢળક લેખન કર્યું છે. એથીય અનેકગણું એમના અંગે લખાયું છે, લખાય છે અને લખાતું જ રહેશે. સમયની માગ છે કે સમર્થ, સમૃદ્ધ અને સમરસ ભારતનિર્માણના પ્રયાસોમાં આંબેડકર-દર્શન આપણા સહુ માટે દીપસ્તંભ બની રહેશે.

આપણી સન્મુખ રત્નકણિકાઓ પ્રસ્તુત કરનાર મરજીવા સંપાદક શ્રી નાથુ સોસાને અભિનંદવાની સાથે એમની સત્યની અનવરત ખોજ હજીય વધુ ને વધુ અણમોલ મોતી પ્રાપ્ત કરાવી આપે એવી શુભકામનાઓ પાઠવું છું.

**ભગીરથ દેસાઈ**

સાહિત્ય સાધના પ્રકાશન,

કર્ણાવતી

## પ્રકાશન વેળાએ....

# વિચારોની શક્તિ

મિત્રો, આ દુનિયામાં ભારત એવો દેશ છે જેણે સદીઓથી દુનિયાને જ્ઞાન વહેંચ્યું છે. સદીઓથી દુનિયાના કોઈપણ દેશમાં કે કોઈપણ ખૂણે કોઈપણ વિષયનું જ્ઞાન જોઈતું હોય તો તેણે ભારત તરફ મીટ માંડવી પડે. આ દેશમાં રામ-કૃષ્ણ, શિવાજી, મહારાણા પ્રતાપ, સ્વામી વિવેકાનંદ, રાણી લક્ષ્મીબાઈ, સરદાર પટેલ, ડૉ. આંબેડકર, મહાત્મા ગાંધી તમામ મહાપુરુષોએ દુનિયાને દિશાનિર્દેશ કર્યા છે તે તમામ મહાપુરુષો પાસે શક્તિ હતી, જે શક્તિના આધારે તેઓ મહાન બન્યા. દુનિયા તેમના માર્ગદર્શન પર ચાલી રહી છે. તેમની પાસેનું વિચારોનું ભાથું. વિચારોની શક્તિ વિચારોની તાકાત. સ્વામી વિવેકાનંદે શ્રી રામકૃષ્ણ પરમહંસને ગુરુ બનાવતાં પહેલાં પૂછ્યું હતું કે, તમે ઈશ્વરને જોયાં છે. ગુરુએ કહ્યું, “હા, હું જેવી રીતે તને જોઉં છું તેવી જ રીતે ઈશ્વરને પણ જોઉં

છું.'' વિવેકાનંદ વૈચારિક શક્તિના ભંડાર હતા. જે વિચારે એ આચરણમાં મૂકે અને તે સત્ય કરી બતાવે. વિદેશ પ્રવાસ વખતે જહાજમાં તેઓ ગીતા વાંચતા હતા. કોઈ ખ્રિસ્તીએ એમની મશ્કરી કરી અને તેમની ઠેકડી ઉડાવી. એને બાઇબલ આપવા કહ્યું અને ગણતરીની મિનિટોમાં પરત કર્યું. જે પૂછ્યું તેનો પાના નંબર સહિત જવાબ આપીને ઉત્તર વાળ્યો.

સ્વામી વિવેકાનંદનું સૌથી મહત્ત્વનું પ્રદાન દેશની પ્રજાને તેના સામર્થ્યનું ભાન કરાવ્યું. સૈકાઓથી કચડાયેલી જનતાને તેના ભવ્ય ભૂતકાળને પુનઃસજીવન કરવા લલકાર કર્યો. તેમના સચોટ શક્તિશાળી શબ્દોએ પ્રજાને કુંભકર્ણની નિદ્રામાંથી જગાડી સામાન્ય માણસને અહેસાસ કરાવ્યો કે 'સંકલ્પ તેમજ પુરુષાર્થ દ્વારા પ્રવાહને પલટી શકાય છે.'

સ્વામી વિવેકાનંદે દેશના યુવાનોના આદર્શ તેમજ તેમના વિચારોની તાકાતના આધારે યુવાનોને મંત્ર આપ્યો ‘‘ઊઠો, જાગો, ધ્યેયપ્રાપ્તિ સુધી મંડ્યા રહો.'' આ

પુસ્તકમાં રાષ્ટ્રનિર્માણના શિલ્પી ડૉ. ભીમરાવ આંબેડકરના વિચારોનું સંકલન કર્યું છે. તેમણે પણ બાળપણથી ખૂબ અભાવમાં અને કદાચ જીવનના અંતિમ તબક્કા સુધી તેમના જીવનમાં અભાવનું સામ્રાજ્ય રહ્યું. મોટેભાગે આર્થિક, સામાજિક, ક્યારેક સ્વીકાર્યતાનો અભાવ આમ દરેક અભાવ સામે સંઘર્ષ સાથે પોતાની જાતને તપાવી અને તામ્રવર્ણ જીવન બનાવ્યું. એમણે પોતાના દેદીપ્યમાન વિચારોના આધારે જીવન ઉચ્ચ બનાવ્યું. તેમણે મંત્ર આપ્યો હતો કે શિક્ષિત બનો, સંગઠિત બનો અને સંઘર્ષ કરો.

વિવેકાનંદજી સંપૂર્ણ ભારતભ્રમણ કરી કન્યાકુમારીની શિલા પર બેઠા ત્યારે તેમને તેમના જીવનના ઉદ્દેશ્યનો ખ્યાલ આવ્યો હતો કે આત્મગૌરવને ભૂલી ચૂકેલા હિંદુ રાષ્ટ્રને ફરી આત્મસન્માન માટે જાગ્રત કરવું. એમના જન્મના દાયકાઓ બાદ જન્મેલા ડૉ. આંબેડકરને લગભગ જીવનના એટલા જ સમયમાં પોતાના જન્મનો ઉદ્દેશ્ય ધ્યાનમાં આવ્યો હોવો જોઈએ કે વર્ષોથી અન્યાય, અપમાનની ગર્તામાં ધકેલાઈ ચૂકેલા સમાજને બેઠો કરવાનો છે. તેને સમાજની

તેમજ રાષ્ટ્રના મુખ્યપ્રવાહમાં ભેળવી નાત-જાત તેમજ વર્ણવ્યવસ્થાને દૂર કરી માનવ જીવ સમાનના વિચાર સાથે સમાજને તેમજ રાષ્ટ્રને દિશાદર્શન કરાવી જરૂર પડે. સમાજને તેમજ રાષ્ટ્રના સવર્ણ સમાજને કડવી દવા દ્વારા જે ઊંચ-નીચ વર્ગના રોગને મટાડવા માટે, કડવીવાણી બોલીને પણ આ રાષ્ટ્રને સર્વ સમાવેશક તેમજ સર્વસમાવેશકના ભાવ સાથે સતત ને સતત રાષ્ટ્રની તેમજ સમગ્ર ખેતમજૂર-કામદાર-ગરીબ-દલિત તેમજ મહિલાને સમાનતાનો હક્ક આપીશું નહિ ત્યાં સુધી આ રાષ્ટ્રની પ્રગતિ નહીં થાય. જો આ રાષ્ટ્રની પ્રગતિ કરવી હશે તો સ્ત્રીને સમોવડી બનાવવી પડશે અને તેને શિક્ષણ સાથે-સાથે હક્કો પણ આપવા પડશે. જો આપણે આ કરી શકીશું તો જ આ રાષ્ટ્રની સુખાકારી સમૃદ્ધિ-વિકાસ ને આગળ ધપાવી શકીશું નહિતર ડૉ. બાબાસાહેબ કહેતાં પરિવાર-સમાજ તેમજ રાષ્ટ્રની પ્રગતિનું અનુમાન ત્યારે જ નક્કી કરી શકાય તે આ પરિવાર સમાજ તેમજ રાષ્ટ્રમાં સ્ત્રીની સ્થિતિ કેવી છે.

વિવેકાનંદે કહ્યું હતું કે મનુષ્યનો જન્મ ચોક્કસ હેતુ સિદ્ધ કરવા થયો છે.

પ્રારબ્ધના ભરોસે બેસી ન રહેતાં લક્ષ્ય નક્કી કરી સંકલ્પબદ્ધ થઈ અથાક પરિશ્રમ કરીએ તો જ સફળતા પ્રાપ્ત થાય છે. સમાજમાં જે અજ્ઞાનતા, ગરીબી, શોષણ છે તેને દૂર કરવાની જવાબદારી શિક્ષિતો, સમાજના આગેવાનોની છે. સંવેદનાથી અરસપરસનો આદરભાવ કેળવીએ તો જ 'સર્વત્રઃ સુખિનઃ સન્તુ'ની ભાવના સાકાર થાય. ડૉ. આંબેડકર કહેતાં કે ઈશ્વર આ જગતમાં છે કે નહિ તેનો વિચાર કરવાની તમારે જરૂર નથી. જે કાંઈ ઊથલપાથલ થાય છે, તે મનુષ્યો દ્વારા જ થતી હોય છે. એ જ ખરી વાત છે. તમારો ઉદ્ધાર કરવા કોઈ આવવાનું નથી. તમે તમારા મનમાં બરાબર નિશ્ચય કરી લો તો તમારો ઉદ્ધાર કરવા તમે જ સમર્થ છો.

સ્વામીજીના જીવનમાં પણ ગુજરાતનું ખૂબ મહત્ત્વ રહ્યું છે. વિદેશ જવાની પ્રેરણા નડિયાદના સાક્ષર મણિલાલ નભૂભાઈ ત્રિવેદીએ આપેલી. મણિલાલ વિશ્વધર્મ પરિષદમાં નાદુરસ્ત તબિયતને કારણે જઈ શકે તેમ નહોતા જેથી તેમણે સ્વામીજીને મોકલ્યા હતા. તેમ ડૉ. આંબેડકરને વિદેશ જવાની વ્યવસ્થા

વડોદરાનરેશ શ્રીમંત સયાજીરાવે કરી આપી હતી. બંનેના જીવનમાં અમેરિકાનું ખૂબ મહત્ત્વ રહ્યું.

સ્વામીજીના જીવનમાં બુદ્ધ ભગવાનનું મહત્ત્વ હતું. ડૉ. આંબેડકરે જીવનમાં બુદ્ધ ભગવાનને ઉતાર્યા હતા. સ્વામીજીએ બૌધ્ધગયામાં જે વૃક્ષ નીચે ભગવાન બુદ્ધે તપ કર્યું હતું, ત્યાં જ તપ કર્યું હતું.

આમ વિચારોનું મૂળ અને વિચારોનું ઉદ્‌ગમ, વિચારોની પોતાના જીવનમાં તેમજ આચરણમાં સિંચાઈ બંને છે. અતિ મહત્ત્વનું ઈંધણ વ્યક્તિને આગળ વધવા માટે પૂરું પાડે છે. સ્વામીજી કે અન્ય કોઈપણ પોતે જે વિચારો લોકો સમક્ષ મૂકે છે તેનું પોતાના જીવનમાં આચરણ કરે તે વિચારો શક્તિ અને પ્રેરણા આપે જ છે. આવા સમાજમાં અસંખ્ય દાખલાઓ જોવા મળે છે.

આ પુસ્તક વિચારોનું સંકલન છે કે જેણે એક માનવને મહામાનવ બનાવ્યો, મસીહા બનાવ્યો. ગરીબો-દલિતો-ખેતમજૂરો-કામદારોનો મુક્તિદાતા બનાવ્યો

હતો. વિચારને અભિયાનનું સામર્થ્ય આપ્યું. રામજી સૂબેદારના ભીમાને ડૉ. ભીમરાવ રામજી આંબેડકર બનાવનાર વિચારોનું સમુદ્રમંથન આપની સામે પુસ્તક સ્વરૂપે મૂકવાનો પ્રયાસ કર્યો છે. સમુદ્રમંથનમાંથી નીકળનારું અમૃત રાષ્ટ્રને અર્પણ કર્યું છે. ડૉ. બાબાસાહેબ આંબેડકરે જીવનભર વિષના ઘૂંટડાં પીધાં અને તેને પચાવી રાષ્ટ્રના જન-જનમાં અમૃત ને અમૃત જ આપ્યું છે. ડૉ. આંબેડકર જીવનદર્શન રૂપે ભારતના ઉજ્જ્વળ ભવિષ્ય માટે અમૃત જ બચ્યું છે કારણ વિષ તો ડૉ. આંબેડકરે પચાવી લીધું હતું!

## कर्ण को शुद्र कहते है ।

कुंती की कोख से कर्ण एवं पांडव दोनो पैदा हुए थे पैदा होने के बाद भी ईतिहास का पहला अस्पृश्यता का शिकार कर्ण था । कौन था कर्ण? कर्ण एक उत्तम धनुर्धर था । मा कुंती की कोख से पैदा होने के बावजूद एक सारथी के घर में पला बढा । विश्व के गुरु परशुरामजी का शिष्य बनने के लिए अपनी पहचान

छुपाई पर उसने एक योद्धा के सभी गुण अर्जीत किए। विश्व का उस समय का कोई भी धनुर्धर उसे परास्त नहीं कर सकता था। अर्जुन भी नहीं। फिर भी उसे अस्पृश्यता का शिकार होना पडा।

अगर हम दुर्योधन एवं कर्ण की मैत्री के बारे में सोचे तो दुर्योधन को पता था की कर्ण एक महाबली योद्धा है। इसलिए अपना मित्र बनाया। उसका सभी प्रकार से उपयोग किया। उसे काफी समय बाद पता चला की कर्ण पांडव ही है। कर्ण को भी पता चला पर तब बहोत देर हो चुकी थी। कर्ण जानता था की वो पाप के पक्ष में युद्ध कर रहा है पर उसे अपना मित्रधर्म आडे आया और उसने अंत में पाप के पक्ष में ही जान गवाई। ऐसा कहा जाता है कि उसका अंतिम संस्कार सूर्यपुर में सूर्यपुत्री तापी के किनारे पर किया गया था। याने अगर उस वक्त कर्ण अस्पृश्यता का अनुभव न हुआ होता तो शायद कर्ण पांडव पक्ष में हो सकता था? याने एक महाबली भी अस्पृश्यता की भयानकता के चलते पापीयों की रक्षा में कार्यरत हो सकता है। यही स्थिति आज है अगर तथाकथित अस्पृश्य समाज को यदि

पांडवो का साथ न मिला तो कर्ण की तरह वो भी किसी देश के दुश्मन, समाज के दुश्मन दुर्योधन के पक्ष में युद्ध करने पर मजबुर हो सकता है।

यह स्थिति अपने समाज में है, अपने समाज में हज़ारो सालों से यह मनुवादी विचारधारा जो त्रेतायुग में थी, द्वापरयुग में भी चलती थी और कलयुग में भी विद्यमान है किसी न किसी प्रकार से किसी न किसी स्वरूप में राष्ट्र के समाजजीवन में जीवित है। अगर समाज को राष्ट्र को आगे बढना है तो ईस मनुवादी विचारधाराप्रेरित मानसिकता को बदलना होगा।

एकलव्य जैसा प्रखर धर्नुधारी को गुरूदक्षिणा के रुप में अपना अंगूठा दान में गुरु द्रोण को देना पडा, ज़रा सोचो क्युं?

मित्रो, क्योंकि वह एक शुद्र था। धनुर्धर अर्जुन से महान बाणवली था। तत्कालीन समाज की मानसिकता उसे महान धनुर्धर के रुप में स्वीकार करने हेतु तैयार नहीं थी।

किसी भी गुरु को या किसी भी राजा को यह मंझूर नहीं था की शुद्र समाज का व्यक्ति सवर्ण समाज के व्यक्ति से श्रेष्ठ धनुर्धर के नाते पहचाना जाए। एक प्रकार से शुद्र समाज को शिक्षा - दिक्षा का अधिकार नहीं था।

इसलिए एकलव्य को अपना अंगूठा देना पड़ा आज भी वनवासी समाज के बंधु तीर चलाते वक्त अपने अंगूठे का प्रयोग नहीं करते। यानी एकलव्य के समय से चली आ रही मनुवादी मानसिकता आज भी किसी न किसी प्रकार से समाज में जीवित है।

आज न राजा है न गुरु, फिर भी यह मानसिकता जीवित है।

# મનોગત....

## રસ્તો

રસ્તાની ખબર નથી તે કાપવા નીકળ્યો....
જે રસ્તે દોડી જાવ છો આપ!

તે રસ્તે ચાલવા નીકળ્યો...
મને ખબર નથી રસ્તાની તે રસ્તે ચાલવા નીકળ્યો...
ક્યાં છે ઠેકાણું તેની ખબર નથી
તે રસ્તે ઠેકાણું શોધવા નીકળ્યો...
ખબર નથી શિક્ષણ કે સેવાની
તે રસ્તે શિક્ષણ ને સેવા કરવા નીકળ્યો...
ખબર નથી માનવસેવા કે રાષ્ટ્રસેવાની

તે રસ્તે માનવને રાષ્ટ્રની સેવા કરવા નીકળ્યો...
ખબર નથી આત્મવિશ્વાસની
ત્યાં આભ માપવા નીકળ્યો...
તે રસ્તે આત્મવિશ્વાસને આત્મોદ્ધાર કરવા નીકળ્યો...

ખબર નથી ભારતની ભૂગોળની
તે રસ્તે ભારતભ્રમણ કરવા નીકળ્યો...
ખબર નથી ધર્મ, ભાષા કે પ્રાંતની
તે રસ્તે પ્રથમ રાષ્ટ્રને પછી રાષ્ટ્ર કહેવા નીકળ્યો...

ખબર નથી દેશના કાયદાની
તે રસ્તે કાયદાનું પાલન કરો કહેવા નીકળ્યો...
ખબર નથી હું શું કરું??
તે રસ્તે હું કહેવા નીકળ્યો

એક રાષ્ટ્ર, શ્રેષ્ઠ રાષ્ટ્ર.
જે રસ્તે દોડી જાવ છો!
તે રસ્તે ચાલવા નીકળ્યો...
ખબર નથી ઘોર અંધારપટની
તે રસ્તે જોવા નીકળ્યો...

ભૂતપૂર્વ બ્રિટિશ વડાપ્રધાન હેરાલ્ડ વિલ્સને કહ્યું હતું કે, 'અઠવાડિયું રાજનીતિમાં ખૂબ લાંબો સમય કહેવાય.'

જ્યારે ભારતવર્ષમાં એક બીજી ઘટના જોવા મળે છે. અટલજી દેશના પ્રધાનમંત્રી હતા. તેમણે ૨૪૦ દિવસ પહેલાં સત્તાને છોડી અને લોકમત લીધો. તેમણે સત્તા પરથી દૂર થવું પડ્યું. આજે દેશને આઝાદ થયે ૬૮ વર્ષ થયાં - આ દેશમાં અનેક યુનિવર્સિટી બનાવવામાં આવી, પરંતુ અનુસૂચિત જાતિ સમાજ માટે એક પણ યુનિવર્સિટી હજુ સુધી બનાવવામાં આવી નથી. આ દેશમાં

લઘુમતિ સમાજ માટે ૮ યુનિવર્સિટીઓ બનાવવામાં આવી છે. રાષ્ટ્ર માટે તે સારું છે. સૌથી ગરીબ, અશિક્ષિત, અનુસૂચિત જાતિ સમાજ માટે પણ એક યુનિવર્સિટી આ દેશમાં બને તે વિચારવાનો સમય આવી ગયો છે. આ દેશમાં અનુસૂચિત જાતિ સમાજ શિક્ષિત બને તેના માટે પ્રયાસ કરવો જ રહ્યો. ફક્ત ને ફક્ત દલિત દલિત જ રહે, ગરીબ-ગરીબ જ રહે તેનાં કરતાં ૨૦ કરોડ દલિત સમાજ રાષ્ટ્રના ઉત્થાનમાં સહભાગી બની રાષ્ટ્રને એક પ્રેરકબળ પૂરું પાડે તેવું આયોજન અને નક્કર યોજના સાથે વાતાવરણ નિર્માણ કરવું રહ્યું અને તો જ ભારત તેમજ ભારતમાતાના પરમવૈભવની આપણી કલ્પના સાકાર થશે.

આ દેશના મૂળતઃ નિવાસીઓના માટે ભારતમાં રાષ્ટ્રવાદને માનનારી સરકાર છે. આ સમયે અનુસૂચિત જાતિ સમાજના ઉત્થાન માટે દેશમાં મૂળતઃ નિવાસીઓ માટે ખૂબ જ જરૂરી છે, અનુસૂચિત જાતિના સમાજ (દલિત) માટે કંઈક કરી શકાય તેવું ભારતવર્ષમાં વાતાવરણ નિર્માણ થયેલું છે, અને રાષ્ટ્ર પાસે જ સમાજ અપેક્ષા પણ રાખી રહ્યો છે.

દેશની બે અલગ અલગ તસવીર દેશની રાજધાની દિલ્હીમાં તાજેતરમાં નજર સામે આવી. એક વર્ગ તમામ પ્રકારની સુખ સુવિધા ભોગવતો જોવા મળ્યો અને એક વર્ગ  પાસે પીવા માટે પૂરતું પાણી પણ ઉપલબ્ધ નથી! આવા સમયે ઘરની વાત કરવી એ અપ્રસ્તુત બની જાય છે. આવાં દૃશ્યો નજરોનજર નિહાળી મારી વેદનાને રોકી શક્યો નહિ. બાબાસાહબ આંબેડકર કહેતા તે સાચું જ છે કે ભારતમાં એક અલગ ભારત છે, જે પીડાઓ દુઃખદર્દ તેમજ અનેક પ્રકારની વેદનાઓ અને વિટંબણાઓનો સામનો કરી રહ્યું છે. “લોકશાહીની પહેલી શરત છે, સમાજમાં અતિવ્યાપ્ત ઊંચનીચનો ભાવ ન હોય, સમાજમાં કોઈ શોષિત કે દલિત વર્ગ ન હોય અથવા તો એક જ વર્ગ સઘળી સુવિધાઓનો લાભ ઉઠાવે અને એક વર્ગ કેવળ કષ્ટ સહેતો રહે, આવી પરિસ્થિતિમાં રક્તરંજિત ક્રાંતિના બીજ રહેલાં હોય છે. લોકશાહીમાં આવી ક્રાંતિઓને રોકવાનું સામર્થ્ય નથી. આ માટે સુખદેવ, રાજગુરુ, ભગતસિંહએ ફાંસીના માંચડે ઇન્કલાબ ઝિંદાબાદના નારા લગાવ્યા હતા?

ડૉ. આંબેડકરે અસ્પૃશ્યતાના નિવારણ અને કચડાયેલા વર્ગના ઉત્થાન માટે પોતાને મળેલી દરેક તકનો ઉપયોગ કર્યો. ૧૯ માર્ચ ૧૯૨૮ના રોજ લેજીલેસ્ટીવ કાઉન્સિલના સભ્ય તરીકે  તેમણે એક બિલ રજૂ કર્યું- બૉમ્બે હેરેડીટરી ઓફેન્સીસ ઍક્ટ ૧૮૭૪માં સુધારા રૂપે હતું. આ બિલની વિગત એવી છે કે સરકારી ખાતામાં નોકરી કરતા મહાર વ્યક્તિઓએ ૨૪ કલાક કામ કરવું પડતું, જો પોતે કોઈક કામે ગેરહાજર રહેવાનો હોય તો તેટલા સમય માટે અન્ય કોઈ વ્યક્તિને આ કામ કરવા માટે મુકવો પડતો. કમનસીબે એ પ્રયાસ કામયાબ ન રહ્યો. શ્રી એન.જી.ગોરે 'સાઉન્ડ'ના એપ્રિલ ૧૯૪૫માં ડૉ.આંબેડકર વિશે લખે છે કે કોઈપણ વ્યક્તિ ઝનૂનપૂર્વક ડૉ. આંબેડકર સાથે અસહમત હોવા છતાં જાડા કાચના ચશ્માધારી ડૉ. આંબેડકર વિશે આદર ધરાવ્યા વિના રહી ન શકે. પછાત જાતિમાં અતિ પછાત તરીકે જન્મ્યા હોવા છતાં સારી જગ્યા પૈકીની શ્રેષ્ઠ જગ્યા સુધી તે પહોંચી શક્યા છે. નિકોલસના મોટા ભાગના અવલોકનોની જેમ તે પણ અતિશયોક્તિપૂર્ણ હોવા છતાં પણ ડૉ. આંબેડકર ભારતના નેતાઓ

પૈકી સૌથી શ્રેષ્ઠ વિદ્વાનો પૈકીના છે તે બાબતનો ઇન્કાર થઈ શકે તેમ નથી. ભારત, ઇંગ્લૅંડ, અમેરિકા તેમજ જર્મનીએ તેમને શૈક્ષિણક પદવીઓ સમર્પિત કરેલ છે. તેમની કારકીર્દિમાં તેઓ અર્થશાસ્ત્રી, ધારાશાસ્ત્રી, શિક્ષણશાસ્ત્રી વિદ્વાન લેખક રાજકારણી અને લડવૈયા તરીકે રહેલ છે. ખરેખર કહી શકાય કે જે ક્ષેત્રોમાં ડૉ. આંબેડકર પ્રવેશે છે, તે ક્ષેત્રો તેઓ શોભાવે છે.

બાબાસાહેબના વિચારો સાથે મહાત્મા ફુલેના મનનીય ઉદ્‌ગારોનું સ્મરણ થવું સ્વાભાવિક જ છે. મહાત્મા ફુલેએ કહ્યું હતું કે, ‘આ હિંદુસ્તાનના બધા શૂદ્રાતિશૂદ્ર, ભીલ, કોળી વગેરે વિદ્વાન બનીને વિચાર કરવા યોગ્ય નહીં થાય ત્યાં સુધી એ એક રાષ્ટ્ર નહીં બની શકે.’

લિ.

**નાથુ સોસા**

# ડૉ. આંબેડકરની આપવીતી એમના જ શબ્દોમાં

ડૉ. આંબેડકર એકવાર મહાત્માજીની મુલાકાતે ગયા હતા. ત્યાં ગાંધીજીના મંત્રી શ્રી મહાદેવભાઈ દેસાઈ સાથેની વાતચીતમાં તેમણે પોતાની આપવીતી જણાવી હતી. તે આખી શ્રી મહાદેવભાઈએ 'હરિજનબંધુ'માં ઉતારી હતી, જે ત્યારબાદ 'સર્વોદય'માં 1936ના અંકમાં છપાઈ હતી.

ડૉ. આંબેડકર કહે છે...

'રત્નાગિરિ જિલ્લાના એક ગામમાં મારો જન્મ. દાપોલી એક તાલુકો છે. દાપોલીની શાળામાં મેં અભ્યાસનો આરંભ કરેલો, પણ મારા અપમાનિત જીવનના અભ્યાસનો આરંભ પણ ત્યાંથી જ થયો. અમને શાળામાં તો બેસવાનું હોય જ શેનું? બહાર ઓટલા ઉપર અથવા ચોગાનમાં એકડે એકથી કે છેલ્લાં ધોરણ સુધી ભણનારા મહાર છોકરાઓની સાથે બેસવાનું. શિક્ષકની એકવાર મહેરબાની થાય તો પૂછે 'અલ્યા, બરોબર પાઠ કરો છો કે?' આમાં કંઈ મારો

દહાડો નહિ વળે એમ સમજીને મારા પિતા મને સાતારા લઈ ગયા. મારા બાપદાદા બધા લશ્કરી અમલદારો હતા. મારા પિતાને લશ્કરી પેન્શન મળતું હોવાથી એમનો દરજ્જો કંઈ નીચો ન કહેવાય, પણ અમને હજામ ન મળે. મારી એક બહેન અમો છ ભાઈભાંડુઓની હજામત કરતી. સાતારા હાઈસ્કૂલમાં પણ જુદા બાંકડા ઉપર બેસવાનું હતું. મારી સંસ્કૃત શીખવાની ઇચ્છા હતી, પણ સંસ્કૃત શિક્ષક મને વર્ગમાં ન બેસવા દે એટલે મારે ફારસી લેવું પડ્યું. આથી મુંબઈ ગયો. મુંબઈમાં એક શાળામાંથી મૅટ્રિક થઈને હું એલ્ફીસ્ટન કૉલેજમાં ગયો. ત્યાં બી. એ. થતાં પહેલાં મારી હાડમારીઓની વાત શ્રી સયાજીરાવ ગાયકવાડને કાને કોઈ મિત્રે પહોંચાડી. એમણે મને સ્કૉલરશિપ આપીને અમેરિકા મોકલ્યો. આ થોડાં મહિના હું વડોદરા હતો ત્યારે લશ્કરી છાવણીનાં મકાનોમાં હું રહેતો.'

'ત્યારે, તમને રહેવાનું સ્થાન જ ન મળેલું એ વાત તો પછીની છે?'

‘હા, એ વાત તો હું અમેરિકાથી દાક્તરની ડિગ્રી લઈને આવ્યો ત્યાર પછીની. હું ડિગ્રી લઈને આવ્યો તો ખરો પણ રહેવા કરવાનું ઘર ન મળે. ગાયકવાડ સરકારને કહ્યું, મને કૉલેજમાં પ્રૉફેસર નીમો તો સારું કે રહેવાની જગ્યા તો મળે, પણ મારા નાણાશાસ્ત્રના જ્ઞાનનો ઉપયોગ એમને કરવો હતો એટલે એમણે મને નાણાખાતામાં મૂક્યો. મારી વિટંબણાનો પાર ન રહ્યો ઘર માટે ભટકી ભટકીને થાક્યો, પણ ઘર ન મળે. એક પારસી ધર્મશાળા હતી ત્યાં જઈને ઊભો. હું પારસી નહિ એટલે મને રાજીખુશીથી લે તો શેના જ? પણ ધર્મશાળામાં બીજું કોઈ ન હતું. એના રક્ષકે મને યુક્તિ બતાવી. પારસી નામ ધારણ કરીને રહું તો રાખવાનું બની શકે એમ એણે કહ્યું. મેં પારસી નામ ધારણ કર્યું અને રહ્યો. થોડાંક દિવસ તો આ ચાલ્યું, પણ હું અગાઉ લશ્કરી છાવણીમાં રહેતો હતો ત્યારે મને જે લોકોએ જોયેલો તેવાંઓએ મને ઓળખી કાઢ્યો. એક દિવસ પારસી જુવાનોની ટોળી લાઠીઓ લઈને આવી અને મને કહ્યું, ‘નીકળ! નહિ તો તારો જાન જશે.’ મેં એમને સાંજ સુધી રહેવા દેવાની આજીજી કરી

અને સાંજે નીકળ્યો. મિ. સેમ્યુઅલ જોષીએ એકવાર મને તેમને ત્યાં રહેવાનો આગ્રહ કર્યો હતો. એનો લાભ લેવાનું મન થયું. હું ગયો તો ખરો, પણ મિ. સેમ્યુઅલ જોષીનું મન ન જોયું. પછી ગયો સ્વ. કુડાલકરને ત્યાં એ મારા મિત્ર હતા. સારો સંબંધ રાખતાં એમણે મને રાખવાનું તો કહ્યું, પણ સાથે જણાવ્યું કે નોકરને ખબર પડી તો બધાય ભાગશે, ન રસોઈયો રહેશે કે ન બીજા ચાકર રહેશે. મારે એમને એટલી અગવડમાં શા સારું મૂકવા? હું વડોદરાથી ભાગ્યો અને મહારાજા સાહેબને મુંબઈથી કાગળ લખી મારી વિટંબણાઓનો ચિતાર આપ્યો. તેમણે મને પાછું વડોદરા જવાનું કહ્યું. હું ગયો, રાજ્યના અતિથિગૃહમાં રહ્યો, રોજના છ રૂપિયા વીસ દિવસ સુધી ભર્યા, પણ ગાયકવાડ સરકારની મુલાકાતનો પત્તો જ ન લાગ્યો. હું પાછો ભાગ્યો.'

'આ તો, તમે કહેશો, બધી જૂની કથા થઈ. હમણાં પંદર દિવસ ઉપર શું થયું એ કહું? સોપાલામાં અમારી એક પરિષદ હતી. એક ટેક્સીવાળાને અમે રોકેલો હતો. એને પૈસા પણ આપેલાં હતાં, પણ રૂપિયા એ ગળી ગયો અને દર્શન ન જ

દીધા. ટાંગાવાળાઓની ખુશામત કરી, પણ કોઈ જ દાદ ન દે. અમારા બધાઓનો બહિષ્કાર જ હતો. નાનપણમાં હજામ નહોતો મળ્યો એ તો મેં તમને કહ્યું છે જ, પણ આજે અમારા લોકોને મુસલમાન સિવાય બીજા હજામ મળે છે કે? અને મુસલમાન સિવાય બીજા ન હોય એટલે મુસલમાનો માંગ્યું લે. અમારે માટે કોઈ હૉટલ ખુલ્લી છે કે?

આમ અમે બધે હાડ-હાડ થઈએ છીએ ત્યાં રહેવામાં શો ફાયદો? વડોદરામાં મારા ઉપર જે વીતી તેનો વિચાર કરતાં મને આંસુ આવે છે. વડોદરાથી નીકળતાં તો હું સારી પેઠે રોયો હતો જ. મહારાજા સાહેબે તો મારે માટે જેટલું થાય તેટલું કર્યું, તેમનો તો હું કૃતજ્ઞ છું જ, પણ હાડ-હાડ થવું કોને ગમે?''

આ બધી વાતથી અમને શરમ આવે છે, દુઃખ થાય છે, પણ પરિસ્થિતિ બદલાઈ છે અને ઝપાટાબંધ બદલાતી ચાલે છે, તમે દુઃખી થયા તો આજે તમારી સાથે એટલા જ દુઃખી થવાને માટે કહેવાતાં સવર્ણો તૈયાર છીએ, કેટલાંય

સનાતની સવર્ણો એ ભયાનક ત્રાસ ખમી રહ્યાં છે. તમને સેંકડો હિંદુ ઘરોમાં આવકાર મળ્યા વિના રહે કે? મહાદેવભાઈએ કહ્યું.

'હું તો કશું પરિવર્તન નથી દેખતો. મહાડમાં શું થયું? તમે થોડાં અમારી સાથે દુ:ખી થાઓ એમાં અમારું શું વળ્યું? જમનાલાલજીએ એમના ઉપર વીતેલી વર્ણવી, પણ મને તો એનાથી ઊલટી જ અસર થઈ. મને એમ થયું કે જ્યારે તમને આટલું દુ:ખ વેઠવું પડે છે તો અમારો તો કોઈ દિવસ આરો જ નથી.

પણ ડૉ. આંબેડકરની સાથે આ વાતોમાં દલીલ નથી થતી. સંકટ સહન કરીને બીજાના દિલનો પલટો કરવાની નીતિ એમને પસંદ નથી. એમણે કહ્યું : અમારી સાથે કેટલા હિંદુઓ છે? મને આવકાર મળે તેમાં શું વળ્યું? બીજાઓનું શું? અને ખોબા જેટલા સુધારકોને કોણ સાંભળે છે? તમે પરિવર્તન જુઓ છો, તમે આશાવાદી જણાઓ છો ને આશાવાદીની વ્યાખ્યા? પોતાના દુ:ખને નહિ, પણ બીજાના દુ:ખને સુખ તરીકે જુએ એ આશાવાદી!

આ છેલ્લાં વાક્યમાં એમની કડવાશ નીતરતી હતી. એ કડવાશની સામે દલીલ કામ નથી કરતી, કડવાશનું ઓસડ હોય જ નહિ. આપણે વધાર આત્મશુદ્ધિ કરીએ, કડવાશ છતાં એમને મીઠાશથી જીતવાના પ્રયત્ન ચાલુ રાખીએ, વધુ ને વધુ હરિજનોને અપનાવતા જઈએ એ જ ઉપાય છે. આત્મશુદ્ધિ અને પ્રેમમય સેવા એ જ આજના ગૂંગળાવતાં અંધકારમાં આપણે માટે ધ્રુવતારા સમાન છે.

('સર્વોદય', ૧૯૩૬)

# વિદ્યાર્થીઓ જાગો...

રવિવાર તા. ૧૧-૯-૩૮ના રોજ પૂણે ખાતે યોજાયેલાં ૧૧મા અસ્પૃશ્ય વિદ્યાર્થી સંમેલનમાં
ડૉ. **બાબાસાહેબ આંબેડકરે** અધ્યક્ષસ્થાનેથી આપેલ ભાષણ

આજનું સંમેલન જોકે, વિદ્યાર્થીઓનું છે. આમ છતાં અહીં બેઠેલાં સમૂહ તરફ નજર ફેરવીએ તો અહીં વિદ્યાર્થીઓ કરતાં વિદ્યાર્થી નથી તેવા લોકો જ વધુ સંખ્યામાં નજરે પડે છે. જેવી રીતે ભાતની ખીચડીમાં ચોખા કરતાં દાળ જ વધુ પડતી પડી જાય તેવો ઘાટ આ સંમેલનનો થયો છે. જ્યારે આમ જોવા જઈએ તો જે અર્થમાં આ 'વિદ્યાર્થી સંમેલન' છે, ત્યારે વિદ્યાર્થીઓને ઉપદેશના બે શબ્દો કહેવા એને હું મારી ફરજ માનું છું, કારણ કે આજે હું અહીં આવ્યો છું તે વિદ્યાર્થીઓનાં સંમેલન માટે આવ્યો છું. આજના સંમેલનનું અધ્યક્ષપદ સ્વીકારતાં પહેલાં મેં કાર્યકારી મંડળ સામે કેટલીક શરતો મૂકી હતી. તે બધી શરતો વિદ્યાર્થીમંડળે માન્ય રાખી હોવાથી આજના આ સંમેલનની વૈભવતા અને

ભવ્યતા (એટલે કે ચમક-દમક) જરાક ઓછી લાગતી હશે. મારું ભાષણ મુખ્યત્વે વિદ્યાર્થીઓ માટે જ હોવાથી અન્ય લોકોને તે નીરસ લાગશે તેવો સંભવ છે. અલબત્ત, વિદ્યાર્થીઓને તે જરૂર ગમશે એવું મારું માનવું છે. વિદ્યાર્થીઓએ મને આવી તક આપી તે માટે તેમનો આભાર માનવો એને મારી ફરજ સમજું છું.

મારું જીવન તો હાલમાં ગામડામાં વસતાં અભણ, અણઘડ અને જુલમ-અત્યાચારથી ત્રસ્ત થયેલા એવા લોકોની ફરિયાદો સાંભળીને તેમનું નિવારણ કરવામાં અને તેઓની આ ફરિયાદોનું સુખદ નિવારણ કઈ રીતે કરી શકાય તેની ચિંતામાં પસાર થઈ રહ્યું છે, તેના કારણે વિદ્યાર્થી વર્ગ તરફ જોઈએ તેટલું પૂરતું ધ્યાન આપવા માટે મને અવસર મળતો નથી. તેથી હું વિદ્યાર્થીઓ તરફ દુર્લક્ષ સેવી રહ્યો છું એવી ગેરસમજ કેટલાક લોકોને થઈ છે અને ક્યારેક ક્યારેક એવો સૂર પણ મારા કાને પડયો છે, પરંતુ સૌપ્રથમ એક વાત હું તમને કહેવા માગું છું કે એક એકલો અટુલો માણસ તેમનાં જીવન દરમિયાન વિવિધ પ્રકારનાં કાર્યો ઉત્તમ રીતે પાર પાડી શકતો નથી. આ બાબતમાં એક ગ્રંથકર્તાનું

સુભાષિત મને યાદ આવે છે, “If you want success you must be narrow minded.” આ વાક્યમાં બહુ જ મોટો અર્થ સમાયેલો છે, કારણ કે એકલો, અટુલો માણસ બધાં જ કામો ‘હું ખરેખર એકલા હાથે કરીશ’ એમ કહે, પરંતુ તેમ કરવું તેના માટે ખરેખર અશક્ય જ છે.

એક કાર્ય પણ વ્યવસ્થિત રીતે પાર ન પાડવું અને બીજાં અનેક કામમાં હાથ નાખવો એ યોગ્ય નથી. આપણા સમાજની દૃષ્ટિએ વિચારીએ તો આપણી પાસે ઉપલબ્ધ સાધન સામગ્રી બહુ અલ્પ છે. તેથી માણસે નાનાં નાનાં કાર્યો હાથ પર લઈને તેને પાર પાડવાની કોશિશ કરવી જોઈએ, એ જ ઉત્તમ માર્ગ છે અને તેથી જ દીન-દૂબાળાં, સ્પૃશ્ય સમાજના જુલમથી ત્રસ્ત થયેલાં, અણઘડ સમાજના કાર્યનો બોજો મેં મારા માથે લીધો છે અને તે કાર્યને લીધે જ વિદ્યાર્થીઓ તરફ જેટલું ધ્યાન આપવું જોઈએ તેટલું ધ્યાન આપવું શક્ય બન્યું નથી. તેનો અર્થ એવો થતો નથી કે હું વિદ્યાર્થીઓના વિરોધમાં છું. ઊલટાનું, હું રાજકારણ, સમાજકાર્યોમાં પરોવાયો છું, છતાં પણ હું આજન્મ વિદ્યાર્થી જ છું.

તેથી વિદ્યાર્થી જ વિદ્યાર્થીનો વિરોધ કેવી રીતે કરી શકે? મારે જરૂરી અભ્યાસ માટે વારેઘડીએ જરૂરી પુસ્તકો ખરીદવાં પડે છે. આજના દિવસે મારા પર ₹ ૧૦૦૦/- પુસ્તકો ખરીદવાનું દેવું છે. આવું હોવાં છતાં મારી શાખ ખૂબ જ મોટી બંધાયેલી છે. તે હજુ ટકેલી છે. મુંબઈની કોઈપણ પુસ્તકની દુકાનમાંથી હું પુસ્તક ઉધારીમાં લાવી શકું છું, પરંતુ મારા વિદ્યાર્જનના-જ્ઞાનપ્રાપ્તિનાં કાર્યમાં જરાય વિક્ષેપ પડવા દેતો નથી, કારણ કે વિદ્યાની ઉપાસના એ મારું ખૂબજ ઊંડું વ્યસન બની ગયું છે. તેથી હું વિદ્યાર્થીઓનો વિરોધી કઈ રીતે હોઈ શકું?

વિદ્યાર્થીઓએ વિદ્યાપ્રાપ્તિ કર્યા બાદ ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કર્યા પછી કેવી રીતે વર્તવું જોઈએ એ અંગે ઉપદેશ આપવા અંગે વિચારીને હું ભારે અવઢવમાં પડ્યો છું, કારણ કે મારો ગૃહસ્થાશ્રમ ફોગટમાં જ ગયો છે. આમ છતાં વિદ્યાર્થીઓએ વિદ્યાર્થી અવસ્થામાં કેમ વર્તવું તે બાબતમાં હું મારા સ્વ અનુભવના આધારે કંઈક તો કહી શકીશ. જે સમાજમાં છેલ્લાં હજારો વર્ષો સુધી કોઈ પણ જાતનું શિક્ષણ નહોતું તે સમાજના પુષ્કળ સ્વાનુભવના આધારે

કંઈક તો કહી શકીશ. તે સમાજના પુષ્કળ લોકો હમણાં બી.એ, એમ.એ. વગેરે વિદ્યાપીઠોની પદવીઓ લઈને બહાર આવતાં જોઈને કોને સંતોષ ન થાય? પહેલાંના વખતમાં તો આપણા સમાજમાંથી બી.એ.ની પદવી મેળવનાર નામ માત્ર મળતાં નહોતાં. થોડાંક વર્ષો પહેલાં કૃષ્ણા જિલ્લામાં આપણા સમાજની એક વ્યક્તિ પ્રથમ બી.એ. પાસ થઈ હતી. તેના કારણે તે માણસ એટલી બધી પ્રસિદ્ધિ પામ્યો કે તેનું નામ માત્ર લખીને તેની આગળ બી.એ. લખો એટલે પોસ્ટમેન તે પત્ર તેને જ જઈને આપી દેતો. બી.એ. પાસ થવાથી તે આટલો બધો જાણીતો બની ગયો હતો. આજે તો આપણા સમાજમાં ઘણાં બી.એ. પાસ છે. આટલું જ નહીં, પણ જો રમૂજમાં કહેવું હોય તો એમ કહી શકાય કે અહીં હાજર રહેલા લોકો વચ્ચે જો કાંકરી ફેંકીએ તો તે બી.એ. પાસ થયેલાને જ વાગશે! બી.એ. પાસ થયેલા કેટલાક લોકો અહીં આજે બેઠાં હશે, તેમણે એક વાત ધ્યાનમાં રાખવી જોઈએ કે આપણે જે લોકો સામે ટક્કર લેવાની છે તેઓ આગળ પડતા અને વધુ હોશિયાર છે.

આજના જીવનસંઘર્ષની લડાઈમાં આગળ વધેલ લોકો કરતાં આપણે જો પાછા પડીશું તો આપણી સુરક્ષા નહીં રહે, કારણ કે આજે સર્વ સત્તાધારી સ્થાનો પર આગળ પડતાં લોકો જ બેઠાં છે. નોકરી મેળવવા માટે કોઈ પણ ઑફિસમાં જાવ તો ત્યાંના વરિષ્ઠ અધિકારીગણ પોતાનાં જ સગાંઓની ભરતી કરતાં હોય છે, એ એક ખુલ્લું નગ્ન સત્ય છે. માત્ર બી.એ. પાસ થવાથી તમને નોકરી મળશે નહીં, આગળ પડતી ઉપલી જાતિના લોકો સાથે સ્પર્ધા કરીને ત્યાં તમારી બુદ્ધિનો પ્રભાવ પાડ્યા વગર કેવળ શિક્ષણનાં મૂલ્યથી કંઈ જ સફળ થશે નહીં. અથવા તો આગળ પડતી ઉપલી જાતિના લોકો આપણાંથી દબાશે નહીં. ઊલટાનું આજે સૈકાઓથી આપણને અને આપણાં પૂર્વજોને તેમણે દબાવી રાખ્યા, તેઓ તમને દબાવ્યા વગર રહી શકશે નહીં. તેથી તમે જે શિક્ષણ પ્રાપ્ત કરી રહ્યા છો તે એવું પ્રાપ્ત કરો કે જેથી આપણાં બધા વિદ્યાર્થીઓ ઉત્તમ કક્ષાના ઘડવા જોઈએ. અણઘડ મા-બાપના પેટે જન્મ લઈને જો બી.એ. થાવ તો દુરાભિમાન રાખશો નહીં. આપણી ફરજનું ભાન રાખીને ધગશથી ભણો. હું સૌ

પ્રથમ બૅરિસ્ટર થઈને આવ્યો ત્યારે 'મહારડા બૅરિસ્ટર' (મહાર જાતિનો એવો અપમાનજનક શબ્દપ્રયોગ) એવું સંબોધીને મને હીન બતાવીને આગળ પડતી જાતિના લોકો મને બૅરિસ્ટર કહેતા હતા, પરંતુ મેં મારી યોગ્યતા સાબિત કરી બતાવી તેમનાં મોઢાં બંધ કર્યાં હતાં.

મોટું સાહસ કર્યા વગર આપણને મહત્ત્વ મળતું નથી. અન્ય સમાજ માટે એવું નથી. જ્યારે આપણે સોનાના મૂલ્ય જેટલું કામ કરીશું, ત્યારે જઈને ઇતર વર્ગના લોકો તે કાર્યને કથીરના મૂલ્ય જેટલું મૂલ્યવાન લેખાશે. તેઓ કથીરના મૂલ્યનું કાર્ય કરશે તો પણ તે સોના જેટલું મૂલ્યવાન ગણાશે. એવો આજનો વ્યવહાર બની ગયો છે. આપણે જોઈએ છીએ કે, જો એકાદ મહાર, માંગ કે ચમારબહેન સોનાનાં દાગીનાં પહેરશે, પણ તે નકલી કે ખોટાં છે એવી સમજણ એ ઊંચા કહેવાતા વર્ગો કરી લેતા હોય છે. તેવી જ રીતે આ આગળ પડતા કહેવાતા ઊંચા લોકોની સ્ત્રી પિત્તળનાં દાગીનાં પહેરશે તો પણ તે સોનાનાં જ હશે એમ જ સમજવામાં આવે છે. તે મુજબ જ ઇતર બાબતોમાં પણ આપણી ગણતરી ઊતરતી કક્ષાની

કરવામાં આવે છે. આપણે કોઈ પણ કાર્ય જ્યારે તેમનાં કરતાં શતશઃ સારું કરીશું ત્યારે જઈને તેમની બરોબરીમાં આપણી ગણતરી લેખાશે. આ બધું કરવા સારુ આપણામાં ભરપૂર આત્મવિશ્વાસ નિર્માણ કરવાની જરૂર છે.

આત્મવિશ્વાસ જેવી બીજી કોઈ દૈવીશક્તિ નથી. આપણે આપણો આત્મવિશ્વાસ ગુમાવવો ન જોઈએ. દા.ત. કુસ્તી રમવા માટે અખાડામાં ઊતરેલો પહેલવાન જો સામેવાળા પહેલવાનની જાંઘ પર થાપ મારીને કરાતાં હોંકારા-પડકારાથી ગભરાઈને તેના હાથ-પગ ઢીલા પડી જાય તો તે કાંઈ પણ ન જ કરી શકે. હું તો કાયમ એમ જ કહેતો હોઉં છું કે, હું જે કરીશ તે થઈને જ રહેવાનું છે. અર્થાત્ એ બધું હું આત્મવિશ્વાસના આધારે જ કહેતો હોઉં છું. આવું કહેવાથી કેટલાંક લોકો મને અહંકારી, મિથ્યાભિમાની વગેરે કહી મારી નિંદા કરતાં હશે. ખરેખર આ મારો અહમ્ કે મિથ્યાભિમાન નથી, પણ આત્મવિશ્વાસ છે. જેને લીધે હું છાતી ઠોકીને કહી શકું છું. હું મનમાં ધારું તો સવા લાખનું કામ સહેલાઈથી કરી દઈશ. હું પણ તમારી જેમ એક મહારબાઈના પેટે જન્મ્યો

છું. ગરીબીની દૃષ્ટિએ વિચારીએ તો આજના ગરીબમાંય ગરીબ વિદ્યાર્થી કરતાં તે વખતે મને કોઈ સારી સગવડ કે અનુકૂળતા નહોતી. મુંબઈના ડૅવલપમેન્ટ ડિપાર્ટમેન્ટની ચાલીમાં દસ બાય દસની એ ખોલીમાં મા-બાપ, ભાઈઓ સાથે રહીને એક પૈસાનું ઘાસતેલ વાપરીને, અભ્યાસ કર્યો છે. એટલું જ નહીં પણ બીજી પણ અનેક અગવડો અને સંકટોનો તે સમયે સામનો કરીને જો હું આટલું કરી શક્યો તો તમને આજનાં સાધન-સામગ્રીથી સજ્જ એવા સમયે તે અશક્ય કેમ હોઈ શકે?

કોઈ પણ માણસ સતત દીર્ઘ પરિશ્રમ દ્વારા જ પરાક્રમી અને બુદ્ધિમાન બની શકે છે. કોઈપણ માણસ કુદરતી રીતે બુદ્ધિમાન અથવા પરાક્રમી જન્મી શકે નહીં. હું વિદ્યાર્થી અવસ્થામાં જ્યારે ઇંગ્લૅંડમાં હતો ત્યારે જે અભ્યાસક્રમ ૮ વરસે પૂરો થતો, તે અભ્યાસ મેં ૨ વર્ષ ને ૩ મહિનામાં સફળતાથી પૂરો કર્યો. તેના માટે મારે ૨૪ કલાકમાંથી ૨૧ કલાક અભ્યાસ કરવો પડ્યો હતો. આજે ચાલીસ વર્ષની ઉંમરે પણ હું ૨૪ કલાક પૈકી ૧૮ કલાક હજી ખુરશી પર બેસીને કામ

કરું છું. આજકાલના યુવાનોને તો અર્ધો કલાક સતત ભણવા બેસે તો તેને ચપટી પર ચપટી છીંકણી નાકમાં ભરવી પડે છે, નહીંતર સિગારેટ ફૂંકીને હાથપગ લાંબા કરીને થોડીવાર ઝપકી લીધા વગર ઉત્સાહ આવતો નથી. મને તો આ ઉંમરે પણ આજે આ પૈકીની કોઈપણ વસ્તુની જરૂર મહેસૂસ થતી નથી.

ખૂબ જ પરિશ્રમ અને મહેનત કરવાથી જ જશ પ્રાપ્ત થાય છે. નવી પદવી મેળવવાથી જ કશું પ્રાપ્ત થતું નથી, કારણ કે પદવી એટલે જ્ઞાન નથી, માત્ર શિક્ષકની મદદ વગર જ્ઞાનાર્જન કરવા માટે ભેગી કરેલી સાધન-સામગ્રી છે. વિશ્વવિદ્યાલયની પદવીઓ અને બુદ્ધિમત્તા વચ્ચે કોઈ જ સંબંધ નથી. આ બાબતમાં એક રસપ્રદ દાખલો આપની જાણ ખાતર હું કહું છું. મરહૂમ ૭મા એડવર્ડ પછી પંચમ જ્યૉર્જ જ્યારે ૧૯૧૧ની સાલમાં ગાદી પર આવ્યા ત્યારે તેઓ હિંદુસ્તાનમાં આવીને ગયા બાદ હિંદુસ્તાનમાં વિશ્વવિદ્યાલયોને કેટલાયે લાખ રૂપિયાની ગ્રાંટ આપી. અર્થાત્ તે ગ્રાન્ટની રકમનો ઉપયોગ કરીને ગણિતશાસ્ત્રના નિષ્ણાત એવા પ્રૉફેસરને બોલાવીને તેનો લાભ આપણા દેશને આપવાનું નક્કી કરવામાં આવ્યું અને

તે મુજબ તે પ્રૉફેસરને બોલાવવામાં આવ્યા. અહીં આવ્યા પછી એવું નક્કી કરવામાં આવ્યું કે જેઓએ એમ.એ. પાસ કર્યું હશે એ જ તેમના વર્ગમાં હાજર રહી શકશે.

તે વખતે મદ્રાસ ખાતે રેલવેની ઑફિસમાં રામાનુજ નામનો ક્લાર્ક મહિને ₹૨૦/-ના પગારથી નોકરી કરતો હતો. તે પોતાનું કામ સંભાળીને એ ગણિતના નિષ્ણાતનાં વ્યાખ્યાનો સાંભળવાની તીવ્ર ઇચ્છા ધરાવતો હતો. તેથી તેણે પોતાને આ વ્યાખ્યાનમાં હાજર રહેવાની પરવાનગી આપવામાં આવે એવી વિનંતી કરી, પરંતુ રામાનુજ તો માત્ર મૅટ્રિક જ પાસ હતો. 'તેથી જો એ આ ક્લાસમાં આવશે તો કાંઈ સમજી શકશે નહીં'. એવું ગણિત નિષ્ણાતને લાગ્યું. છતાં પણ રામાનુજની ઇચ્છા હોય તો તે વર્ગમાં હાજર રહી શકશે એવી પરવાનગી આપવામાં આવી. રામાનુજે તે પ્રૉફેસરના ૫-૬ વ્યાખ્યાનો સાંભળ્યાં, પરંતુ દરેક વ્યાખ્યાન વખતે તે ગણિત નિષ્ણાતનાં વ્યાખ્યાન સાંભળવાને બદલે પોતાની નોટમાં બીજું જ કાંઈક લખતો રહેતો. તેથી પ્રૉફેસરે ગુસ્સે થઈને તેને સખત ઠપકો આપ્યો, 'તને આપેલી તકનો તું ગેરલાભ ઉઠાવે છે' એવું પણ કહ્યું. તેનો

વિવેક સાથે જવાબ આપતા રામાનુજે કહ્યું, 'મહાશય આપ આજે ગણિતના પ્રમેય ભણાવી રહ્યા છો તે તો મેં મારી વિદ્યાર્થી અવસ્થામાં જ ઉકેલી નાંખ્યા છે. એટલે આમાં તો મને કાંઈ જ નવું દેખાતું નથી... એટલું જ નહિ પણ આનાથી આગળના પ્રમેયો પણ મેં મારી નોટબુકમાં ઉકેલી નાંખ્યા છે, તે નોટ પણ મારી પાસે છે.' ગણિતના પ્રૉફેસરે તેની નોટબુક તપાસી. રામનુજે ગણિતશાસ્ત્રની મોટી મોટી અજબગજબની આંટીઘૂટીઓ ઊકેલી નાંખી હતી. એનાથી ખુશ થઈને આ પ્રૉફેસરે ગવર્નમેન્ટ ઑફ ઇંડિયાને લખી જણાવ્યું કે, 'જે વ્યક્તિ ગણિતશાસ્ત્રમાં આટલો બધો પારંગત છે તેને મહિને ₹ ૨૦/-ના પગારની કારકુન તરીકેની નોકરીએ રાખવામાં આવ્યો છે એ ભારે દુઃખદ ઘટના છે.' પ્રૉફેસર આટલાથી જ ના અટક્યા, તેમણે રામનુજ ગણિતશાસ્ત્રમાં નિષ્ણાત હોવાથી તેનાં જ્ઞાનનો લાભ લેવા માટે તેને મોટા પગારે લોકોને ભણાવવા માટે વિલાયત લઈ ગયા અને પોતે પણ રામાનુજના વિદ્યાર્થી બની ગયા. રામાનુજ બ્રાહ્મણ હોવાથી તેનું બ્રાહ્મણત્વ તેની આડે આવ્યું. તેમણે વિલાયત જતી વેળાએ પોતાની સાથે રસોઈની જરૂરી

બધી સામગ્રી લઈ ગયા હતા. ઈંટોનો ચૂલો બનાવીને તેના પર જાતે રસોઈ બનાવીને જમતા હતા. યુરોપિયનો યવન છે તેથી તેમનો સ્પર્શ થવાથી સવાર-સાંજ ઠંડા પાણીથી નહાવું પડતું. ઇંગ્લૅંડમાં હાડકાં થીજાવી દેતી ઠંડીમાં યુરોપિયનો જ્યારે બહુ બહુ તો શુક્રવારે જ સ્નાન કરતા હતાં ત્યારે અમારો આ પઠ્ઠો રોજ-રોજ સવાર-સાંજ ઠંડા પાણીથી સ્નાન કરી લેતો. સ્નાન કરવાને કારણે તેને ન્યૂમોનિયા થયો અને તેમાં જ તેમનો અંત આવ્યો.

તેની જેમ જ લિબરલ પક્ષના શ્રી ચિંતામણી બહુ જ બુદ્ધિશાળી, હોશિયાર તરીકે જાણીતા છે. તે સિવાય તેઓ આખા હિંદુસ્તાનમાં પ્રથમ દરજ્જાના સંપાદક અને લેખક તરીકે પણ ખ્યાતનામ હતા. આપણા વિદ્યાર્થીઓની એવી સમજણ થઈ હોય એવું લાગે છે કે બી. એ.ની પદવી મેળવી લીધી એટલે હવે આગળ કશું ભણવાનું રહેતું નથી. ખરેખર તો બી.એ. થયા પછી બહુ બહુ તો શિક્ષક વગર પણ સ્વતંત્ર રીતે અભ્યાસ કરી શકાય છે. એટલે જે ભણવાનું છે તે હવે પછી જ ભણવાનું છે. માણસ જો જિંદગીભર ભણવાનું ધારે તોપણ તે

વિદ્યાસાગરના કાંઠે રહેવા છતાં માંડ ગોઠણ જેટલા જ્ઞાન સુધી જ બહુ બહુ તો જઈ શકે.

## શીલનું મહત્ત્વ

વિદ્યાની સાથે જ આપણામાં શીલ-ચારિત્ર્ય પણ હોવું જોઈએ. નૈતિકતા વગર વિદ્યા ફોગટમાં જ જાય છે, કારણ કે વિદ્યા એક શસ્ત્ર છે. કોઈની પાસે જો વિદ્યાનું શસ્ત્ર હશે અને તે ચારિત્ર્યશીલ હશે તો તેનાથી તે એકનું તો રક્ષણ કરશે. જો તે જ વ્યક્તિ પાસે ચારિત્ર્યશીલતા નહીં હોય તો તે વિદ્યાના શસ્ત્રથી બીજાનો ઘાત કરશે. વિદ્યા એ તલવારની ધાર જેવી છે, પરંતુ તેનું મહત્ત્વ તેને ધારણ કરનારા ઉપર અવલંબિત છે કારણ કે અણઘડ માણસ કોઈનેય છેતરી શકતો નથી. કોઈને કેમ છેતરવા એની તેને ખબર હોતી નથી, પણ ભણેલા-ગણેલા લોકો પાસે કોને કેવી રીતે છેતરવા અને આ રીતે છેતરવા માટે જરૂરી યુક્તિ-પ્રયુક્તિઓ પણ તેની પાસે હોવાથી તે સાચાને ખોટું અને ખોટાને સાચું

ઠસાવીને છેતરામણ કરી શકે છે. દરેક ગામડાંના બ્રાહ્મણો, વાણિયા અને બીજા ભણેલાં-ગણેલાં ગામના ગુંડાઓ જુઠ્ઠાણાં-લબાડીથી કેવી રીતે છેતરે છે તે આપે જોયું જ હશે. લોકોને છેતરવા માટે ચતુરાઈ અને બુદ્ધિની જરૂર હોય છે, પરંતુ ચતુરાઈ અને બુદ્ધિની સાથે જો સદાચાર એટલે કે  શીલ ચારિત્ર્યશીલતા હોય તો માણસ લબાડી કે છેતરામણી કરી શકે નહીં અને તેથી જ ભણેલાં લોકોમાં નૈતિકતા હોવી જરૂરી છે. નૈતિકતા વગર જો ભણેલાં-ગણેલાં લોકો પેદા થવા લાગશે તો તેમના શિક્ષણમાં સમાજ અને રાષ્ટ્રનો નાશ સમાયેલો છે. તેથી જ નૈતિકતાનું મૂલ્ય શિક્ષણ કરતાં અધિક છે તે વાત તમારા ધ્યાનમાં આવી જ હશે. તેથી જ દરેક માણસમાં પહેલાં નૈતિકતા હોય તે જરૂરી છે.

## વિદ્યાર્થી અને રાજકારણ

મારું ભાષણ પૂરું કરતાં પહેલાં અહીં રાજકારણ વિશે બે શબ્દો કહેવા એ હું મારી ફરજ સમજું છું. સામાન્ય રીતે આપણા લોકો ગરીબીને લીધે વિદ્યાનો

ઉપયોગ માત્ર પેટ ભરવા પૂરતો જ કરે છે. શિક્ષણનો બીજો કોઈ જ લાભ તેઓ લેતાં નથી. ભણેલાં લોકોની મુશ્કેલીઓને તમે નજરઅંદાજ ન કરી શકો. આજે અધિકારી પદે સ્પૃશ્ય સમાજ છે. તેથી સ્પૃશ્ય કહેવાતા સમાજની સ્થિતિ ઘણી સંતોષજનક છે. તેમનો માર્ગ બધી રીતે સુગમ છે જ્યારે તેની સામે તેનાથી ઊલટું તમારો માર્ગ કાંટાળો છે. કયા ઉપાયથી તે માર્ગ સહેલો બની શકશે તે અંગે તમારે બધાએ હમણાંથી જ વિચારવું જોઈએ.

આપણો સમાજ બધી બાજુએથી ગૂંગળામણ અનુભવે છે તે વિશે વાત કરવી અહીં અશક્ય છે. આપણે અલ્પસંખ્ય છીએ. સંસ્થાના બળે સ્પૃશ્ય કહેવાતો સમાજ ચાહે તેવો જુલમ હાલ કરી રહ્યો છે. આજે જો આપણે કોર્ટ, કચેરીમાં પ્રવેશ કરીએ તો શું દેખાશે? મૅજિસ્ટ્રેટ બ્રાહ્મણ, કારકુન બ્રાહ્મણ, સર્કલ ઇન્સ્પેક્ટર બ્રાહ્મણ, તલાટી બ્રાહ્મણ, નીચલી ગણાતી સિવિલ કોર્ટનો જજ બ્રાહ્મણ, ફોજદાર બ્રાહ્મણ. આવી પરિસ્થિતિમાં જો આપણે ખટલા લઈને એવી કોર્ટ-કચેરીમાં ન્યાય માગવા જઈશું તોપણ ત્યાં ન્યાય મળે છે? જરાય નહીં.

કેટલાય ખટલાના ચુકાદામાં મૅજિસ્ટ્રેટ લોકોએ 'મહારો' તરફથી મહાર જ સાક્ષી છે તે કારણે તેમના પર વિશ્વાસ રાખી શકાય નહીં, એવું કહ્યું છે. પરંતુ સ્પૃશ્ય જાતિઓની તરફથી સ્પૃશ્ય જાતિ સાક્ષીમાં હશે તો પણ મૅજિસ્ટ્રેટને તે ચાલશે. બહુ તો શું કહેવું? દૂર શા માટે જવું? આજના કૉંગ્રેસી પ્રધાનમંત્રી પણ જો કોઈ કૉંગ્રેસવાળા હશે તો જ મદદ કરવા તૈયાર હોય છે. તેથી આવી પરિસ્થિતિમાં મોકાની જગ્યા આપણા કબ્જામાં આવ્યા વિના આપણા પર થઈ રહેલા જોર-જુલમ રોકાશે નહીં, પરંતુ તેવી જગ્યાઓ કેવી રીતે પ્રાપ્ત થશે, એ વિચારવા જેવો પ્રશ્ન છે.

આજે તો ચોર અને લબાડ જેવાની ટોળી જેવી ટોળી આ સ્પૃશ્ય કહેવાતા કૉંગ્રેસના લોકોની છે. તેમની ટોળીમાં સામેલ થશે તેમના તરફ તેઓ જરાક સહાનુભૂતિથી જોશે. જે લોકો તેમનામાં સામેલ નથી તેમના તરફ દુશ્મન જેવી નજરથી તેઓ જુએ છે તેની પ્રતીતિ આપણને થયેલી જ છે. એટલા માટે હું આપને બે વાત કહેવા માગું છું.

પહેલી વાત એ છે કે, આપણે બધાએ સંગઠન કરવું જોઈએ. જો આપણે બધા અસ્પૃશ્ય ગણવામાં આવતા લોકો એકત્રિત થઈશું તો આ ભેદભાવની નગરીના કિલ્લામાં ક્યાંક તો તિરાડ પડ્યા વગર રહેવાની નથી. લોકો અણઘડ છે. તેઓ વાંચી અગર લખી શકતા નથી. ગામના માથાભારે લોકોના કહેવા પ્રમાણે અથવા તો તેમની ઇચ્છા પ્રમાણે તેઓ જે કહે તે કરવા તૈયાર થઈ જતા હોય છે. બીકના કારણે પણ લોકો ફરીને જુદા પડી જવાની પૂરી સંભાવના હોય છે. આવી એકતા ઊભી કરવા માટે શું વિદ્યાર્થીવર્ગ તૈયાર છે? વિદ્યાર્થીવર્ગ આવી એકતા કેવી રીતે સંભાળી શકશે? એ એક મોટી શંકા છે. વિદ્યાર્થીઓએ પોતાની વિદ્યાર્થી અવસ્થા દરમ્યાન વિદ્યાપ્રાપ્તિ કરવા માટે બધું કરી છૂટવું જોઈએ. એ તો ખૂબ સંતોષની બાબત છે, પરંતુ તે સાથે જ આવા સંગઠનની અંશતઃ જવાબદારી તેમણે પોતાના ખભે ઊપાડી લેવી જોઈએ એ ખૂબ જ જરૂરી છે. આપણી બધી જ ઇચ્છાઓ તૃપ્ત કરવાનું સામર્થ્ય આપણામાંથી કોઈનામાં નથી અને તેથી જ જેની તેની વ્યક્તિગત મનીષા અથવા આકાંક્ષા પૂરી ન થવાને

કારણે તણાવમાં રહીને આપણે આપણો જ સર્વનાશ નોતરી રહ્યા છીએ. તેથી એ બધી વાતોનું ભાન રાખીને સ્વાર્થને ત્યજીને સંગઠન મજબૂત બનાવવા માટે આપણે બધાએ મનઃપૂર્વક કાર્ય કરવું જોઈએ. વ્યક્તિગત સ્વાર્થ કરતા સમાજના લાભ માટે વધુ ધ્યાન આપવું જોઈએ.

બીજી એક વાત એ છે કે, આપણો ઉદ્ધાર કરવા માટે હરિજન સેવક સંઘ જેવી હજારો સંસ્થાઓ સ્થાપવામાં આવી છે, પરંતુ તેનું અંતિમ ધ્યેય શું છે તેની ગમ પડતી નથી. તેમનું કામ પોતાની ફરજ અદા કરવાના ઇરાદાથી કરવામાં આવ્યું છે કે મરઘીને દાણા નાખીને કાપવા માટે પકડી લેવાની સ્વાર્થબુદ્ધિનું છે? આ સંસ્થાના લાભનું પરિણામ શું આવશે, એ જ મોટો વિચારવા જેવો પ્રશ્ન છે. એ બ્રાહ્મણી સંસ્થાઓ પાસેથી આપણા વિદ્યાર્થીઓએ લાભ લીધા પછી 'જેનું નમક ખાધું છે તેની સાથે નમક હરામ ન થવાય' એવી વરસોની શિખામણને લઈને આપણે આપણું સ્વત્ત્વ ભૂલી જઈશું કે કેમ એવી બીક લાગે છે. એ

બાબતે દ્રોણ અને ભીષ્માચાર્યના દાખલાઓ આપણી સમક્ષ છે જ. પાંડવોનો પક્ષ ન્યાય સંગત હોવાં છતાં તમે તેમની સામે કેમ યુદ્ધે ચઢયા છો? એવો પ્રશ્ન ભીષ્મને પૂછાયો ત્યારે તેમણે જવાબ આપ્યો કે, 'अर्थस्य पुरुषोः दास ।'

'જેનું હું અન્ન ખાઉં છું તેમના તરફથી મારે લડવું જોઈએ.' આ જવાબમાં માણસના સર્વસામાન્ય સ્વભાવનું ચિત્ર આલેખાયું છે અને એટલે જ સ્પૃશ્ય વર્ગોએ સ્થાપેલી આ સંસ્થાઓનો લાભ લેતાં પહેલાં આપણે તેનો લાભ લેવો કે ન લેવો એ વિચારવા જેવો પ્રશ્ન છે.

અર્થાત્ આ બાબતમાં હું એક વાત કહેવા માગું છું કે પુરાણકાળમાં દેવો અને દાનવો વચ્ચે યુદ્ધ ચાલતું હતું. યુદ્ધમાં રાક્ષસોના ગુરુ શુક્રાચાર્યને સંજીવની વિદ્યાની જાણકારી હોવાથી લડાઈમાં માર્યા ગયેલા રાક્ષસોને તેઓ આ વિદ્યાના બળથી ફરીથી સજીવન કરી દેતાં હતાં. જ્યારે દેવોના પક્ષે લડાઈમાં માર્યા ગયેલાઓને સજીવન કરવાનું અશક્ય હતું. તેથી તેના કારણે દિવસે દિવસે

દેવોનું સૈન્ય ઓછું થવા લાગ્યું. સર્વદેવોએ એકઠાં થઈ તેના વિશે ખૂબ ચર્ચા વિચારણા કરીને એવું નક્કી કરવામાં આવ્યું કે દેવોના પુત્ર કચને રાક્ષસોના ગુરુ પાસે સંજીવની વિદ્યા શીખવા માટે મોકલવો. તે પ્રમાણે કચ શુક્રાચાર્ય પાસે સંજીવની વિદ્યા શીખવા ગયો, પરંતુ રાક્ષસોને દેવોના આ કારસ્તાનની જાણ થઈ જતાં તેણે કચને ઠાર માર્યો અને તેને બાળીને તેની રાખ શુક્રાચાર્યને દારૂમાં ભેળવીને પીવડાવી દીધી. તેમ કરવાનું કારણ એ હતું કે, કચે શુક્રાચાર્યની દીકરી દેવયાની સાથે પ્રેમસંબંધ બાંધીને તેને પોતાની મોહપાશમાં જકડી લીધી હતી. તેથી કચને સંજીવની વિદ્યા શીખવવા માટે બાપ પાસે દેવયાની હઠ લઈને બેઠી હતી. જો દીકરીના કહેવાથી શુક્રાચાર્ય કચને સંજીવની વિદ્યા શીખવશે તો આપણે ભારે મુશ્કેલીમાં મુકાઈ જઈશું એવી બીકને લીધે અને જો શુક્રાચાર્યના પેટમાં દારૂ સાથે કચની રાખ જશે તો તેને જીવતો કરવા માટે શુક્રાચાર્યને મરવું પડશે, આવી સ્થિતિમાં દેવયાની કચને જીવતો કરવાની ખોટી હઠ જતી કરશે, એવું વિચારીને રાક્ષસોએ આ બધું કારસ્તાન કર્યું હતું. આ આખાયે કારસ્તાનની

દેવયાનીને જાણ થઈ ગઈ અને તેણે સૌ પ્રથમ શુક્રાચાર્યના પેટમાં પડેલા કચને સંજીવની વિદ્યા શીખવવા હઠ પકડી. તેનાં કારણે શુક્રાચાર્યે પોતાના પેટમાં પડેલાં કચને સંજીવની વિદ્યા શીખવાડી દીધી અને ત્યારબાદ મંત્રોચ્ચાર કરતાની સાથે જ શુક્રાચાર્યનું પેટ ફાડીને કચ બહાર આવ્યો અને તેણે શીખેલી વિદ્યા દ્વારા શુક્રાચાર્યને ફરીથી જીવતા કર્યા, એવી લોકવાયકા છે. દેવયાનીને 'તારી સાથે લગ્ન કરીશ' તેવી ખાતરી આપી હોવાં છતાં પોતાનું કાર્ય પૂરું થતાં જ આપેલું વચન ભૂલી જઈને કચ દેવયાની સાથે લગ્ન કર્યા વિના તરત જ પોતાના ટોળા તરફ ભાગી ગયો. કચના એ કૃત્યને ઘણાં કૃતઘ્ન કહે છે, પરંતુ હું તેના કૃત્યને કૃતઘ્નતાનું નથી માનતો. તે જ રીતે આપણા વિદ્યાર્થીઓ તેનું અનુકરણ કરશે તો મને ખોટું નહીં લાગે. આ બાબતમાં એક અંગ્રેજી સુભાષિત મને યાદ આવે છે:

No woman can be greatful, at the cost of her chastity!

OR

No nation can be greatful at the cost of liberty!

ગાંધીના કહેવાતા આજના સત્ય અહિંસાનો મતલબ જ હું આજ સુધી સમજી શક્યો નથી, સત્ય કોને અને ક્યારે કહેવું જોઈએ એ વાતનો જવાબ ગાંધીએ આજ સુધી આપ્યો નથી. માત્ર કલ્પના કરો કે મારા પાડોશમાં એક શ્રીમંત ગૃહસ્થ રહે છે. તે મારા મિત્ર હોવાથી તેઓ તેની સંપત્તિ ક્યાં મૂકે છે તે હું જાણું છું. જો કોઈ ચોર આવીને મને પૂછે કે, 'તમારા પાડોશી તેમની સંપત્તિ ક્યાં મૂકે છે?' તો આવા વખતે સત્ય કહીને મારા પાડોશીને નુકસાન પહોંચાડું કે જુઠ્ઠું બોલીને મારા મિત્રને બચાવું? આવા તો એક નહિ સો-સો દાખલાઓ આપી શકાય.

છેવટે હું આપને આટલું જ કહેવા માગું છું કે, જો આપણે એક સંપ-એકત્રિત થઈને વર્તીશું તો કંઈક કરી શકીશું. આપણા સમાજ ઉપર હજારો વરસોથી થતો આવેલો જોર-જુલમ અને અન્યાય નિવારણનું કાર્ય આજની પેઢીએ સ્વખુશીથી પોતાના માથે ઉપાડી લેવાની જરૂર છે. આપણા સમાજમાં એકતાની ખૂબ જ જરૂર છે અને એકતા થકી જ આપણે એ કાર્ય કરી શકીશું એ વાતની મને

ખાતરી છે. આ બાબતમાં આપણે અત્યંત કઠોરતાથી શિસ્તનું પાલન કરીશું તો કાંઈ થઈ શકશે. નહીંતર બધે જ અવ્યવસ્થા ફેલાશે અને તેનાથી સમાજનો નાશ અને વિઘટન પણ થઈ જશે. હવે પછી બધાએ જરૂરી ખબરદારીથી વર્તવું પડશે. છેલ્લે આપણામાં સંગઠન, શીલ અને શિસ્ત વધારો અને સમાજની ઉન્નતિમાં તેનો ઉપયોગ કરો એટલું કહી હું આપની રજા લઉં છું.

(ડૉ. બાબાસાહેબ આંબેડકરનાં ભાષણો)

# અમે શાસનકર્તા સમાજ બનીશું

ડૉ. બાબાસાહેબ આંબેડકરના ભાષણો

(૨૬ જાન્યુઆરી ૧૯૪૪)

ભાઈઓ,

આપણે ભવિષ્યના સ્વતંત્ર ભારતમાં શાસનકર્તા બનવાના છીએ. આને તમે સામેની દીવાલ પર લખી રાખજો. આપણી સાથે માત્ર નોકર જેવો જ નહીં, પરંતુ ગુલામ જેવો વ્યવહાર કરવામાં આવે છે. હવે પછી આવા પ્રકારની સ્થિતિ આપણે કોઈપણ સંજોગોમાં સહન કરીશું નહીં. બધાંએ એ વાતનું ખાસ ધ્યાન રાખવાનું છે કે, જ્યારે ભારતમાં સ્વરાજ્યની સ્થાપના થશે ત્યારે આ દેશની શાસનયંત્રણા (વ્યવસ્થા)ના ત્રણ ભાગ પડશે. હિંદુ, મુસલમાન અને અનુસૂચિત જાતિના લોકો, આના એ ત્રણ ભાગ પડે છે એક જાતિને બીજી જાતિ સાથે લડાઈ ઝઘડા કરાવી દિવસો પસાર કરવાના કઠિનાઈના દિવસો હવે પસાર થઈ ગયા છે. અનુસૂચિત

જાતિએ પોતાના હક્ક માટે લડવાનો દૃઢ નિર્ધાર કર્યો છે, એની હું સ્પષ્ટપણે જાહેરાત કરું છું અને તે દેશનું શાસન ચલાવવાની વ્યવસ્થામાં પોતાનો હક્કનો ભાગ મેળવ્યા સિવાય ઝંપશે નહીં. જ્યાં સુધી તેના હાથમાં શાસનની સત્તાનાં સૂત્રો આવશે નહીં ત્યાં સુધી તે દરિદ્રતાના દુ:ખમાં સબડતા પોતાના બાંધવોનો તેમાંથી છૂટકારો અપાવી શકશે નહીં. આપણા શ્રમજીવી મજૂરોને ઓછામાં ઓછું ₹ 30 ઘરભાડું અને બુઢાપામાં ઓછામાં ઓછું પૅન્શન મળવું જોઈએ. એવા સારા દિવસો આવે તેની હું વાટ જોઉં છું. હું કૉંગ્રેસમાં જોડાઉં તે માટે જે લોકો આગ્રહ કરે છે તેમને મારો સાદો-સીધો ઉત્તર એ છે કે, હું ભારતમાંની અનુસૂચિત જાતિના સ્વાતંત્ર્ય સંગ્રામને કૉંગ્રેસ કરતાયે અધિક મહત્ત્વપૂર્ણ માનું છું કારણ કે તેમના પર છેલ્લાં બે હજાર વર્ષો કરતાંયે વધારે વર્ષોથી અન્યાય, અત્યાચાર થતાં આવ્યાં હોવાથી તેને કચડી દેવામાં આવ્યાં છે.

દેશના સ્વરાજ્ય કરતાં આ મારા દીનદૂબળાં જાતિના લોકોના ઉદ્ધારનું જે કાર્ય મારા હાથે થશે તો તેનાથી મને આનંદ થશે. જો કોઈ કૉંગ્રેસનો એકાદ

જવાબદાર આગેવાન મને એવું આશ્વાસન આપી શકે તેમ હોય કે, જે અનુસૂચિત જાતિનો સભ્ય હોવાનું મને ખૂબ ગૌરવ છે, તે જાતિના હિતરક્ષણની અને તેની ઉન્નતિની જવાબદારી લેવા તૈયાર હોય તો તેમના કોંગ્રેસમાં જોડાવાના પ્રસ્તાવ પર ન હું વિચાર કરીશ, પરંતુ જે વ્યક્તિ જાતિભેદ, વર્ણભેદ અથવા ધર્મભેદ પર વિશ્વાસ રાખતો હોય તેને હું કોઈ કાળે મારો નેતા માનવા તૈયાર નથી.

ભાઈઓ, આપણે હજારો વર્ષોથી ઇષ્ટ અન્યાય-અત્યાચાર સહન કરતાં આવ્યાં છીએ તેના કારણોનો તમે ખુદ વિચાર કરો, એવી મારી તમને સૂચના છે. તમારા દુ:ખોનું સૌથી મોટું કારણ એટલે કે હિંદુધર્મ છે. જગતનાં બધા ધર્મોમાં હિંદુધર્મ જ એક એવો ધર્મ છે જેમાં જાતિભેદ અને અસ્પૃશ્યતા પાળવામાં આવે છે.

એને જ નિમિત્ત બનાવી અને એના ડરની આડમાં સવર્ણ હિંદુ બહિષ્કૃત જાતિ પર અત્યાચાર કરતા હોય છે. આજે પણ એજ સ્થિતિ પ્રવર્તતી હોવાથી આજે પણ અનુસૂચિત જાતિના લોકો ગામડાં ગામમાં સ્વમાનપૂર્વક જીવન જીવી શકતા નથી, એ મારે ભારે દુ:ખ સાથે કહેવું પડે છે. હવે આ અત્યાચારી ધર્મને જાકારો

આપીને હજારો વર્ષોથી ચાલતા આવતા આ અન્યાયને હવે પછી પણ આપણે સહન કરવાની જરૂર નથી. આજે પણ મારા જાતભાઈઓને હિંદુઓ નીચા ગણે છે. તેના પર હકૂમત અજમાવીને તેમને દબાવી દેવામાં આવે છે એટલે તેઓ પોતે પણ પોતાને નીચા ગણે છે, એ જોઈને મને અપાર વેદના થાય છે.

ભાઈઓ, તમારે હવે પછીથી તમારી પોતાની શક્તિ પર વિશ્વાસ રાખવો જોઈએ અને તમે અન્ય કોઈપણ જાતિના લોકો કરતાં ઉતરતી કક્ષાના છો એવી હીન ભાવના તમારે તમારા મનમાંથી કાઢી નાખવી જોઈએ.

શેડયૂલ્ડ કાસ્ટ ફેડરેશન એ તમારી રાજકીય સંસ્થાની પાછળ ઊભા રહીને તમે તેને શક્તિશાળી બનાવો એવો મારો ખૂબ જ આગ્રહ છે. બ્રિટિશ સરકાર કાયમથી જ મુસલમાનોનો પક્ષ લઈને બોલવા તૈયાર હોય છે. ભાઈઓ, તમે આનો પણ વિચાર કરો કે કૉંગ્રેસના આગેવાનો જેલમાંથી છૂટયા પછી તેમણે મુસલમાનો સાથે આપસમાં સમજૂતી કરી અને ભારતના બે ભાગ કરીને અંદરોઅંદર વહેંચી લેવાનું નક્કી કર્યું, તો વિચારો કે તમારી શું દશા થશે? તમને પણ શાસનની

સત્તામાં પોતાનો ભાગ મળવો જોઈએ એવું જો તમે ઇચ્છતા હો તો તમારે જબરજસ્ત સંગઠન ઊભું કરીને એક થવું જોઈએ, તો જ તમે તમારા નાગરિક હક્ક માટે ભવિષ્યમાં મળનાર સ્વરાજ્યમાં સંઘર્ષ કરી શકશો. હું તમને સાવધાન અને સતર્ક રહેવાની સૂચના આપું છું, કારણકે માત્ર કાગળના ઘોડા પર જ જેનો મદાર છે, એવાં નકલી આગેવાનોની સંખ્યા તમે વધારશો તેનો કોઈ અર્થ નથી.

એ વસ્તુને પણ યાદ રાખશો કે જ્યાં સુધી આપણા સમાજની મહિલાઓ આપણા સંઘર્ષમાં સક્રિય કામગીરી બજાવશે નહીં, ત્યાં સુધી આપણો આ સંઘર્ષ વિજયના શિખરને સર કરી શકશે નહીં. પ્રત્યેક શહેરોમાં સ્વયંસેવકોના આ દળમાંથી સ્વયંસેવકોને બસો-બસો માઈલના વિસ્તારમાં ગામડે ગામડે ઘેર ઘેર જઈ પ્રચાર કરીને આ પરિષદમાં થયેલી વાતો એ લોકોના કાને નાખો, આપણી જનતા એ જાતિભેદના રોગથી પીડાય છે. ભારે દુઃખદ ઘટના છે. જે અર્થમાં તમે બીજા પાસે અસ્પૃશ્યતા અને ભેદભાવ નાબૂદ કરવા માટે માંગણી કરો છો, તે અર્થમાં તમારે સુધ્ધાં, તમારામાંનો આંતરિક જાતિભેદ નાબૂદ કરવો એ તમારી

જવાબદારી બને છે. તમારામાંથી મહિલાઓ તો આ આંદોલનમાં પાછળ રહેનાર નથી ને? એની કાળજીએ તમારે લેવી જોઈએ. આપણાં વિદ્યાર્થી અને નવયુવકોએ પોતાનામાં સમાજસેવાની ભાવના નિર્માણ કરવી જોઈએ. તેમણે એ ધ્યાનમાં રાખવું જોઈએ કે હાલમાં ગમે તેવી સ્થિતિમાં હોઈએ તોપણ ભવિષ્યમાં તો તેમણે જ આપણા સમાજકલ્યાણની જવાબદારી એના ખભા પર ઉપાડવી જ પડશે, કારણકે સ્વતંત્ર ભારતમાં તેમને જ શાસનકર્તા સમાજ બનીને જીવન જીવવાનું છે.

આશા છે આ પુસ્તકમાંથી નીકળનારું અમૃત સમાજના અને રાષ્ટ્રના તેમજ વ્યક્તિના ઘડતરમાં સિંહફાળો આપી શકશે. જેના આધારે ડૉ. બાબાસાહેબે જે સમાજના સ્વપ્નો જોયાં હતા તે પૂર્ણ કરવા હજુ ઘણી મજલ કાપવાની છે. આ પુસ્તક એ મજલ કાપવાના માર્ગ પર એક ડગલું ભરવા અર્થસભર યોગદાન આપી શકે તો તેનું પ્રકાશન સાર્થક થશે.



# રત્નકણિકાઓ

ડૉ. ભીમરાવ આંબેડકરના વિચારોનું ચયન



# ભારતરત્ન, ભારતીય બંધારણના ઘડવૈયા
# ડૉ. બાબાસાહેબ આંબેડકર

મિત્રો, ઈશ્વર આ જગતમાં છે કે નહિ તેનો વિચાર તમારે કરવાની જરૂર નથી. જે કાંઈ ઊથલપાથલ થાય છે, તે મનુષ્યો દ્વારા જ થતી હોય છે. એ જ ખરી વાત છે. તમારો ઉદ્ધાર કરવા કોઈ આવવાનું નથી. તમે તમારા મનમાં બરાબર નિશ્ચય કરી લો તો તમારો ઉદ્ધાર કરવા તમે જ સમર્થ બનશો.



આજે જો રાષ્ટ્રને કોઈ વાતની જરૂર હશે તો તે જનતાના મનમાં રાષ્ટ્રીયતાની ભાવના નિર્માણ કરવાની છે. આપણે પ્રથમ ભારતીય છીએ પછી હિંદુ, મુસલમાન, સિંધી અથવા તો કન્નડ એવી ભાવના નિર્માણ કરવા કરતાં આપણે પ્રથમ ભારતીય છીએ અને તે પછી પણ ભારતીય છીએ અને તે પછી પણ ભારતીય જ છીએ એવી ભાવના નિર્માણ થવી જોઈએ.





ગૌતમ બુદ્ધ, સંત કબીર અને મહાત્મા ફૂલે આ ત્રણેય વિભૂતિઓને ડૉ. આંબેડકર પોતાના ગુરુ માનતા હતા.



રાષ્ટ્રનિર્માણના કામમાં સમાન તકના સૂત્રનો સ્વીકાર મહત્ત્વનો છે.



શૂદ્રો આર્યોની સૂર્યવંશી જાતિનાં હતાં.



આર્ય સમાજમાં ક્ષત્રિય, બ્રાહ્મણ અને વૈશ્ય ત્રણ વર્ણ હતાં.



શૂદ્રોનો કોઈ અલગ વર્ણ ન હતો. તેઓ ભારતીય-આર્ય સમાજમાં ક્ષત્રિય વર્ણના એક ભાગ હતાં.



છત્રપતિ શિવાજી મહારાજ શૂદ્ર હોવાને કારણે કોઈ બ્રાહ્મણ તેમનો રાજ્યાભિષેક કરાવવા તૈયાર ન થયો.

(ઠેઠ કાશીથી ગાગા ભટ્ટે આવીને વિધિ સંપન્ન કરાવી હતી.)



મારું સમાજદર્શન ત્રણ શબ્દોમાં સમાયેલું છે.

સ્વતંત્રતા,

સમાનતા,

બંધુતા.



જો તમારે સમૂહનું નેતૃત્વ કરવું હશે તો વાણી ઉપર લગામ રાખવી પડશે. વાણી આપણી એવી હોવી જોઈએ કે આકર્ષણનું કેંદ્ર બનીએ, જો આપણી વાણીમાં મીઠાશ હશે તો જીવનમાં ક્યારેય અફસોસ નહીં થાય.



“પોતાના અસ્પૃશ્ય બાંધવો માટે દયા કે ભીખની માગણી કરી નથી. દીનતા, લાચારી, ઉપકાર પર આધારિત સમતા તેમને માન્ય ન હતી”



"સિંહગર્જના કરતાં અને કહેતાં કે, "બલિ તો બકરાની ચઢાવવામાં આવે છે. સિંહની નહીં. તમારામાં તેજ છે તેની તમને જાણ જ નથી."





હું નથી માનતો કે આ દેશમાં કોઈ વિશેષ સંસ્કૃતિને સ્થાન હોય, પછી તે ભલે હિંદુ સંસ્કૃતિ હોય, મુસ્લિમ સંસ્કૃતિ હોય, કન્નડ સંસ્કૃતિ હોય કે આ એવી બાબતો છે જેનો આપણે ઇન્કાર કરી શકીએ નહીં. પરંતુ તેવી બાબતોને વરદાન તરીકે વિકસાવવાની નથી. તેવી બાબતોને અભિશાપ તરીકે તેમજ જે આપણી વફાદારીને વિભાજિત કરતી હોય અને આપણને આપણાં તમામ ધ્યેયથી દૂર લઈ જતી હોય તેવી ગણવાની છે. આ સમાન ધ્યેય એટલે આપણે સૌ ભારતીય છીએ તેવી ભાવનાનું નિર્માણ કરવું. જ્યારે કેટલાંક લોકો એમ કહે છે, અમે હિંદુ અથવા મુસલમાન પહેલાં છીએ અને ત્યારબાદ ભારતીય છીએ તે મને ગમતું નથી. હું સાફ સાફ કહું છું કે, દેશ પહેલાં અને ધર્મ પછી. કેટલાંક લોકો કહે છે ધર્મ પહેલાં અને દેશ પછી. પરંતુ હું કહું છું દેશ પહેલાં અને પછી પણ દેશ જ.



આજે આપણે રાજકીય તેમજ સામાજિક અને આર્થિક રીતે અલગ-અલગ વહેંચાયેલા છીએ, આપણે પરસ્પર વિરોધી છાવણીમાંથી આવીએ છીએ. સંજોગો સમય આવ્યે આપણને એક થતાં અને સમાજને આગળ વધતાં કોઈ રોકી શકશે નહીં અને જાતિ પંથ સંપ્રદાયોના વાડામાં રહેલાં આપણે કોઈ ને કોઈ સ્વરૂપે અચુક સંગઠિત થઈશું અને પ્રગતિ કરી બીજા સમાજની સાથે ઊભા રહી શકીશું, તેવી મને શ્રદ્ધા છે.





ભાષાવાર પ્રાંતરચનાનું તત્ત્વ એટલું વિશાળ છે કે તે પ્રત્યક્ષ વ્યવહારમાં ઉતારવું અશક્ય છે. આ તત્ત્વનો થોડો પણ તર્ક સ્વીકારવામાં આવે તો એટલા નવા પ્રાંત બનાવવા પડશે કે તેની સંખ્યા જ આ ભાષાવાર પ્રાંતરચનાનાં તત્ત્વની અવ્યવહારુતા સિદ્ધ કરશે.



એકલો, અટૂલો માણસ બધા જ કામો 'હું ખરેખર એકલા હાથે કરીશ.' એમ કહે છે પરંતુ તેમ કરવું વાસ્તવમાં તેનાં માટે અશક્ય જ છે.



હું રાજકારણ, સમાજકાર્યોમાં પોરવાયો છું છતાં પણ હું આજન્મ વિદ્યાર્થી જ છું.



તમે જેટલા ઉદાર બની શકો તેટલી વધુ ઊંચાઈ તમે સર કરી શકો.





વિદ્યાની ઉપાસના એ મારું ખૂબ જ ઊંડું વ્યસન બની ગયું છે.



જ્યારે આપણે સોનાના મૂલ્ય જેટલું કામ કરીશું ત્યારે જઈને ઇતર સમાજના લોકો તે કાર્યને કથીરના મૂલ્ય જેટલું મૂલ્યવાન ગણશે, જ્યારે અન્ય સમાજના લોકો કથીરના મૂલ્ય જેટલું કાર્ય કરશે તોપણ તેને સોનાના મૂલ્ય જેટલું મૂલ્યવાન ગણાવશે.





હું નાસ્તિક નથી, જે લોકો મારા સંપર્કમાં આવે છે એમને ખબર છે કે ધર્મ પ્રત્યે મારા મનમાં કેટલી શ્રદ્ધા અને પ્રેમ છે.



કેટલાક લોકોને લાગે છે કે સમાજને ધર્મની આવશ્યકતા નથી. હું તેમના આ વિચાર સાથે સંમત નથી. મારો મત છે કે સમાજનો જીવનવ્યવહાર ધર્મના પાયા પર અધિષ્ઠિત હોવો જોઈએ. પરંતુ એ માટે ધર્મ સધર્મ હોવો જોઈએ.



આત્મવિશ્વાસ જેવી બીજી કોઈ દવા નથી.



વ્યક્તિગત સ્વાર્થ કરતાં સમાજના લાભ માટે વધુ ધ્યાન આપવું જોઈએ.



આપણામાં સંગઠન, શીલ અને શિસ્ત થકી
જ સમાજની ઉન્નતિમાં વધારો કરવો પડશે.



આપણું કાર્ય જેટલું સ્વહિતનું છે તેટલું જ રાષ્ટ્રહિતનું છે.



પોતાના સ્વત્ત્વ માટે અને જન્મસિદ્ધ અધિકારો માટે તમે લડત આપવા તૈયાર છો, એ જોઈને મને ઘણો આનંદ થાય છે.



સુખ હંમેશાં દુઃખને અંતે પ્રાપ્ત થાય છે.



પોતાનો માર્ગ ન્યાયનો છે એવું જો તમને લાગતું હોય અને જો યાતનાઓ સહન કરવા માટે તૈયાર હો તો સત્યાગ્રહ માટે સંમતિ આપો.



જે સમાજ સમર્પણ માટે તૈયાર થાય તેની ઉન્નતિ થયા વિના રહેશે નહિ.



સનાતની હિંદુઓનું હૃદયપરિવર્તન
કરવાનો અમને અવસર આપો.



ચારિત્ર્ય વગરનું જ્ઞાન જોખમી છે.





સર્વપ્રમાણ કંઈ જ નથી.



અચૂક કંઈ જ નથી. દરેક વાતનું વિશ્લેષણ થઈ શકે છે.





દરેક વાત કાર્યવાદને આધારે હોય છે. દરેક ઘટના પાછળ કોઈને કોઈ કારણ હોય છે.

શાશ્વત અને સનાતન કંઈ પણ નથી. દરેક વસ્તુ પરિવર્તનશીલ છે. સનાતનનો અર્થ નિરંતરતા છે.





યુદ્ધ અયોગ્ય છે, પરંતુ તે સત્ય અને ન્યાય માટે થઈ રહ્યું હોય તો તે યોગ્ય છે.



વિજેતાનું સમાજ તેમજ વ્યક્તિની જીત પ્રત્યે કર્તવ્ય હોય છે.



જે મુકદ્દમામાં ગરીબનું હિત જોખમાતું હોય અથવા તેના અધિકારનું રક્ષણ કરવાનું હોય એ મુકદ્દમો હું મફતમાં લડીશ.



આપણા ઉપરનું અસ્પૃશ્યતાનું કલંક આપણે જ આપણાં પરાક્રમી પુણ્યથી ધોઈ નાંખીશું.



સામ્યવાદીઓ સાથે જોડાવાનું મારા માટે સદંતર શક્ય નથી. પોતાના રાજકીય ઉદ્દેશ્ય ખાતર મજૂરોનો ઉપયોગ કરી લેવા માંગતા સામ્યવાદીઓનો હું કટ્ટર શત્રુ છું.



“ભારતમાં રહેતા તમામ નાગરિકો માટે એક સરખા કાયદા “સમાન નાગરિક સંહિતા”નો પ્રસ્તાવ મૂક્યો હતો.”



લોકશાહી માટે સદ્‌વિવેક બુદ્ધિની પણ આવશ્યકતા છે.



ગુલામીની લાંબી જિંદગી જીવવા કરતા આઝાદીનું ક્ષણિક જીવન જીવવું વધુ સારું.



અસ્પૃશ્ય સમાજમાંથી આવતાં આપણાં પ્રત્યેક કાર્યકર્તાએ શિક્ષણ પ્રસાર માટે ઝઝૂમવું જોઈએ. શેક્સપિયરના એક નાટકમાં આવતું, “પ્રત્યેક માણસના આયુષ્યમાં જ્યારે તકોનું મોજું ફરી વળે છે, ત્યારે તે તકનો યોગ્ય પ્રકારે ઉપયોગ કરે તો તે મનુષ્યને વૈભવ પ્રાપ્ત થાય છે.”



પોતાના મિત્ર નવલ ભાથેની પાસે વારંવાર જ્યારે જરૂર પડે ત્યારે પૈસા મંગાવતા હતા. એક પ્રસંગે તેમણે પત્રમાં લખ્યું છે કે, "મારા લીધે તને ત્રાસ છે, એ માટે મને અતિશય દુઃખ થાય છે. વિશ્વાસ રાખજે, તને મારા લીધે જે ત્રાસ સહન કરવો પડે છે તે ત્રાસ પરમ મિત્ર માટે પણ સહન કરવો અશક્ય છે. એની મને જાણ છે. એક યા બીજા કારણે મારે તાત્કાલિક પૈસાની માગણી કરવી પડે છે. તેથી મારા એકના એક મિત્ર તું મને દુભાવીશ નહિ, એવી આશા છે."



જ્યારે લંડનમાં અભ્યાસ કરી રહ્યા હતા ત્યારે તેમણે પેટે પાટા બાંધી અભ્યાસ કર્યો હતો. રોજ લાઇબ્રેરીમાં સૌથી પહેલાં પ્રવેશી દિવસભર વાંચન કરતા. રાત્રે ઘરે જાય પછી રાત્રિનું ભોજન એટલે એક પ્યાલો બોવરિલ અને બે-ત્રણ બિસ્કિટ લેતાં અને ફરી વાંચવા બેસતાં. રાત્રે ૧૦ વાગે ભૂખ લાગતાં પાપડ અને એક કપ દૂધ પી લેતાં અને ફરી વાંચવા બેસતાં. સાથે રહેતા અસ્નાડેકર નામના મુંબઈના એક ગૃહસ્થ મોડી રાત્રે ઊઠીને કહેતા કે, “અરે, આંબેડકર! ઘણી રાત વીતી ગઈ છે. દરરોજ કેટલું જાગો છો? હવે આરામ કરો.” ત્યારે આંબેડકર જવાબ આપતાં કે “અન્ન માટે પૈસા અને સૂવા માટે સમય મારી પાસે નથી.”



સને ૧૯૧૭ની ૨૧ ઑગસ્ટે ભારતમાં આગમન, તે સમયના ઇલાકા શહેર ન્યાયાધીશ રાવબહાદુર ચીમનલાલ સેતલવાડના પ્રમુખપદે સન્માન કાર્યક્રમ માટે સંભાજી વાઘમારે અને અન્યો મળવા ગયા ત્યારે કહ્યું કે, “મારે માનપત્ર જોઈતું નથી. હું તમારા ઉપકાર માટે ભણ્યો નથી. મને ઈશ્વરની કૃપાથી તક મળી અને હું ભણ્યો. મારી માફક જ અન્ય લોકોને તક મળે તો તેઓ પણ મોટી પરીક્ષામાં ઉત્તીર્ણ થશે. માટે તમે લોકોએ મને માનપત્ર આપવા માટે જે પૈસા ભેગા કર્યા છે તે પૈસાનો ઉપયોગ આપણી અસ્પૃશ્ય જાતિના લાયક વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવા માટે કરો એ વધુ ઉચિત છે.”





હિંદુસ્તાન દેશ એ માત્ર વિષમતાનું ઘર છે, હિંદુ સમાજ એક મિનારો છે, પરંતુ મિનારા પર ચડવા માટે સીડી નથી. એક માળ પરથી બીજા માળ પર જવા માટે દાદર નથી. જે માળમાં જેઓનો જન્મ થયો, તેઓએ તે જ માળમાં મરવું જોઈએ. નીચલા માળ ઉપર રહેનાર માણસ કેટલીય લાયકાતો ધરાવતો હોય પણ તેને માટે ઉપરના માળમાં પ્રવેશ બંધ છે અને ઉપરના માળમાં રહેનાર માણસ પછી કેટલોય નાલાયક હોય, તેને નીચેના માળ ઉપર ફેંકી દેવાની કોઈની હિંમત ચાલતી નથી.



ભારત સ્વતંત્ર થવાથી બધા જ પ્રશ્નો હલ થઈ જશે એવું નથી. ભારતને એવું રાષ્ટ્ર બનાવવું જોઈએ કે પ્રત્યેક નાગરિકને સમાન ધાર્મિક, આર્થિક અને રાજકીય હક્કો હોય અને પોતાના વિકાસ માટે પ્રત્યેક વ્યક્તિને તક મળે. અંગ્રેજીરાજ વિરુદ્ધ કરવામાં આવેલો આ આક્ષેપ બ્રાહ્મણોનાં મુખમાં અનેકગણો શોભે છે. તે જ આક્ષેપ બ્રાહ્મણ રાજ્યની વિરુદ્ધમાં કોઈ બહિષ્કૃત તરફથી કરવામાં આવે તો હજારગણો શોભે છે. આ વિધાન અવાસ્તવિક છે એવું કહેનાર કોઈ પાપી નીકળશે એવું દેખાતું નથી. અંગ્રેજી રાજ્યમાં જેમની વાત સહન થતી નહોતી તેમની વાત સહન કરવી પડશે! માટે એવું સ્વરાજ્ય આપો કે જેમાં થોડું ઘણું અમારું પણ રાજ્ય હોય.



"સ્વજનોના ઉદ્ધાર માટે મારું જીવન વ્યતીત કરવાનો મારો નિર્ધાર અડગ છે. જેનાથી મારી સેવા અને કાર્યમાં અવરોધ ઊભા થાય તેવું બંધન હું ક્યારેય સ્વીકારવાનો નથી."



સ્વાતંત્ર્યના અધિકારો ભીખ માગવાથી મળતાં નથી. તે પોતાની શક્તિથી મેળવવા પડે છે, ભેટ તરીકે મળતાં નથી. આત્મોદ્ધાર કદી અન્યની કૃપાથી થતો નથી, એ તો પ્રત્યેક વ્યક્તિએ પોતે જ કરવો પડે છે.



પોતાના બાંધવોને એવો ઉપદેશ આપતા જેવી રીતે અગ્નિશિખાને તુચ્છ માની જીભ પર મૂકવાથી તે જીભ બાળી નાખે છે અને પોતાની કદર કરવા માટે ફરજ પાડે છે. તેવી રીતે અસ્પૃશ્ય લોકોએ પોતાને અસ્પૃશ્ય કહેનારાની જીભ ખેંચી લીધી હોત તો કોઈએ તેમને અસ્પૃશ્ય કહેવાની હિંમત કરી ન હોત.



અસ્પૃશ્યોના હકો માટે લડત ઉપાડનાર ડૉ. આંબેડકરની શરૂઆતનાં ઘણાં વર્ષો સુધી એવી જ ભૂમિકા રહી હતી કે આપણે (અસ્પૃશ્યો સહિત તમામ હિંદુઓ) હિંદુ સમાજના અવિભાજ્ય અંગ છીએ. એમની ધારણા હતી કે અસ્પૃશ્યતાનો પ્રશ્ન સંપૂર્ણ હિંદુ સમાજનો પ્રશ્ન છે અને એ માટે ઉચ્ચ વર્ણ તથા અસ્પૃશ્ય બંનેએ ખભેખભા મિલાવી કામ કરવું જોઈએ. તેથી જુલાઈ, ૧૯૨૪માં એમણે જ્યારે 'બહિષ્કૃત હિતકારિણી સભા'ની સ્થાપના કરી મોટા ભાગે ઉચ્ચ વર્ણના લોકોને સ્થાન આપ્યું ત્યારે મિલિન્દ મહાવિદ્યાલયના પ્રાધ્યાપકે પ્રશ્ન પૂછ્યો કે, "બાબાસાહેબ આપ બ્રાહ્મણોની વિરુદ્ધ કેમ છો?" એમણે જવાબ આપ્યો કે, "જો હું બ્રાહ્મણોની વિરુદ્ધ હોત તો તમે મારી સંસ્થામાં ન હોત. મારી સંસ્થાના બહુધા શિક્ષક બ્રાહ્મણ જ છે. હું બ્રાહ્મણોની વિરુદ્ધ નથી પણ બ્રાહ્મણત્વની વિરુદ્ધ છું."



તેમણે ૧૯૨૫માં ૧૫મી ડિસેમ્બરે રોયલ કમિશન સમક્ષ ભારતીય ચલણ અંગે જુબાની આપી. તેમાં પંચને જણાવ્યું કે, ‘‘હૂંડિયામણના વિનિમયમાં સુવર્ણ પરિમાણ ચાલુ રાખવું ભારતના હિતમાં નથી. કેમકે સુવર્ણ પરિમાણની ભારતમાં મૂળભૂત સ્થિરતા નથી.’’

‘રૉયલ કમિશન ઑફ ઇંડિયન કરન્સી એન્ડ ફાઇનાન્સ’ સમક્ષ એક નિવેદન કર્યું જેની ત્યારબાદ નોંધ લેવાઈ. રિપોર્ટમાં તેમણે દૃઢતાપૂર્વક દલીલ કરીકે ‘ગોલ્ડ એક્ષચેન્જ સ્ટાન્ડર્ડ એ તેનામાં આંતરિક સ્થિરતા ન હોવાને કારણે ભારતના આર્થિક હિતો માટે બરાબર નથી. બ્રિટનની આર્થિક સ્થિતિમાં ચાલી શકે છે.’ આ રિપોર્ટને કારણે તેમને ‘રૉયલ કમિશન ઑફ ઇંડિયન કરન્સી એન્ડ ફાઇનાન્સ’ દ્વારા ડિસેમ્બર ૧૫, ૧૯૨૫ના રોજ રૂબરૂ બોલાવાયા અને આ વિષય પર તેમની સાથે ચર્ચા કરવામાં આવી.





શિક્ષણ વિશે મહારાષ્ટ્ર વિધાનસભાના પ્રથમ ભાષણમાં માર્ચ, ૧૯૨૭માં તેમણે કહ્યું, “સામાન્ય માણસ માટે શિક્ષણ સુલભ બને એવી વ્યવસ્થા કરવી જોઈએ. નીચલા વર્ગ માટે ઉચ્ચ શિક્ષણ ખર્ચાળ હોવું જોઈએ નહિ. નીચલા વર્ગોને ઉપલા વર્ગોની સમકક્ષ લાવવા માટે તેમને સવલત આપવી જોઈએ. પાંચ અને દસની સંખ્યાને બેના આંકડાથી ગુણવામાં આવે તો ગુણાકાર ૧૦ અને ૨૦ આવશે. માટે પાંચને બેથી અને દશને એકથી ગુણવા જોઈએ. એટલે નીચેના વર્ગને પૂરેપૂરી સવલતો આપી તેમને ઉપલા વર્ગોની સમકક્ષ લાવવા જોઈએ. એમ કરવું એટલે જ સમાનતા.”



હિંસા કે અહિંસા કેવળ આગ્રહની સિદ્ધિ માટેનાં સાધનો છે. જેમ કર્મ અથવા કર્મોના સંદર્ભમાં ક્રિયાપદનું રૂપ બદલાય છે તેમ કેટલાંક સાધનોના સંદર્ભમાં આગ્રહનું નૈતિક સ્વરૂપ બદલાતું નથી. કારણ કોઈ દુરાગ્રહી પોતાનો આગ્રહ પાર પાડવા અહિંસાનો માર્ગ સ્વીકારે તો તે માટે તેના દુરાગ્રાહને સત્યાગ્રહ કહેવામાં નહીં આવે અથવા કોઈ સત્યાગ્રહી સત્યાગ્રહની સિદ્ધિ માટે હિંસાનું આચરણ કરે તેટલા જ માટે તેના સત્યાગ્રાહને દુરાગ્રહ કહેવો શક્ય નથી. તેમ કહેવામાં આવે તો ગીતામાં શ્રી કૃષ્ણે અર્જુનને સત્યાગ્રહની સિદ્ધિ માટે જે હિંસાનો માર્ગ સ્વીકારવાની ફરજ પાડી તેનો અર્થ શું?





“ધર્માન્તર માટે જો અમે આતુર હોત અને અસ્પૃશ્યતા નિવારણનો પ્રશ્ન અમારા પૂરતો અને અમારી ભાવિ પેઢીઓ પૂરતો દૂર કરવાનો હોત તો અમે એવું ધર્માન્તર ક્યારનું કર્યું હોત. પરંતુ શક્ય હોય ત્યાં સુધી હિંદુ ધર્મમાં રહેવું અને સમગ્ર બહિષ્કૃત વર્ગની દૃષ્ટિએ વિચાર કરવો. એવી જ અમારી ઇચ્છા હોવાથી, અમે અમારા સત્યના પ્રયત્નો ચાલુ રાખ્યા છે. એમ છતાંય કોઈ પણ વ્યક્તિ અથવા કોઈ પણ વર્ગની સહનશીલતાની મર્યાદા હોય જ છે. અસ્પૃશ્યતા એ એક ગુલામી છે. ગુલામી અને ધર્મ એક સાથે રહી શકતા નથી."



“દુનિયામાં મુસલમાનો લઘુમતીમાં હોય તેવો ફક્ત હિંદુસ્તાન એકમાત્ર દેશ નથી. દુનિયાના બીજા દેશોમાં પણ મુસ્લિમ લઘુમતીમાં છે. છતાં ત્યાં તેઓ અલગ મતદાર સંઘની માગણી કરતા નથી. તેમણે વધુમાં કહ્યું કે જાતિવાદી પ્રતિનિધિત્વ મૂળમાં જ એટલું ભૂલભરેલું છે કે આ બાબતમાં ભાવનાનો ભોગ બનવું એટલે દેશના બંધારણમાં એક દોષને કાયમ કરવો.”



“હિંદુઓ મુસલમાન બન્યા પછી તે તળાવનું પાણી ભરે તો હિંદુ ધર્મ અભડાતો નથી. પણ હિંદુધર્મના જ મહાર, ચમાર તે તળાવમાંથી પાણી ભરે તો હિંદુધર્મ ડૂબે છે.”

આ પ્રકારની ઘોષણા કરનારાઓને તેમણે ચેતવણી આપી કે “આ ધર્મરક્ષણ નથી પણ ધર્મદ્રોહ છે.” વધુમાં તેમણે કહ્યું કે “અસ્પૃશ્યતા એ હિંદુધર્મ પરનું કલંક નથી, એ તો અમારા દેહ પરનું કલંક છે.” “કલંક હિંદુ ધર્મ પર છે એવું અમે માનતાં હતાં ત્યાં સુધી એ કામ તમને સોંપવામાં આવ્યું હતું.



હવે તે કલંક અમારા પર છે. તેથી તે પવિત્ર કાર્ય અમે જાતે જ કરવાનું નક્કી કર્યું છે. તે કાર્ય સિદ્ધ કરવા માટે અમારામાંથી કેટલાકને આત્મબલિદાન આપવું પડે તેનો વાંધો નથી. ઈશ્વરનો જો એવો જ સંકલ્પ હોય તો અમે અમારી જાતને ભાગ્યશાળી સમજીએ છીએ. સવર્ણોએ તળાવ શુદ્ધ કરી અમારી અપવિત્રતા સિદ્ધ કરવાનો જે હલકો પ્રયત્ન મહાડમાં કર્યો, તેવો ભલેને ભવિષ્યમાં કરે, પરંતુ અમે પવિત્ર છીએ તે તમારા મુખમાંથી બોલાવ્યા સિવાય અમને શાંતિ મળશે નહીં.”





કોઈ પણ કાર્યમાં સફળતા મળશે કે નહિ એ જેટલા પ્રમાણમાં ઉપલબ્ધ સાધન-સામગ્રી પર અવલંબે છે, તેટલું જ તે કાર્યની નૈતિકતા પર અવલંબે છે. કાર્યના મૂળમાં જો શક્તિ હોય તો તેમાં સફળતા મળશે કે નહિ એ બાબતમાં ચિંતા કરવાનું વિશેષ કારણ નથી. સત્યાગ્રહીમાં આત્મબળ હોવું જોઈએ. આત્મબળ આપણે જે કરી રહ્યા છીએ તે યોગ્ય છે કે અયોગ્ય તેના પર અવલંબે છે. માટે આ બાબતમાં ખાતરી હોવી જોઈએ, માટે જ સત્યાગ્રહીઓએ



સત્યાગ્રહ એટલે શું તે સમજવું આવશ્યક છે. જે કાર્ય માટે લોકસમૂહ તૈયાર થાય છે, તે સત્કાર્ય માટે કરેલો આગ્રહ એટલે સત્યાગ્રહ. બુદ્ધિ જો શુદ્ધ ન હોય તો લોકવિગ્રહ થશે. સ્વાર્થી હેતુથી વિગ્રહ થશે. જ્યાં લોકસમૂહ છે ત્યાં સત્કાર્ય છે. આ અમારી વિચારધારા છે. આ વિચારધારા ગીતામાંથી લીધી છે. સત્યાગ્રહ ગીતાનો પ્રતિપાદિત વિષય છે. ગીતા એ ભગવાને આપેલો ઉત્તર છે. ગીતાનો આધાર લેવાનું કારણ તે સ્પૃશ્ય અને અસ્પૃશ્ય બંનેને માન્ય છે. અમારી ચળવળનો ઉદ્દેશ્ય લોકસંગઠનનો છે.”





"તમે તમારી જાતને અસ્પૃશ્ય માનતા નહીં. તમારું ઘર સ્વચ્છ રાખો. સ્પૃશ્ય સ્ત્રી જે પદ્ધતિથી સાડી પહેરે છે, તે જ પદ્ધતિથી તમે સાડી પહેરો. કપડાં ભલે ફાટેલાં હોય પણ સ્વચ્છ હોવાં જોઈએ. તમારી કૂખે જન્મ લેવો પાપ કેમ અને અન્યની કૂખે જન્મ લેવો એ પુણ્ય કેમ માનવામાં આવે છે એનો વિચાર કરો. તમે પ્રતિજ્ઞા લો કે એવી કલંકિત સ્થિતિમાં અમે ભવિષ્યમાં જીવીશું નહિ. તમારે જૂના પુરાણા



અને ગંદા રિવાજોનો ત્યાગ કરવો જોઈએ. આજના દિવસમાં કોને કેવી રીતે વર્તવું તેના પર પ્રતિબંધ નથી. તેવી જ રીતે ચાંદીનાં અલંકારો શરીરની ભારોભાર પહેરવામાં આવે છે તે તમને ઓળખવાની નિશાની છે. ઘરેણાં પહેરવાં જ હોય તો સોનાનાં પહેરો. ઘરમાં કોઈ અમંગળ વાત થવા દેશો નહિ. દારૂડિયા પતિ, ભાઈ અથવા પુત્રને જમાડવાનું બંધ કરો. પુત્રીઓને શિક્ષણ આપો. જ્ઞાન અને વિદ્યા સ્ત્રીઓ માટે પણ આવશ્યક છે.”





"મનુષ્યનું સ્વાભિમાન ટકાવી રાખનાર શિક્ષણ એ એકમાત્ર બાબત નથી, શિક્ષણ લેવાથી જો માણસાઈ આવતી હોત તો સુશિક્ષિતો અને અધિકારીઓ તરફથી અમારા પર અન્યાય થયો ન હોત. માનવતા માટે ઉગ્ર લડત આપો. પોતાનું ધ્યેય હાંસલ કરવાના માર્ગમાં આવતાં અવરોધો પોતે જ દૂર કરી તમારા પરનું કલંક પોતે જ ધોઈ નાખો."



'જો કે મારો સ્વભાવ ક્રોધી છે, સત્તાધારી લોકો સાથે મારે કેટલીય વાર બોલાચાલી થઈ ગઈ છે. પરંતુ એમણે એમ ન વિચારવું જોઈએ કે હું પરદેશમાં ભારત વિશે કંઈ પણ ઘસાતું બોલીશ, મેં દેશની સાથે ક્યારેય પણ દ્રોહ કર્યો નથી. મારા હૃદયમાં દેશહિત જ બિરાજમાન છે. ગોળમેજી પરિષદમાં હું ગાંધીજીથી ૨૦૦ માઈલ આગળ હતો.'



કોઈ રાષ્ટ્રે રાષ્ટ્રિય સમજૂતીના સંદર્ભમાં વાટાઘાટ કરવા માટે શ્રી ગાંધી કરતાં વધુ અયોગ્ય તેવી કોઈ વ્યક્તિને ક્યારેય મોકલી હશે ખરી? વાટાઘાટ કરવા માટે શ્રી ગાંધી કેવા અયોગ્ય વ્યક્તિ હતા તે તો જ્યારે આપણે જાણીએ છીએ ત્યારે તે વાત પ્રતીત થાય છે કે હિંદના આ એલચીને સ્વતંત્રતા અંગે વાટાઘાટો કરવા મોકલવામાં આવ્યા હતા અને પ્રાંતીય સ્વાયત્તતા સ્વીકારીને હિંદ પાછા ફરવા તૈયાર હતા. ગોળમેજી પરિષદોમાં દેશનું અહિત જેટલું શ્રી ગાંધીએ કર્યું છે તેટલું બીજા કોઈએ કર્યું નથી. આ અંગે જેટલું ઓછું કહીએ એટલું જ બહેતર.



કૉંગ્રેસ વિશે હું શું કહું? તેનો દૃષ્ટિકોણ શો હતો? હિંદમાં કૉંગ્રેસ જ એક માત્ર પક્ષ છે, બીજા કોઈ ગણતરીમાં જ નથી અને બ્રિટિશરોએ માત્ર કૉંગ્રેસ સાથે જ સમજૂતી કરવી જોઈએ. ત્યારે મને ખાતરી છે કે હું નથી અતિશયોક્તિ કરતો કે નથી હકીકતોની ગેર રજૂઆત કરતો. ગોળમેજી પરિષદોમાં શ્રી ગાંધીની આ ધ્રુવપંક્તિ હતી. હિંદના સરમુખત્યાર હોવાનો તેમનો ખુદનો દાવો બ્રિટિશ સત્તા સ્વીકારે તે પ્રસ્થાપિત કરવામાં જ એટલા રચ્યાપચ્યા હતા કે ભૂલી ગયા કે કોની સાથે સમજૂતી કરવાની છે તે અગત્યનો પ્રશ્ન નથી, પણ સમજૂતી શરતો કઈ છે તે મહત્ત્વનો પ્રશ્ન છે. સમજૂતીની શરતો અંગે તે કાર્યને પહોંચી વળવા શ્રી ગાંધી સાવ અસમર્થ હતા.





શ્રી ગાંધી લંડન ગયા ત્યારે તે ભૂલી જ ગયા હતા કે તેમની સામે તેમની સલાહ લેવા જનારાઓ અને આશીર્વાદ મેળવી પાછા ફરનારાઓ જેવી નહિ પણ વકીલોના સાક્ષીઓના પિંજરામાં તપાસ કરે તેવી વ્યક્તિઓ હશે. શ્રી ગાંધી એ પણ ભૂલી ગયા હતા કે તે કોઈ રાજકીય પરિષદમાં જાય છે. કોઈ વૈષ્ણવ મંદિરમાં નરસિંહ મહેતાનું ભજન ગાવા જતાં હોય તેમ તે ત્યાં ગયા હતા.



મારા મનમાં જરાય શંકા નથી કે આ ગાંધીયુગ આપણા દેશનો અંધારયુગ છે. તે યુગમાં લોકો ભવિષ્યમાં તેમના આદર્શો જોવાને બદલે પ્રાચીનતા ભણી આગળ વધી રહ્યા છે. આ એક એવો યુગ છે કે જ્યાં લોકોએ પોતાના માટે વિચારવાનું બંધ કર્યું છે અને તેમ કરીને તેમની જિંદગીની હકીકતો વિશે વાંચવાનું તપાસવાનું બંધ કર્યું છે. જ્ઞાન અને અનુભવે બનાવેલા માર્ગે જવાનો ઇન્કાર કરે છે અને રહસ્યવાદીઓ તથા ભ્રમણાવાદીઓના અંધારા માર્ગે જવાનું પસંદ કરે છે, તેવી અજ્ઞાન લોકશાહીનું ભાવિ કલ્પવું જ અસહ્ય છે.





કોમી પ્રશ્નોના ઉકેલના આપણા પ્રયત્નો ક્યાં તો ગુંડાને શણના ગાંઠાથી દમ મારવાની ડરપોક યોજના જેવા છે અથવા તો નબળા પર હુકમ કરતા ગુંડાની યોજના જેવા છે. જ્યારે કોઈ કોમ શક્તિશાળી બને અને કેટલાક રાજકીય અધિકારો માગે ત્યારે તેમની શુભેચ્છા જીતવા છૂટછાટો અપાય છે. તેના દાવાઓની કોઈ ન્યાયપૂર્વક ચકાસણી થતી નથી. યોગ્યતા પ્રમાણે ચુકાદો અપાતો નથી. પરિણામ એ આવ્યું છે કે માગણીઓની કોઈ સીમા નથી અને છૂટછાટોની કોઈ સીમા નથી. લઘુમતીઓ માટેના અલગ મતદાર મંડળથી માગણીઓનો પ્રારંભ થયો, તે સ્વીકારાઈ પછી કોમ બહુમતી છે કે લઘુમતી તેનો ખ્યાલ કર્યા વિના જ તેને માટે અલગ મતદાર



મંડળની માગણી થઈ, તે સ્વીકારાઈ પછી વસ્તીના આધારે અલગ પ્રતિનિધિત્વની માગણી થઈ, તેય મંજૂર રખાઈ. હવે પ્રતિનિધિત્વ આપવાનો દાવો થાય છે. તે સ્વીકારાયો એટલે હવે બહુમતીનાં અલગ મતદાર મંડળો રાખવાના અધિકાર સાથે લઘુમતીઓ પર કાયદેસરની બહુમતીનો દાવો થાય છે. તે પણ માન્ય રખાયો એટલે તરત જ દાવો થાય છે કે અમુક કોમનું બહુમતી શાસન અસહ્ય છે એટલી બીજી લઘુમતીઓ પર તેના બહુમતી શાસનનો અધિકાર જાળવી રાખીને દુભાવતી કોમને બહુમતી સરખી બનાવી દેવી. શાશ્વત રિઝવવાની આ નીતિ બીજું કશું જ વિચિત્ર નહિ હોય. આ તો અનંત માગણીઓના પરિણામે જન્મતા અનંત ખુશામતોની નીતિ છે.



ગાંધીજી સાથે તેમને થયેલા અનુભવોને આધારે તેમનો મત ખૂબ અંતિમ કક્ષાનો બંધાયો હતો. કહેવાય છે કે ભારતના રાજકારણમાં ડૉ. આંબેડકર જેવી સ્પષ્ટ અને આકરી જબાન તે વખતે બીજા કોઈ નેતાની નહોતી. ખરેખર ક્રાંતિકારી કદી પણ ગોળ ગોળ મીઠી ભાષામાં બોલતા નથી અને આગેકૂચ વખતે ધૂળ અને ધુમાડો ઉડાડ્યાં વિના પણ રહેતાં નથી. જો કોઈ માણસ ગાંધીજી એક પવિત્ર વ્યક્તિ હોવાની વાત આંબેડકર સમક્ષ કરે, તો તરત તેઓ ગુસ્સે થઈ કહેતાં "ગાંધીજી ઘુવડ જેવા અપવિત્ર અને અશુભ છે." "ગોળમેજી પરિષદ વખતનું ગાંધીજીનું વર્તન અત્યંત વિશ્વાસઘાતી હતું. કોઈ હલકી કક્ષાનો બદમાશ પણ આવું વર્તન કરે નહિ, જો 'મુખ મેં રામ, બગલ મેં છૂરી' એ પ્રકારના માણસને મહાત્મા ગણી શકાય તો મોહનદાસ કરમચંદ ગાંધી એવા મહાત્મા છે."



અહિંસાનો સિદ્ધાંત મને ગમે છે, પરંતુ અહિંસા અને શરણાગતિમાં ફરક છે. શરણે થઈ ગુલામગીરીનું અને લાચાર જીવન જીવવું શોભાસ્પદ નથી. આ અંગે હું સંત તુકારામ સાથે સહમત છું. દુરાચારીઓનો નાશ અને સદાચારીઓની રક્ષા એ પણ અહિંસા જ છે. જોકે પ્રાણીમાત્ર પર દયા કરવી એ અહિંસાનો એક ભાગ છે. તોપણ દુરાચારીઓનો નાશ એ પણ અહિંસાનો એક ભાગ છે. શક્તિ અને ચારિત્ર્ય એ જ તમારું ધ્યેય હોવું જોઈએ.





ફેડરલ સ્ટ્રક્ચર કમિટીમાંથી ડૉ. આંબેડકરને બહાર રાખવા પાછળ તેમના ભાષણ અને પહેલી ગોળમેજી પરિષદ દરમ્યાન તેમને પડેલી છાપ જવાબદાર હતી. જે મુજબ ડૉ. આંબેડકર તેમનો ભારતની સ્વાધીનતા અંગે અવિભાજીત, અખંડ સ્વતંત્ર ભારતનો અભિગમ.



પહેલી ગોળમેજી પરિષદ દરમ્યાન શરૂઆતમાં જે પ્રેસના મિત્રો તેમના વિરોધમાં હતા તેઓ પણ હવે ડૉ. આંબેડકરને સમજવા લાગ્યા હતા અને તેમની નિર્વિવાદ રાષ્ટ્રભક્તિની પ્રશંસા કરવા માંડયા હતા.





ઇંડિયન ડેઈલી મેઈલે લખ્યું કે “એ સાચો દેશભક્ત છે અને સાચી રીતે પોતાની સરકારને સુરક્ષિત કરવા રસ ધરાવે છે. ભવિષ્યની ચર્ચામાં સેનેટ અને સંઘીય વિધાનસભા પર આધારિત હશે દબાયેલા કચડાયેલા લોકોનો આ મેધાવી પ્રતિનિધિએ એક મહત્ત્વનો ભાગ ભજવવાનો હશે.”



જે વ્યક્તિનાં પ્રેમ અને ઘૃણા પ્રબળ નથી તે વ્યક્તિએ એવી આશા પણ ન રાખવી જોઈએ કે, તેનાં સંતાનો પર કોઈ પ્રભાવ મૂકી જશે અને તે એવી સહાયતા પ્રદાન કરશે. જે મહાન સિદ્ધાંતો અને સંઘર્ષ વિનાનાં લક્ષ્યો માટે ઉચિત હોય. હું અન્યાય, અત્યાચાર, આડંબર અને અનર્થને ઘૃણા કરું છું. વળી મારા આલોચકોને બતાવવા માંગું છું કે, હું મારા આ ભાવોને મારા વાસ્તવિક બળ અને શક્તિ માનું છું અને તે કેવળ પવિત્ર પ્રેમની અભિવ્યક્તિ છે. હું એ લક્ષ્યો અને ઉદ્દેશ્યો માટે પ્રગટ કરું છું, જેના પ્રતિ મારો અતૂટ વિશ્વાસ છે.





૭ નવેમ્બર, ૧૯૩૨ના રોજ તેઓ ઇંગ્લૅંડ જવા ઊપડ્યા. ત્યારે ગાંધીજીએ યરવડા જેલમાંથી દલિત ચળવળ અંગે બહાર પાડેલા નિવેદન અંગે તેમણે તેમના મિત્રોને જણાવ્યું કે, “ગાંધીજીનું વલણ બદલાઈને આપણા મતને અનુકૂળ થતું આવતું લાગે છે. પરંતુ આંતરજ્ઞાતિય લગ્ન અને સહભોજન માટે ગાંધીજીનું મન હજુ માનતું નથી. ગાંધીજીએ ઉપવાસ ન કરવા જોઈએ. કેમ કે એમ કરીને તેઓ નાહક પ્રાણ ગુમાવશે.”

આ અંગે આગળ તેમણે અસ્પૃશ્યતા નિવારણ સંસ્થાના મહામંત્રી શ્રી અમૃતભાઈ ઠક્કર (ઠક્કરબાપા)ને પત્ર લખી જણાવ્યું કે, “સ્પૃશ્યો અને અસ્પૃશ્યો બેઉ કાયદાના બંધનથી અથવા અલગ મતદાર મંડળને બદલે સંયુક્ત મતદાર મંડળની રચના કરવાથી કદી પણ



ભેગાં થશે નહિ. ફક્ત પ્રેમનું બંધન જ તેમને એકઠાં રાખી શકશે અને ન્યાય તથા સમાનતા સ્વીકાર્યા વિના પ્રેમ ઉદ્‌ભવતો નથી. સવર્ણ હિંદુને તેના વિચાર અને આચારમાં ક્રાંતિ કરવાની ફરજ પડાશે ત્યારે જ અસ્પૃશ્યોનો ઉદ્ધાર થશે. એટલે અસ્પૃશ્ય વર્ગોને નાગરિકત્વના સીધા સાદા અધિકારો મેળવી આપવા કૂવામાંથી પાણી ભરવું, નિશાળમાં તેમનાં બાળકોને દાખલ કરવાં, ગામડાના ચોરામાં પ્રવેશ આપવો અને તેમને બળદગાડી, ઘોડાગાડી, હોડી વગેરે વાહનોનો બેરોકટોક ઉપયોગ કરવા દેવા માટે આંદોલન કરવું. આ ચળવળ સફળ બનાવવી હોય તો તમારે સમાજ સેવકોની એક સેના તૈયાર કરવી પડશે. આ સ્વયંસેવકો અસ્પૃશ્યોને એમના અધિકારો માટે લડવા ઉત્તેજન આપી પ્રવૃત્ત કરશે અને સરકારી કચેરીઓમાંથી દાદ મેળવવા નાણાં તેમજ બીજી જરૂરી મદદ કરશે."





ઐતિહાસિક 'પૂના કરાર'નું ભવિષ્ય આંબેડકર જાણતા હતા. તેમણે 'પૂના કરાર' બાદ જણાવ્યું કે, "અલગ મતાધિકાર રાષ્ટ્રને હાનિકર્તા છે. એમ માનીને આપણે કોમી ચુકાદા સામે પૂના કરાર કરવો પડ્યો. પરંતુ હું સ્પષ્ટપણે માનું છું કે બહુમતી પ્રતિનિધિત્વને કદાચ અલગ મતાધિકાર અહિતકર હશે, પરંતુ અલ્પસંખ્યકો માટે તો આ અલગ મતાધિકાર આશીર્વાદરૂપ છે. વળી આપણે આજે જે કરાર કર્યા ને તેમાં સંયુક્ત મતાધિકારની વ્યવસ્થા કરી, પરંતુ તે દલિતોની અસ્પૃશ્યતા નિવારણનો ઉકેલ આપશે તેવું નથી. કારણ કે દલિત સમાજને હિંદુસમાજમાં સન્માન સાથે સામાજિક સમતા મળે તે માટે હિંદુ સમાજે પણ સાથ સહકાર આપવો પડશે. આજે દલિત સમાજ

જે રીતે અજ્ઞાનતાના અંધકારમાં પડ્યો છે તેણે હવે જાગ્રત થવું પડશે, આત્મસન્માનની ભાવના જગાડવી પડશે. આ માટે દલિત સમાજે શિક્ષિત બનવું જ પડશે. દલિત સમાજને હિંદુ ધર્મથી દૂર જતો અટકાવવો પડશે તે માટે મહાત્મા ગાંધી સમજી ગયા છે. એટલા માટે જ મંદિરો, જળાશયોનાં દ્વાર દલિતો માટે ખોલી નાખવાની જાહેરાતો થવા લાગી છે. હિંદુ ધર્મને જો જીવાડવો હશે તો અસ્પૃશ્યતાને મારવી જ પડશે."







બળપ્રયોગ અસ્થાયી વ્યવસ્થા છે. બળપ્રયોગ વડે થોડાંક સમય પૂરતી શાંતિ સ્થપાઈ શકે છે, પણ કાયમી અને વાસ્તવિક ઇચ્છા રહેતી હોય છે. જે દેશને વારંવાર જીતવો પડે એવા દેશ પર શાસન કરવું અઘરું છે. આંતકવાદી વાતાવરણમાં બળપ્રયોગ હંમેશાં સાર્થક સાધન બની શકતું નથી. સૌ કોઈએ સમજી લેવું જોઈએ કે હથિયારોથી ક્યારેક કાયમી વિજય પ્રાપ્ત થતો નથી.



એ વાત સ્પષ્ટ છે કે જ્યાં સુધી સંદેહ ઊપજતો નથી, ત્યાં સુધી પ્રગતિ થઈ શકતી નથી. આપણે એ પણ જોયું કે સભ્યતા માનવીના જ્ઞાનના યોગદાન પર નિર્ભર રહે છે અને તે વાત પર પણ અવલંબિત રહે છે કે જ્ઞાનને ક્યાં સુધી સંચારિત કરવામાં આવ્યું છે. પરંતુ લોકો પોતાનાં જ્ઞાનથી સંતુષ્ટ થઈને બેસી જતાં નથી. જે વ્યક્તિ પોતાનાં જ્ઞાન અને વિચારોને સંપૂર્ણ માને છે અને તેનાં જ્ઞાનના આધારને ઢંઢોળવાનું કષ્ટ ઉઠાવતાં નથી, તેમના જ્ઞાનમાં વૃદ્ધિ થતી નથી. તે તેમનાં વડવાઓ પાસેથી શીખ્યા છે અને સાંભળ્યું છે તેને જ સત્ય માને છે. તેની વિરૂદ્ધ કંઈ પણ કહેવામાં આવે તો તેમને ભયાનક લાગે છે. હવે જ્યારે તેમની માનસિક સ્થિતિ આવી જ હોય ત્યારે નવાં સભ્યો અને તથ્યોનો સ્વીકાર કરવો તેમને અસંભવ લાગશે, જે તેમનાં ચીલાચાલુ નિર્ણયોની સાથે મેળ ખાતા નથી.





રાષ્ટ્રવાદ ત્યારે જ ઔચિત્ય ગ્રહણ કરી શકે કે જ્યારે લોકો જાતિ, જ્ઞાતિ, રંગ તથા ઊંચનીચના ભેદભાવ ભુલાવી તેમનામાં રહેલી સામાજિક ભ્રાતૃત્વની ભાવનાને સર્વોચ્ચ સ્થાન આપે.



બધા જ મનુષ્યો એક જ માટીમાંથી બન્યા છે. તેથી સૌને અધિકાર છે કે તેઓ પોતાની સાથે સારા વ્યવહારની અપેક્ષા રાખે.





પ્રત્યેક પ્રગતિ માટે મૂલ્ય ચૂકવવું પડે છે અને એ મૂલ્ય ચૂકવે એ પ્રજા જ પ્રગતિ હાંસલ કરે છે.



એક ઇતિહાસકાર ચોક્કસ, નિખાલસ, નિષ્પક્ષ, આવેગમુક્ત સ્વાર્થ, ભય અને અનુરાગથી પર તેમજ સત્યનિષ્ઠ હોવો જોઈએ, જે સત્ય ઇતિહાસની જનની છે, જે (ઇતિહાસ) મહાન કાર્યોનો સંરક્ષક છે, જે વિસ્મૃતિનો શત્રુ અને ભૂતકાળનો સાક્ષી છે તેમજ ભવિષ્યનો નિયામક છે. ટૂંકમાં એક ઇતિહાસકાર ખુલ્લા દિમાગનો હોવો જોઈએ પણ ખાલી દિમાગનો હોવો જોઈએ નહિ. આવા ઇતિહાસકારે તેની સમક્ષ પડેલાં સઘળાં પુરાવા ચકાસવા તત્પર રહેવું જોઈએ. પછી ભલેને તે પુરાવા બનાવટી હોય?





હું કોઈ પણ સમાજની પ્રગતિનું અનુમાન એ વાતથી કરું છું કે એ સમાજની મહિલાઓની સ્થિતિ કેવી છે? નારીની ઉન્નતિ વિના પરિવાર, સમાજ તેમજ રાષ્ટ્રની પ્રગતિનાં સ્વપ્ન જોવાં એ તો રણમાં વહાણ ચલાવવા સમાન છે.



ભારતમાં સમાજસુધારણાનો માર્ગ સ્વર્ગના માર્ગ જેટલો જ કઠિનતાઓથી ભરેલો છે. ભારતમાં સમાજ સુધારકોના પ્રશંસકો અલ્પ અને આલોચકો વધારે છે. મારા મનમાં એ પ્રશ્ને જરાય સંદેહ નથી કે જ્યાં સુધી આપણે વર્તમાન સમાજનો ઢાંચો નહીં બદલીએ ત્યાં સુધી પ્રગતિના રૂપમાં આપણે ખાસ કશું પામી શકવાના નથી.



શ્રેષ્ઠ વ્યક્તિને કારણ સર્વશ્રેષ્ઠ વ્યક્તિને દૂર કરાય અને ખરાબ વ્યક્તિને કારણે સારી વ્યક્તિને દૂર કરાય એવું કશું ન થવું જોઈએ. અમૂર્ત સિદ્ધાંત સાથે કોઈને તકરાર હોઈ શકે નહિ. પણ માનવી યંત્ર નથી. તે કેટલાંક પ્રત્યે સહાનૂભૂતિની તો અન્ય પ્રત્યે દ્વેષની લાગણી દર્શાવતો માનવી છે. શ્રેષ્ઠ વ્યક્તિ માટેય આ સાચું જ છે. તેનામાં પણ વર્ગભેદ વર્ગદ્વેષની લાગણીઓ હોય છે. આ ખ્યાલોનું ધ્યાન રાખીએ તો શાસકવર્ગો અને દાસવર્ગોના એકબીજા માટેના અભિગમોમાં જે ભેદ છે, તે એક રાષ્ટ્રની વ્યક્તિના અન્ય રાષ્ટ્રની વ્યક્તિ પ્રત્યેના અભિગમ જેવાં જ હોય છે.



આપણાં સામાજિક અને આર્થિક ધ્યેયો બંધારણીય માળખાંમાં રહી પરિપૂર્ણ કરવા જોઈએ. નાગરિકો દ્વારા કાયદાનું ઉલ્લંઘન, અસહકાર, હઠાગ્રહ, સત્યાગ્રહ વગેરે ગેરબંધારણીય માર્ગોને બંધ કરવા જોઈએ. જ્યારે આર્થિક અને સામાજિક માળખાંને સમૃદ્ધ બનાવવા કોઈ બંધારણીય ઉપાયો ન હોય ત્યારે જ ન્યાયીક રીતે બંધારણને ઉવેખ્યા વિના સામાજિક અને આર્થિક ધ્યેયો પાર પાડવાં જોઈએ. પરંતુ જ્યારે બંધારણીય ઉપાયો અને ઉદ્દેશ્યો નજર સમક્ષ હોય ત્યારે ગેરબંધારણીય રીતો અપનાવવી ન જોઈએ. આ ગેરબંધારણીય રીતો એ અરાજકતાનું કારણ છે. તેથી દેશને સમૃદ્ધ બનાવવા આવી અરાજકતા ફેલાવે તેવી રીતરસમો છોડી દેવી પડશે.



અસમાનતા જેવી નરી સ્વાર્થી વસ્તુને પરંપરા બનાવવી તે જેટલું સહેલું છે, તેટલી સહેલાઈથી સત્યને આદર્શ બનાવી શકાતું નથી. માણસ પોતાના અંગત સ્વાર્થને આદર્શ (પરંપરા) બનાવે છે. આવા સ્વાર્થને પરંપરા બનાવવી એ અપરાધ સિવાય બીજું કાંઈ નથી. આ અસમાનતા (સ્વાર્થ) પરંપરા છે, તેવો અભિપ્રાય પણ સદાચારનો વિરોધ કરે છે. સમ્યક સમજણ ધરાવતો કોઈ પણ સમાજ આવી પરંપરાને સ્વીકારે જ નહિ એટલું જ નહિ પણ ઇતિહાસના પરિપ્રેક્ષ્યમાં જોઈએ તો, વ્યક્તિ અને સમાજે જે પ્રગતિ કરી છે તે માત્ર નૈતિક સિદ્ધાંતને કારણે જ કરી છે. માટે જે કાંઈ ખોટી પરંપરા પડી હોય તે, કદી પણ શાશ્વત પરંપરા હોતી નથી. પરંતુ તે પરંપરાને સત્યના પરિપ્રેક્ષ્ય ફરીથી શાશ્વત બનાવવી જોઈએ.



મારું મન ખૂલ્લું છે જોકે તે ખાલી નથી. ખૂલ્લાં મનવાળી વ્યક્તિ સદૈવ અભિનંદનને પાત્ર છે. પરંતુ ઘણી વખત એવું બને છે કે ખુલ્લું મન ખાલી પણ હોય. આવું ખુલ્લું મન ઘણી વખત સુખદ અથવા દુ:ખદ પરિસ્થિતિ સર્જે છે. ખાલી મગજ ધરાવતી વ્યક્તિ પર સંકટ સહેલાઈથી વર્ચસ્વ જમાવી દે છે. આવી વ્યક્તિ માલસામાન અને સુકાન વિનાના વહાણ જેવી હોય છે, જે સાચી દિશાના અભાવે ખડક સાથે અથડાઈને ભાંગી જાય છે.





ગોરા લોકોને દ્વારા નીગ્રો ઉપર જેટલા અત્યાચારો થાય છે, તેનાથી અનેકગણા અત્યાચારો સવર્ણો દ્વારા દલિતો ઉપર કરવામાં આવે છે. નીગ્રો ગુલામ ઉપર માત્ર શારીરિક અત્યાચારો થાય છે. જ્યારે દલિતો ઉપર શારીરિક-માનસિક અત્યાચારો થાય છે. ગોરા લોકોએ નીગ્રોના દેહને દઝાડ્યો છે. જ્યારે સવર્ણોએ દલિતોના મન મારી નાખ્યાં છે. દેહ દઝાડવાં કરતાં મન મારવું ઘણું જ ઘાતક છે. તેનો સર્વે સ્વીકાર કરશે જ.



મારા સમગ્ર જીવન દરમિયાન હું વિદ્યાર્થી જ રહેવા ઇચ્છતો હતો, જ્ઞાન ક્ષુધાના પરિતોષ માટે પેટની ક્ષુધાને દબાવીને પણ મેં અનેક ગ્રંથો ખરીદ્યા હતા. પ્રાધ્યાપક તરીકેની નાનકડી નોકરી સ્વીકારી સુખેથી જીવન વિતાવવાની મારી મનીષા હતી. પરંતુ સદ્‌ભાગ્યે કહો કે દુર્ભાગ્યે કહો હું અછૂતોનાં આંદોલનમાં આવી ચઢ્યો પછી તેમાં ખૂંપી ગયો... માણસો નહીં, નાણાં નહીં અને બુદ્ધિમત્તાની પણ ભારે ઊણપ ધરાવતાં એવાં અછૂત સમાજની આ સ્થિતિમાં આ સમાજનું કાર્ય કરવું અતિ કઠિન છે. પરંતુ હું અવિરતપણે કરતો જ રહ્યો.... કરતો જ રહ્યો.



સંસારમાં માણસને જે સુખદુઃખ ભોગવવાં પડે છે તે ઈશ્વરેચ્છાથી આવે છે. દારિદ્ર આપણાં માટે જ છે. એમ લોકો માને છે. આપણને આવા નીચ માનવાની વૃત્તિ છોડો. સહભોજન અને મંદિરપ્રવેશ સામે મારો વિરોધ નથી. પણ આનાથી આપણને રાજકીય હક્ક મળવાના નથી. હવે પછી જે કાયદાઓ ઘડાશે તે અસ્પૃશ્ય વર્ગોની સંમતિથી ઘડાશે. આ એક સામાજિક ક્રાંતિ છે. આપણે કુટુંબનો નિર્વાહ ચલાવવાની જરૂર છે. અન્ન, કપડાં અને રહેવા માટે સારું મકાન આપણને મળવું જ જોઈએ. અસ્પૃશ્ય વર્ગોમાંથી પણ આંતરિક જાતિભેદ દૂર થવો જોઈએ.



મજૂરોનો ધર્મ આંતરરાષ્ટ્રીયતા છે. તે રાષ્ટ્રવાદમાં માને છે, કારણ કે, પ્રતિનિધિત્વવાળી લોકસભા, જવાબદાર અમલદારી પ્રથા, બંધારણીય પ્રણાલિકાઓ વગેરે લોકશાહીના આધારસ્તંભો, રાષ્ટ્રીય ભાવનાને કારણે એક સૂત્રમાં બંધાઈ વધુ સારી રીતે કાર્ય કરે છે. તેથી મજૂરીની સંવેદના રાષ્ટ્રવાદમાં રસ ધરાવે છે. રાષ્ટ્રવાદ મજૂર માટે અંતિમ લક્ષ્ય નથી કે જે અંતિમ લક્ષ્ય માટે મજૂરી જીવનના શ્રેષ્ઠ સિદ્ધાંતોની સાથે બાંધછોડ કરવા સંમત થાય.





રાષ્ટ્રને નેતૃત્વ જોઈએ ત્યારે રાષ્ટ્રને નેતૃત્વ કોણ આપી શકે? એ પ્રશ્ન છે. હું એ કહેવાનું સાહસ કરું કે માત્ર શ્રમિકો જ રાષ્ટ્રને જરૂરિયાત વખતે નેતૃત્વ પૂરું પાડવા માટે શક્તિમાન છે. બીજી વસ્તુઓ કરતાં સાચાં નેતૃત્વ માટે સ્વતંત્ર વિચારધારા અને આદર્શવાદ જરૂરી છે. એકલો આદર્શવાદ તો થોડાંક કુલીન વર્ગના લોકો માટે શક્ય છે. પરંતુ આદર્શવાદ અને સ્વતંત્ર વિચારધારા મધ્યમ વર્ગના લોકો માટે શક્ય નથી. રાષ્ટ્રને દોરવણી આપવા માટે સ્વતંત્ર વિચારધારા અને આદર્શવાદની જરૂર છે. તેનું સ્વાગત કરવા મધ્યમ



વર્ગના લોકો તૈયાર નથી. તેઓમાં નવો ચીલો ચીતરવાની ઇચ્છા જ નથી. જે હજુ મજૂર વર્ગના લોકોમાં જીવંત છે. રાજકીય ભાવિ માટે આ એક અગત્યનું પાસું છે, જે શ્રેષ્ઠ ભૂતકાળ પાછો લાવવા માટે જરૂરી છે. શ્રમિકોનું નેતૃત્વ ભારત અને ભારતીયોની એકતા અને સંઘર્ષ માટે જરૂરી છે. વિજયનો આસ્વાદ સ્વતંત્રતા અને નવા સામાજિક ઢાંચા માટે જરૂરી છે. આવા વિજય માટે બધાએ સંઘર્ષ કરવો જોઈએ. આ વિજય આસ્વાદથી પિતૃ મુલકમાં સમાનતા અને એકતાના અધિકારને નકારી શકાશે નહિ.





ગાંધી હોય કે જિન્હા હું વ્યક્તિપૂજામાં માનતો નથી. તે ન્યાયે રાનડેની વ્યક્તિપૂજામાં હું જોડાઈ શકું નહીં. આપણે ત્યાં વ્યક્તિપૂજા ને તે પછી મૂર્તિપૂજા ચાલી છે. જે કમનસીબ છે. હું તો કહું છું કે ‘ખિસ્સાકાતરુથી સાવધ રહો’ તેવાં પાટિયાની જેમ ‘મહાપુરુષોથી સાવધ રહો’ તેવાં પાટિયાં મૂકવાની જરૂર છે. વ્યક્તિના આદર્શોની, કાર્યની કિંમત થવી જોઈએ.



યાત્રા, એકાદશી, સોમવાર વગેરે ઉપવાસ કરવાથી કે શનિ મહાત્મય, શિવલીલામૃત, ગુરુચરિત્ર વગેરે પોથીઓનું પારાયણ કરવાથી તમારો ઉદ્ધાર થવાનો નથી. તમારા વડીલ-પૂર્વજો હજારો વર્ષથી એ બધું કરતાં આવ્યા હતાં, પરંતુ એથી તમારી દયાજનક પરિસ્થિતિમાં તસું સરખો પણ ફરક પડ્યો છે ખરો? અગાઉની જેમ જ હજુ તમારાં અંગો પર ચીંથરેહાલ વસ્ત્ર જ છે. હજુ પણ તમારા પૂર્વજોની જેમ જ તમારે તમારા તરફ ફગાવાતાં એંઠવાડ પર જ જીવનનિર્વાહ ચલાવવો પડે છે. ઢોરઢાંખર માટેની જગ્યા કરતાં પણ ગંદા રહેઠાણમાં જ તમારે વસવું પડે છે. હજુ પણ મરઘાં-કૂકડાની જ જેમ તમે અનેક રોગચાળાનો ભોગ બની રહ્યાં છો. તમે કરેલાં ધાર્મિક ઉપવાસો, વ્રતો કે તપશ્ચર્યા કોઈએ પણ તમને ભૂખમરાંમાંથી છોડાવ્યા નથી.





કોઈએ પણ એવા ભ્રમમાં રહેવું નહીં કે હિંદુ સમાજમાં સુધારો કરવો એ અસ્પૃશ્યતા નિવારણ આંદોલનનો મુખ્ય હેતુ છે. અસ્પૃશ્યતા નિવારણ આંદોલનનો હેતુ તો અસ્પૃશ્યોને સામાજિક સ્વતંત્રતા અપાવવાનો છે અને એ સ્પષ્ટ છે કે આ સ્વતંત્રતા ધર્માંતરણ સિવાય પ્રાપ્ત નહીં થાય.’



શિક્ષણ એ બેધારી તલવાર હોવાથી તેના ઉપયોગમાં જોખમ પણ રહેલું છે. ચારિત્ર્યહીન અને વિનયહીન સુશિક્ષિત મનુષ્ય પશુ કરતાં પણ વધુ ભયંકર હોય છે. સુશિક્ષિત માણસોનું શિક્ષણ ગરીબ જનતાનાં હિતોનું વિરોધી હોય, તો તેવાં સુશિક્ષિત મનુષ્યો સમાજ માટે અભિશાપરૂપ બની જાય છે. એવાં મનુષ્યો ધિક્કારપાત્ર હોય છે.





હું તમને કહું છું, ધર્મ મનુષ્ય માટે છે. મનુષ્ય ધર્મ માટે નથી. આ જગતમાં તમારે સંગઠિત બનવું હોય, સમાજને એક સંઘ બનાવવો હોય અને આ જગતમાં યશ સંપાદન કરવો હોય તો હિંદુ ધર્મનો ત્યાગ કરો. જે ધર્મ તમને માણસ તરીકે ઓળખવા તૈયાર ન હોય, જે ધર્મ તમારા પેટમાં પાણી પડવા દેતો નથી, તે ધર્મ તો 'ધર્મ' સંજ્ઞા માટે જ અપાત્ર છે. જે ધર્મ તમને શિક્ષણ લેવા દેતો નથી, તમારા ઐહિક ઉત્કર્ષની આડે આવતો રહે છે. તે ધર્મ ધર્મ ગણાવા માટે યોગ્ય નથી. જે ધર્મ નથી, પણ એક રોગ છે. જે ધર્મ તેના



અનુયાયીઓને અમંગલ પશુઓના સ્પર્શને સહન કરવાનું તો શીખવે છે, પણ માણસના સ્પર્શને અસહ્ય ગણાવે છે, તે ધર્મ નથી પણ ગાંડપણ છે. જે ધર્મ અમુક વર્ગોને શિક્ષણથી દૂર રાખે છે, ધનસંચય કરવા દેતો નથી અને શસ્ત્ર પણ ધારણ કરવા દેતો નથી તે ધર્મ નથી, માનવજીવનની ઠેકડી છે. જે ધર્મ અજ્ઞાનીઓ અજ્ઞાની રહે અને નિર્ધનો નિર્ધન રહે તેમ કહેતો હોય તે ધર્મ નથી પણ એવા સંબંધિત વર્ગ માટે એક શિક્ષા સમાન છે.



હું મારા દલિત ભાઈઓને એક પ્રશ્ન પુછું કે તમોએ સમાજ માટે શું કર્યું? તમે લોકો ગૃહસંસારની જંજાળમાં જ પડ્યા ન રહેશો. પરંતુ જે સમાજમાં તમારો જન્મ થયો છે તે સમાજની પરિસ્થિતિ શું છે તે તરફ તમારે ધ્યાન આપવું જોઈએ. આપણા સમાજની ઉન્નતિ અને ઉદ્ધાર માટે શક્ય એટલો ત્યાગ કરો. તમે નોકરી કરતાં કરતાં પણ જેટલી બને તેટલી દાનની મદદ કરો. મહામુસીબતે મેળવેલી સુવિધાઓનો વધુમાં વધુ લાભ ઉઠાવો અને ભણતર બાદ સરકારના મહત્ત્વના સ્થાનો પર કાબૂ મેળવો. જ્યાંથી સમાજની વધારેમાં વધારે સેવા કરી શકશો. જો તે સરકારી સહાયનો ઉપયોગ કરી ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત ન કર્યું અને ઉચ્ચ હોદ્દાઓ પ્રાપ્ત ન કર્યા તો પાછળથી પશ્ચાત્તાપ થશે. ઉચ્ચ હોદ્દાઓ પ્રાપ્ત કર્યા પછી આ સમાજને ક્યારેય ભૂલશો નહિ.



ચારિત્ર્ય શિક્ષણ કરતાં પણ વધુ મહત્ત્વનું છે. તરુણોમાં ધર્મ તરફ જે ઉદાસીનતા પ્રવર્તી રહી છે તે જોઈને મને દુઃખ થાય છે. ધર્મ તો અફીણની ગોળી છે એમ કેટલાક લોકો કહે છે. પરંતુ એ વાત સાચી નથી. મારામાં જે કોઈ સાચાં ગુણો છે અથવા તો મારા શિક્ષણને લીધે સમાજનું જે કંઈ હિત સાધી શકાયું છે, તે મારામાં રહેલી ધર્મભાવનાને કારણે જ શક્ય બન્યું છે. મારે ધર્મ જોઈએ છે, પરંતુ ધર્મના નામે ચાલતો ઢોંગ મને ખપતો નથી.





બ્રિટિશ શાસન સમયે ભારતીય સંસદીય વ્યવસ્થા ખોખલી જણાતી હતી એનું કારણ છે કે, એ સંસદીય વ્યવસ્થા સંસદીય સત્તા વગરની હતી, જેથી ચૂંટાયેલી વ્યક્તિ સત્તાથી વંચિત પણ નહોતી અને સત્તાપ્રાપ્ત પણ નહોતી!



પોતાના અલિપ્તપણાં ઉપરાંત ચારિત્ર્ય, હેતુઓ અને હિતો ભિન્ન હોવાને કારણે બ્રિટિશ સત્તાતંત્ર ભારતીય સમાજમાંના જીવંત બળો પ્રત્યે સહાનુભૂતિ પ્રગટાવી શક્યું નહોતું. ભારતીય સમાજની આકાંક્ષાઓ, ઇચ્છાઓ, દુઃખોદર્દો વગેરેથી એ નિર્દોષ રહ્યું હતું. અને એથી જ એણે શિક્ષણને આગળ ન ધપાવ્યું એટલું જ નહિ, સ્વદેશીના આગ્રહને ઠુકરાવ્યો તથા રાષ્ટ્રીયતાની ભાવનાને કચડી નાખી. આવું કરવા પાછળનું એકમાત્ર કારણ એ હતું કે આ તમામ બાબતો બ્રિટિશ સત્તાતંત્રના મૂળિયાંને કોરી શકે તેમ હતી.



સ્વરાજ્ય એ જેવી રીતે બ્રાહ્મણોનો જન્મસિદ્ધ અધિકાર છે એવી જ રીતે દલિતોનો પણ છે. આ વાત કોઈપણ માન્ય રાખશે. માટે સમાજના આગળ પડતાં વર્ગોએ દલિતોને શિક્ષણ આપી તેમના મનની અને સામાજિક દરજ્જાની ઊંચાઈ વધારવી એ તેમનું આદ્ય કર્તવ્ય છે. જ્યાં સુધી આ નહીં થાય ત્યાં સુધી ભારતીય સ્વાતંત્ર્ય દિન દૂર જ રહેશે એ નિશ્ચિત છે.



અસ્પૃશ્ય વર્ગને તેઓ સમજાવતાં કે, "દેવીદેવતાઓનાં પૂજન કરતાં પેટભર અન્ન પ્રાપ્ત કરવાની વાત તેમના માટે મહત્ત્વની છે."



દલિતોએ પોતાનો ઉદ્ધાર પોતે જ કરવો પડશે. પારકા ઉપર આધાર રાખી બેસી શકાય નહીં. આપ સમાન બળ નહીં. આત્મદીપો ભવઃ



જે સમાજમાં હું જન્મ્યો છું તે (દલિત) સમાજ ઉપરના અમાનવીય, અન્યાયી, ઘૃણાજનક, ગુલામીયુક્ત અત્યારો દૂર કરીને જ જંપીશ અને તે અત્યાચારો દૂર કરવામાં હું નિષ્ફળ નિવડીશ તો બંદૂકની ગોળી વડે મારો અંત આણીશ.



અહિંસા પરમ ધરમ છે એ તત્ત્વ બધા જ સમયે પાળવું શક્ય નથી. આંખના પલકારાથી પણ જીવજંતુ મરે છે. પાણી, દૂધ, દવા ઇત્યાદિમાં પણ જીવજંતુ હોય છે. વૃક્ષોમાં પણ જીવ હોય છે. તેમ છતાં પાણી પીવું, ફળફળાદિ ખાવાં, ઝાડ તોડવાં, શ્વાસોચ્છ્વાસ લેવો એ બધું કરવું પડશે. આપણો જીવ લેવા આવનાર, સ્ત્રી પર બળાત્કાર કરનાર, ઘરને આગ ચાંપનાર અથવા સંપત્તિની ચોરી કરનાર સાથે થયેલા ઝઘડામાં એની હત્યા થાય તો હત્યાનું પાપ હત્યા



કરનારને માથે નથી આવતું. દુષ્ટ પોતાના અધર્મથી જ માર્યો જાય છે. હિંસા એટલે મનને દુઃખ આપવું એવું હોય તો ગાંધીજીની અહિંસા એ હિંસા જ છે. ખરેખર તો શક્ય હોય ત્યાં સુધી અહિંસા અને જરૂર પડે હિંસા એવું ધોરણ સત્યાગ્રહીએ અપનાવવું સિદ્ધિની દૃષ્ટિએ યોગ્ય જ છે. એટલું જ નહીં, એ નીતિની દૃષ્ટિએ પણ યોગ્ય છે. (આપણે બધા નિઃશસ્ત્ર હોવાને કારણે આ પ્રશ્ન સત્યાગ્રહની બાબતમાં ઉદ્ભવતો નથી.)



બુદ્ધિજીવી વર્ગ એ છે કે દૂરદર્શી હોય છે. જે સલાહ આપે અને નેતૃત્વ પણ પ્રદાન કરે છે. કોઈપણ દેશની મોટાભાગની આમ જનતા વિચારવંત અને ક્રિયાશીલ જીવન જીવતી નથી. આ લોકો મોટાભાગે બુદ્ધિજીવી વર્ગનું અનુકરણ અને અનુસરણ કરે છે. એ કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી કે કોઈપણ દેશનું ભાવિ તેનાં બુદ્ધિજીવી વર્ગ પર નિર્ભર હોય છે. જો બુદ્ધિજીવી વર્ગ ઈમાનદાર સ્વતંત્ર અને નિષ્પક્ષ હોય તો તેની ઉપર ભરોસો મૂકી શકાય કે તે સંકટના સમયમાં

પહેલ કરી, ઉચિત નેતૃત્વ પ્રદાન કરે. એ વાત સાચી છે કે પ્રજ્ઞા એક ગુણ નથી. પરંતુ તે એક સાધન છે અને સાધનનો ઉપયોગ કેવળ લક્ષ્ય પર નિર્ભર છે, જેને એક બુદ્ધિમાન વ્યક્તિ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે છે. બુદ્ધિમાન વ્યક્તિ ભલો હોય છે, પરંતુ ક્યારેક દુષ્ટ પણ હોય છે, આ પ્રકારે બુદ્ધિજીવી વર્ગ અને સમ્યક વિચારોવાળા વ્યક્તિઓનું એક દળ હોવું જરૂરી છે. જે સહાયતા પ્રદાન કરે અને માર્ગ ભૂલેલા લોકોના માર્ગવાહક બનવા માટે હંમેશા તત્પર રહે.







સાહિત્યકારોને હું આગ્રહપૂર્વક કહેવા માગું છું કે, તમે તમારા સાહિત્યસર્જન દ્વારા ઉદાત્ત જીવનમૂલ્યો અને સાંસ્કૃતિ - મૂલ્યોનો વિકાસ કરો. તમારા વિચારો સંકુચિત કે સીમિત ન રાખતાં તેમને ઉદાર અને ઉદાત્ત બનાવો. તમારી વાણીને ચાર દીવાલોમાં મર્યાદિત ન રાખતાં ગામે ગામના ગહન અંધારા દૂર કરવા, ચોમેર ફેલાવો. તમારે ભૂલવું ન જોઈએ કે આપણા દેશમાં ઉપેક્ષિતોનું, દલિતોનું અને દીન-દુખિયારાઓનું એક અલગ વિશ્વ છે. તેમનું દુઃખ, તેમની વ્યથા સમજો અને સાહિત્ય દ્વારા તેમનું જીવન ઉન્નત બનાવવા તમે તમારી સર્જનશક્તિ સમર્પિત કરો. ખરી માનવતા એમાં જ છે.



હિંદુ ધર્મના કટ્ટર ટીકાકાર જાણી મારો ઉપયોગ હિંદુના સ્વાતંત્ર્ય વિરુદ્ધ કરવા માટે જ કદાચ બ્રિટિશ શાસને મારી નિમણૂક કરી હશે તો પણ હું હિંદુ સમાજ તેમજ તેના અસંખ્ય સામાજિક દૂષણો વિરુદ્ધ જે કટુ આલોચના કરતો હતો તેના કરતાં સેંકડો ગણી ઉગ્ર ટીકાઓ હું જ્યાં આવશ્યક હશે ત્યાં બ્રિટિશ સરકારની અચૂક કરીશ જ. વળી બ્રિટિશ શાસનકર્તાઓની (દૂર) ઉપયોગ તેમનાં સામ્રાજ્યને સ્થિર કરવા માટે કરવાનો હશે તો તે હું થવા દઈશ નહીં. દલિતોને હું બ્રિટિશરોના પાશવી પંજામાંથી મુક્ત કરીને બહાર કાઢીશ તેની ખાતરી આપું છું.





તમે હંમેશાં ધ્યાનમાં રાખજો કે જીવનમાં કોઈ ભવ્ય ધ્યેય હોવું એ એક બહુ મહત્ત્વની વાત છે. પછી એ પોતાના જીવનમાં પ્રગતિ સાધવાનું હોય કે દેશના વિકાસનું હોય, પરંતુ તેને પ્રાપ્ત કરવા માટે દરેક વ્યક્તિએ અવિરતપણે પ્રયત્નશીલ રહેવું જોઈએ. જગતની સર્વ મહાન વસ્તુઓ અવિરત પરિશ્રમ દ્વારા તથા ધૈર્ય સાથે કષ્ટો અને મુશ્કેલીઓનો સામનો કરીને જ પ્રાપ્ત કરી શકાતી હોય છે. આથી તમારા ધ્યેય પર તમારી સર્વ શક્તિઓને કેન્દ્રિત કરો. મનુષ્યે જીવવા માટે ખાવું પડે છે એ વાત સાચી છે, એટલી જ સાચી વાત એ છે કે મનુષ્યે સમાજના ઉદ્ધાર માટે કામ કરતા રહી શકાય એ માટે જીવવાનું પણ હોય છે.



અસ્પૃશ્ય વર્ગ હવે ચાતુર્વણ્યમાં શૂદ્ર તરીકે રહેવા માંગતો નથી. હિંદુ ધર્મ બૌદ્ધિક રીતે મારા મનનું સમાધાન કરી શકતો નથી. હું મારી જાતને પ્રમાણિકતાપૂર્વક હિંદુ માની શકું તેમ નથી. મને તે ધર્મ વડે સમાધાન મળે તેમ લાગતું નથી અને તે અંગેના ગમે તે સમાધાનને માની લેવાની વાત મને મારી પોતાની વિવેકબુદ્ધિ સાથે છેતરપિંડી કરવા સમાન લાગે છે, ને મને પ્રમાણિકતાથી હિંદુ કહેવડાવવું ઠીક લાગતું નથી.





માબાપ સંતાનને જન્મ આપે છે, કર્મ આપતાં નથી, એમ કહેવું યોગ્ય નથી. મા-બાપ સંતાનોના જીવનને વળાંક આપે છે, આ વાત આપણાં લોકોના મન ઉપર ઠસાવી દો. આપણે છોકરાઓનાં શિક્ષણ સાથે સાથે છોકરીઓનાં શિક્ષણનો પ્રયાસ કરીએ તો આપણાં સમાજની પ્રગતિ ખૂબ ઝડપથી થશે.



એક મહાન માનવી એક પ્રતિષ્ઠિત માનવી કરતાં એ રીતે જુદો પડે છે કે મહાન માનવી સમાજનો નોકર બનવા પણ તૈયાર હોય છે.





લોકો અને એમના ધર્મ અને સામાજિક પ્રમાણમાપ અને સામાજિક નૈતિકતાના આધાર પર તપાસવા જોઈએ. જો ધર્મને લોકોના ભલા માટે માની લેવામાં આવશે તો બીજા કોઈ પ્રમાણમાપનો અર્થ નથી.



જાતિવિહીન સમાજની પ્રસ્થાપના સિવાય સ્વરાજ પ્રાપ્તિ અર્થહીન બની રહેશે.





બુદ્ધિનો વિકાસ માનવીના અસ્તિત્વનું અંતિમ લક્ષ્ય હોવું જોઈએ.



દરેક વ્યક્તિ જે સિદ્ધાંત 'એક દેશ બીજા દેશ પર શાસન નથી કરી શકતો'ને અનુસરે છે તેણે એ પણ સ્વીકારવું જોઈએ કે એક વર્ગ બીજા વર્ગ પર શાસન નથી કરી શકતો.





એક સફળ ક્રાંતિ માટે ફક્ત અસંતોષનું હોવું પર્યાપ્ત નથી. જેની આવશ્યકતા છે એ છે ન્યાય અને રાજનૈતિક અને સામાજિક અધિકારોમાં ઊંડી આસ્થા હોવી.



ઇતિહાસ વર્ણવે છે કે જ્યાં નૈતિકતા અને અર્થશાસ્ત્ર વચ્ચે સંઘર્ષ થાય છે ત્યાં વિજય હંમેશાં અર્થશાસ્ત્રનો જ થાય છે. અંગત સ્વાર્થને ત્યાં સુધી સ્વેચ્છાથી છોડવામાં નથી આવતાં જ્યાં સુધી મજબૂર કરવા માટે પર્યાપ્ત જોર ન લગાવ્યું હોય.





હું એવા ધર્મને માનું છું જે સ્વતંત્રતા, સમાનતા અને ભાઈચારાને શીખવે.



હિંદુ ધર્મમાં વિવેક કારણ અને સ્વતંત્ર
વિચારના વિકાસ માટે કોઈ વિસ્તાર નથી.





આજે ભારતીયો બે અલગ-અલગ વિચારધારાઓ દ્વારા શાસિત થઈ રહ્યા છે. એમના રાજનૈતિક આદર્શ જે સંવિધાનની પ્રસ્તાવનામાં વર્ણવેલ છે તે સ્વતંત્રતા, સમાનતા અને ભાઈચારાને સ્થાપિત કરે છે.



કાયદો અને વ્યવસ્થા રાજનૈતિક શરીરની દવા છે, જ્યારે રાજનૈતિક શરીર બીમાર પડે છે તો દવા જરૂર આપવી જોઈએ.





જીવન લાંબુ હોવાને બદલે મહાન હોવું જોઈએ.



મનુષ્ય નશ્વર છે, તેમજ વિચાર પણ નશ્વર છે. એ વિચારને પ્રચાર પ્રસારની જરૂર હોય છે, જેમ એક છોડને પાણીની, નહીંતર બંને કરમાઈને મરી જાય છે.



રાજનૈતિક અત્યાચાર સામાજિક અત્યાચારની તુલનામાં કંઈ જ નથી. એક સુધારક જે સમાજને હરાવી શકે છે તે સરકારને હરાવનાર રાજનેતાથી વધારે સાહસિક હોય છે.



જ્યાં સુધી તમે સામાજિક સ્વતંત્રતા હાંસલ ન કરી લો, ત્યાં સુધી તમને જે પણ સ્વતંત્રતા કાયદો આપે છે તે તમારા કોઈ કામની નથી.



પતિ-પત્નીની વચ્ચેનો સંબંધ સૌથી નજીકના મિત્રોના સંબંધની સમાન હોવો જોઈએ.



જો આપણે એક સંયુક્ત, એકીકૃત અને આધુનિક ભારત ઇચ્છીએ છીએ તો બધા ધર્મો કે શાસ્ત્રોની સંપ્રભુતાનો અંત હોવો જોઈએ.



સાગરને મળીને પોતાની પહેચાન ગુમાવી દેનારા ટીપાંથી વિપરીત, માનવી જે સમાજમાં રહે છે ત્યાં પોતાની પહેચાન નથી ગુમાવતો. માનવીનું જીવન સ્વતંત્ર છે. તે ફક્ત સમાજનાં વિકાસ માટે નથી જન્મ્યો પરંતુ પોતાના વિકાસ માટે જન્મ્યો છે.

આપણે આપણી સ્વતંત્રતા સામાજિક વ્યવસ્થા, અસમાનતા, ભેદભાવ અને અન્ય વસ્તુઓથી ભરી છે, જે આપણા મૌલિક અધિકારોના ટકરાવમાં છે તેને સુધારી શકીએ.







એકપક્ષીય પદ્ધતિ લોકશાહીની મારક છે. ખરી રીતે તો એકપક્ષીય પદ્ધતિ એટલે લોકશાહીનો અસ્ત, રાજતંત્ર ચલાવવા માટે પક્ષોની અતિ આવશ્યકતા છે જ. પરંતુ સરકારના જુલ્મી રાજ્યવહીવટથી દૂર રાખવા બે પક્ષોની અતિ આવશ્યકતા છે. બે પક્ષો હશે તો જ લોકશાહી સરકાર લોકશાહી તત્ત્વાનુસાર ચાલશે. આ બે પક્ષો એટલે સત્તાધારીપક્ષ અને વિરોધપક્ષ. વળી, જે પક્ષમાં સ્ત્રીઓ, પછાતવર્ગો, મુસ્લિમો, પદદલિતોની સંખ્યા વધુ હશે તે જ પક્ષ દેશને સુખી બનાવી શકશે. જાતિવિહીન સમાજ સિવાય વર્ગહીન સમાજ શક્ય નથી.

“અમે ભારતના મૂળ નિવાસી છીએ. એટલે એવા ધર્મને ન અપનાવીએ જે અમારા રાષ્ટ્રપ્રેમથી અમને વંચિત કરે. અમે તેવાં ધર્મને ન અપનાવી શકીએ જે અમારી વફાદારીને વિદેશમાં ઘસડી જાય. અમે ઇસ્લામને અંગીકાર કરીશું તો ભારતમાં મુસ્લિમોની સંખ્યા વધશે પરિણામે વિદેશી સત્તા અને હિતોની દખલગીરી દાખલ થશે. જો અમે ખ્રિસ્તી બનીશું તો બ્રિટિશ ચાહકો ભક્તોની ભીડમાં વધારો થશે. પરિણામે બ્રિટિશ સંસ્થા ભારતમાં મજબૂત બનશે.”







ભારતમાં રાજનીતિક સમાનતાની વ્યવસ્થા તો થઈ છે પરંતુ હજુ સુધી સામાજિક અને આર્થિક સમાનતા થોડીક જ ઉપલબ્ધ છે. આ વિસંગતિને ત્વરિત દૂર કરવી જોઈએ, નહીંતર શોષિતો અને વંચિતો રાજનીતિક લોકતંત્રને ઊખેડીને ફેંકી દેશે.



બ્રિટિશરોએ સુધારેલી કાર્યપદ્ધતિ અને સુવ્યવસ્થાની ભેટ હિંદુસ્તાનને આપી એ વાત ખરી, તેમ છતાં મનુષ્યમાત્ર કાયદો અને સુવ્યવસ્થાને આધારે જીવી શકતો નથી, તે તો અન્ન પર જીવે છે એ આપણે ધ્યાન રાખવું જોઈએ. આપણી ગરીબીનો અંત બ્રિટિશરાજમાં આવશે નહીં. તે તો સ્વરાજયના બંધારણ દ્વારા આપણા હાથમાં રાજકીય અધિકારો આવવાથી જ આવશે. તે પછી જ લોકોનું કલ્યાણ કરવું શક્ય બનશે માટે ભૂતકાળમાં બનેલાં બનાવોનો વિચાર કરી ગભરાશો નહીં. તમારો મત નક્કી કરતી વખતે કોઈની મરજીનો અથવા કોઈની કૃપાનો વિચાર કરી તેના ભારથી તમારા મતને દબાવી ન દેતા. તમારા હિતનો ખ્યાલ કરી સ્વરાજ્ય એ જ ધ્યેય માન્ય રાખો.





સત્તા પોતાની મેળે કદી આત્મહત્યા કરતી નથી.



એકતામાં જય, ફાટફૂટમાં ક્ષય.





સભ્યપદ માન્ય રાખતી વખતે અસ્પૃશ્યતાને નાબૂદ કરવાની શરત કૉંગ્રેસે સભ્યો માટે મૂકી નથી. ગાંધીજીએ અસ્પૃશ્યતા વિરુદ્ધ ચળવળ પણ શરૂ કરી નથી. અસ્પૃશ્ય અને સ્પૃશ્ય એ બંને સમાજ વચ્ચે પ્રેમભાવ વધે તે માટે ગાંધીજીએ ઉપવાસ કર્યા નથી. સરકાર અને રાષ્ટ્રીય સભા પર અસ્પૃશ્યોએ વિશ્વાસ રાખી બેસી રહેવું જોઈએ નહિ. પોતાનો માર્ગ પોતે જ શોધી કાઢવો જોઈએ અને પોતાનું ભવિષ્ય ઘડવું જોઈએ.



અનાદિકાળથી અસ્પૃશ્ય લોકો મૂંગા રહ્યા છે. આપણી ગરીબાઈ વિશે આપણે સરકાર અને સુધારકોના માથે દોષનો ટોપલો ઢોળી દેવો જોઈએ નહિ. રાષ્ટ્રીય સભા એ કોઈ પક્ષ નથી. એ તો એક આંદોલન છે, ચળવળ છે. જ્યારે ખરાખરીનો સમય આવશે ત્યારે રાષ્ટ્રીય સભાના બહુસંખ્ય નેતાઓ ઉપલા વર્ગની છાવણીમાં દેખાશે, ગરીબ જનતા વતી તેઓ સંઘર્ષ કરશે નહીં.





“તમારા આ લાચાર ચહેરાં જોઈને અને કરુણાજનક વાણી સાંભળીને મારું હૃદય ફાટી પડે છે. જુગ જુગથી તમે ગુલામીગીરીના ખાડામાં સબડતાં પડી રહ્યા છો. તેમ છતાં તમારી દુર્દશા ભાગ્યનિર્મિત છે, ઈશ્વરી સંકેત અનુસાર છે તેમ કહેતાં તમને શરમ નથી આવતી. તમે ગર્ભમાં હતા ત્યારે જ કેમ મરી ગયાં નહીં? શા માટે જન્મ લઈને તમે જગતનાં દુ:ખ, દારિદ્ર અને ગુલામીના ભયાનક ચિત્રને તમારા અપમાનભર્યા અને દુ:ખી જીવનથી વધું ઘેરું બનાવો છો?



તમારા જીવનમાં તમે નવેસરથી પ્રાણ ફૂંકી શકતા ન હો તો આ જગતમાંથી તમે વિદાય થઈને શા માટે દુઃખનો બોજો ઓછો કરતાં નથી? તમે માણસ જેવા માણસ છો, પોતાની કામગીરી વડે દુનિયામાં ઉન્નતિ કરવાનો સર્વને અધિકાર છે. તમે આ દેશના રહેવાસી છો, તમને અન્ન, વસ્ત્ર, આવાસ અન્ય ભારતીયોની માફક મેળવવાનો જન્મસિદ્ધ અધિકાર છે. એટલે તમારે સ્વાભિમાનપૂર્ણ જિંદગી જીવવી હોય તો સ્વાવલંબન એ જ આત્મોન્નતિનો માર્ગ છે, એ ધ્યાન રાખો.”





ક્રિયાશીલતાથી વૃદ્ધિ થાય છે, જ્યારે નિશ્ચલતાથી નાશ થાય છે. શક્તિ એટલે ઉત્સાહ અને તે ઉત્સાહ રચનાત્મક કાર્ય સાધવા માટે લગાવવો જોઈએ. તેનો ઉપયોગ સંહાર માટે કરવો જોઈએ નહિ.



ઈ.સ. ૧૯૩૫ સુધી એમની ધારણા દૃઢ હતી કે આપણે હિંદુ સમાજના અભિન્ન અંગ છીએ. હિંદુ સમાજ તરફથી મળેલી નિરાશાના કારણે એમને પોતાના વ્યાપક એકાત્મ હિંદુ સમાજના ધ્યેયને બાજુ પર મૂકવું પડ્યું. એમણે અનેકવાર એ સ્પષ્ટ કર્યું કે એકાત્મ હિંદુ સમાજના નિર્માણ માટે અસ્પૃશ્યતા નિર્મૂલનનું કામ કરવાની જવાબદારી સવર્ણ સમાજની છે. જો સમાજ એક પરિવાર હોય તો પરિવારના દીનદુર્બળોની જવાબદારી લેવી એ સમાજના સબળ લોકોનું કર્તવ્ય જ છે. સબળ અર્થાત્ તથાકથિત સવર્ણોના કૃત્યોને કારણે જ સમાજના વિઘટન માટે કારણીભૂત બનેલી અસ્પૃશ્યતા નિર્માણ થઈ છે.





“મારો એવો સ્પષ્ટ મત બંધાયો છે કે ગાંધીજીને હાથે દલિત અને મજૂરવર્ગનું હિત કદી થવાનું નથી. કૉંગ્રેસ જો ખરેખર ક્રાંતિકારી સંસ્થા હોત તો હું તેમાં જરૂર જોડાઈ ગયો હોત. પરંતુ હું તમને ખાતરીપૂર્વક કહેવા માગું છું કે, કૉંગ્રેસ ક્રાંતિકારી સંસ્થા નથી. સામાન્ય માણસને તેનાં રૂચિ અને વલણ અનુસાર પોતાનો વિકાસ સાધવા માટે તક અને સ્વતંત્રતા આપતી સામાજિક અને આર્થિક સમાનતા જ પોતાનું ધ્યેય હોવાની જાહેરાત કરવાની હિંમત કૉંગ્રેસમાં નથી.



ઉત્પાદનનાં સાધનો પર જ્યાં સુધી મુઠ્ઠીભર વ્યક્તિઓ તેમનાં હિતો જાળવવા માટે અધિકાર જમાવી બેઠી છે ત્યાં સુધી સામાન્ય માણસના વિકાસની કોઈ આશા નથી. ગાંધીવાદના તત્ત્વજ્ઞાન પ્રમાણે ખેડૂત એ ખેતી માટેનો ત્રીજો બળદ જ ઠરશે અને સામાન્ય રીતે જોતરાતાં બીજા બે બળદોની માફક ખેડૂત પણ જડ અને કષ્ટમય જીવનના એક પ્રતીક સમાન જ બની રહેશે."



“આપણે એક એવા સમય બિંદુએ ઊભા છીએ કે જ્યાં પુરાણા યુગનો અંત આવે છે ને નવા યુગનો પ્રારંભ થાય છે. પુરાણો યુગ એટલે રાનડે, આગરકર, ટિળક, ગોખલે, વાચ્છા, સર ફિરજોશાહ મહેતા, સુરેન્દ્રનાથ બેનરજીનો યુગ, નવો યુગ એટલે ગાંધી યુગ. આ પેઢી ગાંધી પેઢી કહેવાય છે. પુરાણા યુગથી કંઈક પરિચિત હોવાને કારણે અને નવા યુગથી પણ કંઈક પરિચિત હોવાને કારણે હું બંનેમાં ભેદના કેટલાક ચોક્કચ ચિહ્નો જોઉં છું. નેતૃત્વના પ્રકારમાં ચોકક્સ ગહન પરિવર્તનો આવ્યા છે. રાનડેના યુગમાં નેતાઓએ હિંદને આધુનિક બનાવવા સંઘર્ષ કર્યો. ગાંધીયુગમાં નેતાઓ તેને પ્રાચીન કાળની



જીવંત પ્રતિકૃતિનો નમૂનો બનાવી રહ્યા છે. રાનડેના યુગમાં નેતાઓ તેમના વિચારો અને આચારોને સુધારવાની સાચી રીત તરીકે તેમના અનુભવોનો આધાર લેતા. આજના યુગના નેતાઓ પોતાના અંતરાત્માના અવાજને પથદર્શક માને છે. તેમના માનસ બંધારણમાં જ માત્ર ભેદ નથી, તેમના બાહ્ય દેખાવ અંગેના તેમના અભિપ્રાયોમાં પણ ભેદ રહેલો છે. પ્રાચીન યુગના નેતાઓ સુસજ્જ વસ્ત્રો ધારણ કરવાની કાળજી રાખતા જ્યારે આજના યુગના નેતાઓ અર્ધવસ્ત્રધારી હોવાનું ગૌરવ લે છે. અલબત્ત, ગાંધીયુગના નેતાઓ આ ભેદોથી સભાન છે. પણ તેમના વિચારોથી અને દેખાવથી લજ્જિત થવાને બદલે તેમનો દાવો એવો છે કે શ્રી ગાંધીનું હિંદ રાનડેના હિંદ





કરતાં ચડિયાતું છે. તેઓ તો કહે છે કે ગાંધીયુગ પ્રક્ષુબ્ધતા અને આશા સભર યુગ છે જ્યારે રાનડેનો યુગ આવો નહોતો. જે રાનડેના યુગ અને ગાંધીયુગ બંનેમાં રહ્યા છે તે કબૂલશે કે બંનેમાં ભેદ છે. સાથે સાથે તેઓ એમ પણ ભારપૂર્વક કહેશે કે જો રાનડેનો યુગ ઓછો પ્રક્ષુબ્ધ હતો તો તે વધુ પ્રામાણિક પણ હતો. જો તે વધુ આશાસભર નહોતો, વધુ જ્ઞાનસભર હતો. રાનડેનો યુગ એવો હતો કે જેમાં સ્ત્રી પુરુષો તેમની જિંદગીની હકીકતોનો અભ્યાસ કરવામાં તેમને તપાસવામાં ગંભીરતાપૂર્વક ખૂંચ્યા હતા અને જે વધુ અગત્યનું છે તે તો એ છે કે રૂઢિચુસ્ત સમૂહના વિરોધ વચ્ચે પણ તેમણે તેમને સંશોધન દ્વારા પ્રકાશમાં તેમના જીવન તથા ચારિત્ર્યને ઘડવાનો પ્રયત્ન કર્યો.



રાજકારણી અને વિદ્યાર્થી વચ્ચે જે અલગતા ગાંધીયુગમાં દેખાય છે તેવી અલગતા રાનડેના યુગમાં નહોતી. રાનડેના યુગમાં રાજકારણી વિદ્યાર્થી ન હોય તેની સાથે સાથે ખતરા તરીકે નહીં, પણ અસહ્ય અનિષ્ટ તરીકેનો વર્તાવ થતો. ગાંધીયુગમાં અભ્યાસનો તિરસ્કાર ભલે ન થતો હોય પણ તેને રાજકારણીની અનિવાર્ય યોગ્યતા માનવામાં નથી આવતી તે ચોક્કસ છે.





ઓલ ઇંડિયા શિડ્યૂલ કાસ્ટસ પરિષદમાં ૧૮ તથા ૧૯ જુલાઈ ૧૯૪૨ના રોજ નાગપુરમાં પસાર થયેલા કેટલાક ઠરાવોમાં એક ઠરાવ હતો ઠરાવ ક્રમાંક-4 અલગ વસાહતો સંબંધમાં જેમાં કેટલીક કલમો આ મુજબ હતી :

- આ નવાં ગામડામાં અનુસૂચિત જ્ઞાતિઓને વસાવવા માટે વસાહત પંચ રચવાની બંધારણે જોગવાઈ કરવી જોઈએ.
- જે સરકારી જમીનો ખેતીલાયક છે અને કોઈના તાબામાં નથી તે આ પંચને સોંપવી અને અનુસૂચિત જ્ઞાતિઓની નવી વસાહતો ઊભી કરવાના હેતુસર આ પંચ ટ્રસ્ટ તરીકે કામ કરે.



ઓલ ઇંડિયા રેડિયો પરથી ૩ ઑક્ટોબર, ૧૯૪૫ના રોજ પ્રસારિત પોતાના ભાષણમાં ડૉ. આંબેડકરે વિનોદપૂર્વક કહ્યું, 'હિંદુઓને વેદ જોઈતા હતા, ત્યારે એમણે નિમ્નવર્ણીય વેદ વ્યાસનું આહ્‌વાન કર્યું, હિંદુઓને મહાકાવ્ય જોઈતું હતું ત્યારે, એમણે અસ્પૃશ્ય વાલ્મીકિને યાદ કર્યા અને આજે હિંદુઓને રાજ્યનું બંધારણ જોઈએ છે, ત્યારે એમણે મને બોલાવ્યો.'





"હું હિંદુ ધર્મનો શત્રુ છું, વિનાશક છું એવી મારા પર ટીકા કરવામાં આવે છે, પરંતુ એક દિવસ એવો જરૂર ઊગશે કે મેં હિંદુ સમાજ ઉપર ઉપકાર કર્યો હતો એ બદલ હિંદુઓ મારા ઉપર ધન્યવાદનો વરસાદ વરસાવશે."



જેમની પાસે ધૈર્ય નથી હોતું તેઓ નેતા બની શકતા નથી. જે વ્યક્તિ મરવા માટે તૈયાર રહે છે, તે ક્યારેય મરતી નથી. જે વ્યક્તિ મરવાથી ડરે છે એને પહેલેથી જ મરેલી માનવી જોઈએ.





જેમને રાજકીયક્ષેત્રમાં કામ કરવું હોય એમણે રાજનીતિનું પર્યાપ્ત અધ્યયન કરવું જોઈએ. અધ્યયન વિના કોઈને પણ કશું સાધ્ય નથી. આપણાં સમાજના પ્રત્યેક કાર્યકર્તાએ રાજકીય, ધાર્મિક અને આર્થિક પ્રશ્નોનું ગંભીર અને ગહન અધ્યયન કરવું જોઈએ. જેમણે નેતા બનવું હોય એમણે નેતાના કર્તવ્ય કર્મ, નેતાઓની જવાબદારી શું છે? વગેરેની સમજ કેળવવી જોઈએ. કેમ કે આપણાં નેતાઓ પર ખૂબ મોટી જવાબદારી છે. અન્ય સમાજના નેતાઓ જેવી આપણાં સમાજના નેતાઓની સ્થિતિ નથી. અન્ય સમાજના નેતાઓને



શું? સભામાં જવું, લાંબા લાંબા ભાષણો કરવા, તાળીઓ મેળવવી અને ગળામાં હાર પહેરીને ઘરે જતા રહેવું, એમનું કામ કેવળ એટલું જ હોય છે. જ્યારે આપણાં સમાજના નેતાઓનું કામ આટલું કરવાથી નહિ ચાલે. આપણાં નેતાઓએ સારું અને ગહન અધ્યયન કરવું પડશે. પરિસ્થિતિનો વિચાર કરવો પડશે અને સમાજની ઉન્નતિ માટે સ્વયં રાતદિવસ પરિશ્રમ કરવો પડશે. ત્યારે જ તેઓ લોકોનું કંઈક ભલું કરી શકશે. આ બધુ કરનારો જ નેતા બની શકશે.



રાજનીતિમાં ઝઘડા થતા હોય છે, એને ભૂલવાની આદત રાજકારણમાં રહેલી વ્યક્તિઓએ કેળવવી જોઈએ. ઝઘડાને ભૂલી જઈ ઘટાડવાનો પ્રયાસ કરવો જોઈએ. એને મનમાં રાખીને સતત યાદ રાખીને વધારતા રહેવું, એ યોગ્ય નથી. મારું મન નિર્મળ છે, મારે પણ બીજા લોકો સાથે મતભેદ થાય છે, પરંતુ હું એને તરત જ ભૂલી જાઉં છું. માણસનું મન ફૂલ જેવું સ્વચ્છ હોવું જોઈએ.



ચૂંટણી ક્રિકેટમૅચ જેવી છે. ક્રિકેટમાં પરાજિત ટીમ પોતાનો સામાન બાંધીને ચૂપ બેસી જતી નથી. તે બીજી વખત જીતવા માટે ઉત્સાહપૂર્વક રમવાનું શરૂ કરે છે. આપણે પણ આવો જ આશાવાદ રાખવો જોઈએ.





ધર્મનિરપેક્ષતા એટલે બિનધાર્મિકતા નથી. ધર્મનિરપેક્ષતાનો અર્થ એટલો જ છે કે જે તે સરકાર ધર્મના વિષયમાં કોઈ ધર્માવલંબીઓ ઉપર મહેરબાની પણ નહિ કરે અને સત્તાના જોર પર કોઈ ધર્માવલંબીઓને દબાવશે પણ નહિ. પરંતુ જે તે સરકાર ધર્મના વિષયોમાં સંપૂર્ણપણે નિષ્પક્ષ રહેશે.

ડૉ. બાબાસાહેબના વિચાર પ્રમાણે સામાજિક અને આર્થિક વ્યવહારમાં સમાન તક, ભ્રાતૃભાવ પર આધારિત સમાજવ્યવસ્થા, ન્યાય મળવાનો વિશ્વાસ અને સાર્વજનિક, સદવિવેકબુદ્ધિ, સામાજિક અને આર્થિક લોકશાહીની પૂર્વશરત છે.







લોકો હંમેશાં એમ પૂછે છે કે રાજ્યોમાં ગેરવ્યવસ્થા, ગેરવહીવટ શા માટે હોવો જોઈએ? સામાન્ય ઉત્તર તો એવો છે કે તે અંગત શાસનનું પરિણામ છે. બધે જ એવી માગણી થાય છે પ્રજાકીય સરકારે આ અંગત શાસનનું સ્થાન લેવું જોઈએ. આ માગણીની અસરકારકતા અંગે મને શંકા છે. હું નથી માનતો કે મોટાભાગના કિસ્સાઓમાં પ્રજાકીય સરકારની સ્થાપના રાજ્યોની પ્રજાનાં દુઃખોનો કશોય ઉપાય બને. કારણકે મને ચોક્કસ ખાતરી છે કે આ દૂષણો જેટલાં રાજવીના ગેરશાસનથી જન્મ્યા છે તેટલા જ સંસાધન અભાવને કારણે જન્મ્યાં છે.



જે શાસન પદ્ધતિ રક્તપાત કર્યા સિવાય આર્થિક અને સામાજિક જીવનમાં સમતા અને ક્રાંતિકારક પરિણામો લાવી શકે તે શાસન પદ્ધતિ એટલે લોકશાહી.



મારું સમગ્ર જીવન તમારી સમક્ષ ખુલ્લું છે, પોતાની સમગ્ર જીવન કિતાબને બધા માટે બીજા કોઈ નેતાએ આટલી હદે ખુલ્લી રાખ્યાની વાત મારી જાણમાં નથી.



હવે પછીનું તમારું ભવિષ્ય રાજકારણ દ્વારા જ ઘડાવાનું છે, બીજી કોઈ રીતે નહીં.





સમાજના ભિન્ન ભિન્ન વર્ગો વચ્ચેની ખાઈ લોકશાહીનાં માર્ગનો મોટો અવરોધ બનવાની સંભાવના રહેલી છે.



આ દેશની રાજકીય સત્તા પ્રદીર્ઘકાળથી કેટલાંક લોકોનો એકાધિકાર બની રહે છે અને બહુસંખ્ય લોકો કેવળ બોજો ઊંચકનારા પશુ છે. બલિના બકરા છે. પદદલિતોને વર્ગવિગ્રહ અથવા વર્ગયુદ્ધ માટે પ્રવૃત્ત ન થવા દેવા જોઈએ. સમાજની વર્ગરચના અને ઉત્પાદનની શ્રેણીને પવિત્ર અને અનુલ્લંઘનીય માનવી એ વાત અત્યંત અવાસ્તવિક અને લોકશાહી વિરોધી હતી. એના લીધે વિવેકપૂર્ણ માનવીય સંબંધો પર આઘાત થયો. સંપૂર્ણ સમાજના કોઈ હિતસંબંધ બાકી જ ન રહ્યા.





કાયદો અને વ્યવસ્થા કોઈપણ રાજકીય સંસ્થાનું ઔષધ છે અને જ્યારે તે રાજકીય સંસ્થા બીમાર પડે ત્યારે આ ઔષધનો ઉપયોગ કરવો જ પડે છે. આ વિચારણા એટલી સમાજ માટે મહત્ત્વની છે કે તેનો ઉપયોગ ન કરવો એટલે સમાજ અને સંસ્કૃતિનો ગુનો કરવો. બીજી વિચારણા એ છે કે કોઈપણ સરકારને શાસન કરવાનો અધિકાર હંમેશ માટે સોંપાયો નથી. છતાં પણ તે એટલું જ સાચું છે કે શાસન કરવા માટે મારા મતે કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે સરકાર



જોઈએ. જ્યાં સુધી અન્ય બહેતર સરકાર તેનું સ્થાન ન લે ત્યાં સુધી ખોટકાઈ ગયેલી પરિસ્થિતિમાં લોકોની શાંતિ અને સ્વસ્થતા તેનું મૂલ્ય છે. તે એક માત્ર એવું સાધન છે કે જે દેશને અંધાધૂંધીમાંથી બચાવી શકે. કારણ કે જ્યારે બંધારણીય સરકાર નિષ્ફળ જાય ત્યારે આ કલમ પાસે જ સરકાર જાળવવાની યોગ્યતા છે.





કૉમ્યુનિઝમના વિરોધનું એક મહત્ત્વનું કારણ કૉમ્યુનિસ્ટો દ્વારા કરાતું હિંસાનું અવલંબન હતું.



"જો હિંદુધર્મએ દલિત વર્ગને શસ્ત્ર ધારણ કરવાની સ્વતંત્રતા આપી હોત તો આ દેશ ક્યારેય પરતંત્ર ન થયો હોત."



'લોકશાહી માત્ર શાસનપદ્ધતિ નથી. તે મૂલતઃ સામૂહિક જીવનપદ્ધતિ છે અને તે સામૂહિક પરસ્પર વિનિમયના અનુભવ આધારિત હોય છે. પોતાની સાથે રહેનારા લોકો પ્રત્યે પરમ આદરની ભાવના જ લોકશાહી છે.'

‘એક વ્યક્તિ એક મૂલ્ય’ના લોકશાહી તત્ત્વને જીવિત રાખવું હોય તો સમાજની આર્થિક વ્યવસ્થાની રચનાને વિચારોનો આધાર આપવો પણ એટલો જ આવશ્યક છે.





આ વિચારોથી સામાજિક દૃષ્ટિએ પદદલિતોને સ્વયંની ઉન્નતિ માટે સક્ષમ બનાવવા માટે અનામતનું અત્યંત અભૂતપૂર્વ તત્ત્વ આપણા બંધારણમાં સમાવવામાં આવ્યું છે. સમાજની વિષમ સ્પર્ધામાં આ નબળાં સમાજઘટકોને યોગ્ય હિસ્સો મળે, એ જ આ વ્યવસ્થાનો ઉદ્દેશ્ય છે.



પ્રત્યેક વ્યક્તિને મૂળભૂત અધિકાર આપવાની સંકલ્પના ખરેખર વાસ્તવમાં વખાણવાલાયક છે. સવાલ માત્ર એટલો જ છે કે એને કઈ રીતે પરિણામકારક બનાવવામાં આવે. પ્રચલિત ધારણા છે કે એક વાર મૂળભૂત અધિકારનો કાયદો બનાવીએ એટલે તેઓ હંમેશ માટે રક્ષિત થઈ જાય છે, પરંતુ એ માન્યતા વસ્તુસ્થિતિ સાથે મેળ ખાતી નથી.





અધિકારનું રક્ષણ કાયદાથી નથી થતું. તે તો સામાજિક અને નૈતિક સદ્‌બુદ્ધિથી સંરક્ષિત હોય છે. માટે જો વિવેકબુદ્ધિ હશે, તો જ કાયદાથી અધિકારોને અમલી બનાવવા શક્ય બનશે. પરંતુ જો આ મૂળભૂત અધિકારો માટે સમાજ વિરોધ કરશે, તો કોઈપણ કાયદો, કોઈપણ સંસદ અથવા ન્યાયાલય વિશ્વાસપૂર્વક એની બાંયધરી આપી શકશે નહીં.



બાબાસાહેબનું માનવું હતું કે કેવળ સખ્તાઈથી નહીં પણ લોકશિક્ષણથી, લોકોના મન અને સમાજની ચેતનાનું આહ્‌વાન કરીને કાયદાને વ્યવહારમાં લાવવો જોઈએ.



આ રીતે કોઈપણ દેશના બંધારણની સફળતાની બાંયધરી સંસ્થાત્મક રચનામાં હોતી નથી અને ન તો કાયદામાં હોય છે. તે તો સામાન્ય વ્યક્તિની સમાજાભિમુખતાના સ્તર પર જ નિર્ભર રહે છે.



'સ્વતંત્રતાની ઉપેક્ષા કરવી તે એને ફરી સંકટમાં મૂકવા અને તે હંમેશા ગુમાવી બેસવા બરાબર છે.'



ડૉ. આંબેડકરે એ પણ સ્પષ્ટ કર્યું છે કે એમના મનમાં એવી બીક છે કે, જો આ બંધારણ પદદલિતોના અધિકારોનું રક્ષણ કરવામાં નિષ્ફળ જશે, તો તેઓ પોતે જ પોતાના જ દ્વારા શબ્દાંકિત આ ભારતીય બંધારણને બધા સામે સળગાવી દેશે.



“બંધારણ સમિતિના મોટા ભાગના સભ્યોને દેશના ભવિષ્યની ચિંતા ઓછી અને પોતાના ભવિષ્યની ચિંતા વધારે હતી. એટલે બંધારણની બાબતમાં અચૂક શબ્દોનો પ્રયોગ બાબાસાહેબને આવશ્યક લાગતો હતો. ઉદાહરણ માટે ‘અલ્પસંખ્યક’ શબ્દને જ લઈએ. એમને બરાબર ખ્યાલ હતો કે જો આ શબ્દોનો પ્રયોગ કરવામાં આવશે, તો નિહિત સ્વાર્થ ધરાવતા લોકો અનેક સમસ્યાઓ ઊભી કરશે. એટલે એમણે ‘અલ્પસંખ્યક’ શબ્દને બદલે ‘સમાજના કોઈ પણ વિભાગ’ શબ્દોનો પ્રયોગ કર્યો. બંધારણના સ્વરૂપનું વર્ણન કરતી વખતે એમણે ખૂબ જ સાવધાની રાખી.





"આપણે આચરણમાં બંધુભાવ રાખતા નથી એ આપણી ખામી છે. આપણે ભારતીયો એકબીજાના સગાભાઈઓ છીએ સમાજિક જીવનમાં એકતાનું અમૃતસિંચન કરનારું જો કોઈ તત્ત્વ હોય તો તે બંધુભાવના જ છે. એને આપણા દૈનંદિન જીવનના વ્યવહારમાં લાવવું એ ખૂબ વિકટ કાર્ય છે. ભારતમાં અનેક જાતિઓ અસ્તિત્વમાં છે. જાતિઓનું હોવું એ દેશવિઘાતક છે. એનું પહેલું કારણ એ છે કે જાતિ



સામાજિક જીવનમાં અલગાવ ઉત્પન્ન કરે છે. બીજું કારણ એ છે કે તે પરસ્પર દ્વેષ- તિરસ્કાર ઉત્પન્ન કરે છે. એક રાષ્ટ્રના રૂપમાં ઊભા થવાની ઇચ્છા હોય તો આપણે બધી અડચણોને આપણા માર્ગમાંથી દૂર કરવી પડશે, કેમ કે જ્યાં રાષ્ટ્ર અસ્તિત્વમાં હોય છે, ત્યાં જ બંધુભાવ ઉત્પન્ન થઈ શકે છે. બંધુભાવ ન હોય તો સમતા અને સ્વતંત્રતા કેવી રીતે રહી શકે?”



આપણે શરૂઆતથી અંત સુધી અને અંતિમતઃ ભારતીય છીએ.



સમય આવતાં અને પરિસ્થિતિ ઊભી થતાં આ દેશને એક મહાશક્તિ બનાવવાથી માંડીને જગતમાં બનનારી કોઈ પણ ઘટનાને રોકી નહીં શકીએ, પરંતુ એ નક્કી છે કે જો રાજકીય પક્ષો સંપ્રદાયોને દેશ કરતાં વધારે મહત્ત્વનાં માનશે, તો આપણી સ્વતંત્રતા ફરીથી મુશ્કેલીમાં આવી જશે અને સંભવ છે કે આપણે હંમેશ માટે તેને ગુમાવી બેસીએ. આ સંભવિત ઘટના ન બને તે માટે આપણે દઢતાપૂર્વક જાગ્રત રહેવું પડશે. આપણાં લોહીનું અંતિમ ટીપું આપીને પણ આપણી સ્વતંત્રતાનું રક્ષણ કરવાનો નિશ્ચય કરવો પડશે.





'મને લાગે છે કે બંધારણ વ્યવહારુ છે, પરંતુ લચીલું છે, અને દેશને શાંતિકાળ અથવા યુદ્ધકાળમાં એકતાના સૂત્રમાં બાંધી રાખવામાં સમર્થ છે. હું તો કહીશ કે જો કંઈક અઘટીત બને, તો એનું કારણ ખરાબ બંધારણ નહીં હોય. આપણે કહેવું પડશે કે બંધારણ અમલ કરાવવાવાળા વ્યક્તિઓ ખરાબ છે.'



ભારતની આઝાદી સાથે જ કાશ્મીરની સમસ્યા ઊભી થઈ. કાશ્મીરના મહારાજા દ્વારા કોઈ દેશ સાથે જોડાવાની જાહેરાત કરવામાં આવી નહોતી. ૧૫ ઑક્ટોબર, ૧૯૪૭ના રોજ ભારત સરકાર દ્વારા બ્રિટિશ વડાપ્રધાનને ફરિયાદ કરવામાં આવી કે પાકિસ્તાન આઝાદી સમયે જે સ્થિતિ હતી તે સ્થિતિને લગતો કરાર ‘જૈસે થે’ ની સ્થિતિને માનતું નથી. પાકિસ્તાને સિયાલકોટથી જમ્મુ રેલ્વેને અટકાવી દીધી હતી. તેમજ અન્ય પુરવઠાને પણ અટકાવી દીધો હતો. તો બ્રિટિશ વડાપ્રધાને તેમને સમજાવવા જોઈએ કે જમ્મુ અને કાશ્મીર સાથે પાકિસ્તાન યોગ્ય વ્યવહાર કરે. ૨૨ ઑક્ટોબર, ૧૯૪૭ના રોજ પાકિસ્તાન દ્વારા હુમલા અને ઘૂસણખોરી શરૂ કરાઈ.



જેલમના તેમજ નોર્થ વેસ્ટ ફ્રન્ટિયર પ્રોવિન્સના માર્ગે નિયમિત પાકિસ્તાની સેનાના ઑફિસરોના માર્ગદર્શનમાં કબાઈલીઓએ હુમલાઓ શરૂ કર્યા. મુઝફ્ફરાબાદની મુસ્લિમ તાકતો પણ તેમને માર્ગદર્શન આપવા સાથે જોડાઈ ગઈ. તેમણે મોરચો સંભાળ્યો. ભારતીય બહાદુર બ્રિગેડીયર રાજેદ્રસિંહએ ૧૫૦ બહાદુર જવાનો સાથે મોરચો સંભાળ્યો પણ તે તમામ શહીદ થયા. ૪ ઓકટોબરે હુમલાખોરોએ મહુરા પાવર હાઉસ પર પોતાનો કબ્જો જમાવી દીધો. આ પાવરહાઉસમાંથી શ્રીનગરને વીજપુરવઠો મળતો હતો. શ્રીનગરમાં અંધારપટ છવાઈ ગયો.



આંબેડકરજીની સલાહ મુજબ મહાર બટાલિયનને મોકલવામાં આવી. મહાર બટાલિયનની કામગીરીને ખૂબ વખાણવામાં આવી. જેણે ૧૮ મહિના સુધી કાર્ય કર્યું. ત્યારબાદ સરકાર દ્વારા તેને પરત બોલાવી લેવામાં આવી. એમ કહેવાય છે કે જો નેહરુ સરકારે મહાર બટાલિયનને કામ કરવા દીધું હોત તો આજે પાકિસ્તાન કબ્જા હેઠળના કશ્મીરની સમસ્યા જ રહી ન હોત.





'બંધારણ ગમે તેટલું સારું હોય, પરંતુ એને અમલમાં લાવનારા લોકો સારા નહીં હોય, તો સારું બંધારણ પણ ઇષ્ટ ફળ નહીં આપી શકે. એનો અર્થ એ થયો કે બંધારણની યશસ્વીતા માત્ર બંધારણના નિર્દેષતત્ત્વો પર નિર્ભર નથી. એની સફળતા એનું ક્રિયાન્વયન કરનારી વ્યક્તિઓના ગુણદોષ પર આધાર રાખે છે.' એનું વિસ્મરણ થવાથી જે પરિસ્થિતિ ઉત્પન્ન થઈ, એથી એમને નિરાશા થઈ હતી.



જ્યારે ભારતની આઝાદી પછી કાશ્મીરના શેખ અબ્દુલ્લા (તત્કાલિન મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાના દાદા અને ફારૂક અબ્દુલ્લાના પિતા) જ્યારે પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરૂ પાસે ગયા અને આ પ્રકારે વિશેષાધિકારની માગણી કરી ત્યારે તેમણે કહ્યું કે "ડૉ. આંબેડકર ભારતના કાયદામંત્રી છે. તમે તેમની પાસે જાવ અને આ પ્રકારે કલમ તૈયાર કરી બંધારણમાં સમાવવા માટે ખરડો બનાવવા કહો." શેખ અબ્દુલ્લાએ આંબેડકરજીને મળીને વાત કરી તો એમણે જે જવાબ આપ્યો હતો તે દરેક નાગરિકે જાણવા જેવો છે.





તેમણે કહ્યું કે ‘‘તમે ઇચ્છો છો કે ભારત તમારું રક્ષણ કરે, તમારા નાગરિકોને ખવડાવે, તમામ સ્તરે સમુચિત વિકાસની ચિંતા કરે, અને કાશ્મીરને બાકીના ભારત સાથે, કાશ્મીરીઓને બાકીના તમામ ભારતીયો સાથે સમાન અધિકારો આપે. પણ તમે બાકીના ભારતને કે કાશ્મીરમાં સમાન અધિકારો નહિ આપો. હું ભારતનો કાયદામંત્રી છું હું મારા દેશ સાથે ગદ્દારી નહિ કરી શકું.’’



પ્રથમ વડાપ્રધાનશ્રી જવાહરલાલ નહેરુના ઇશારે કેંદ્ર સરકારના રાજ્યકક્ષાના મંત્રી ગોપાલસ્વામી અયંગરે આ કાયદાનો ખરડો બનાવ્યો હતો. ઉલ્લેખનીય છે કે આ અંગેની બંધારણ સભાની ચર્ચા દરમિયાન ડૉ. આંબેડકરે બંધારણની અન્ય જોગવાઈઓ ચર્ચામાં ભાગ લીધો પણ ૩૭૦ની ચર્ચામાં ભાગ નહોતો લીધો. તમામ દલીલો ગોપાલસ્વામી આયંગરે કરી હતી.





લોર્ડ માઉન્ટબેટનના ઇશારે આ કેસને યુનોમાં લઈ જવામાં આવ્યો ડૉ. આંબેડકરે જવાહરલાલજીને આ પ્રકારે કરવા ના કહી તેમણે કહ્યું કે ભારતની ધરતી પરના હુમલાને તો ખદેડી જ નાંખવા જોઈએ. પણ નેહરુ એ મતના નહોતા. પાકિસ્તાને આ હુમલામાં પોતાનો હાથ હોવાનો ઇન્કાર કરી દીધો. ભારતે સ્ટેન્ડ લીધું કે કાયદાકીય રીતે કાશ્મીર ભારતનું અવિભાજ્ય અંગ છે. ડૉ. આંબેડકરે ચેતવણી આપી કે આ સમસ્યાને યુનો



યુએનમાં લઈ જવાથી તે હલ થવાને બદલે વધારે ગૂંચવાઈ જશે. અંતે ૧ જાન્યુઆરી ૧૯૪૯ના રોજ જવાહરલાલ નેહરુ દ્વારા એકતરફી યુદ્ધવિરામ જાહેર કરાયો અને આંબેડકરની સલાહને અવગણીને ભારતની છાતી પર પાકિસ્તાન કબ્જા હેઠળના કાશ્મીરની સમસ્યાને જવાહરલાલે ભેટ આપી જેના માઠાં પરિણામ આજની પેઢી ભોગવી રહી છે અને કદાચ આવનારી કેટલીક પેઢીઓએ પણ ભોગવતી રહેશે.





૨૫ નવેમ્બર, ૧૯૪૯ના રોજ બંધારણ સમિતિમાં થયેલી ચર્ચાનો જવાબ આપતાં બાબાસાહેબે કહ્યું કે 'મારા મનમાં એ વાતનું ઘણું દુ:ખ છે કે આ પહેલાં પણ ભારતને અનેકવાર પોતાની સ્વતંત્રતા ગુમાવવી પડી છે અને તે પણ ભારતીય જનતાના પોતાના જ વિશ્વાસઘાતના તેમજ દેશદ્રોહીતાને કારણે ગુમાવવી પડી છે. જ્યારે મહંમદ બિનકાસિમે સિંધ પર આક્રમણ કર્યું ત્યારે રાજા દાહિરના સેનાપતિએ મહંમદ બિન કાસિમના સેનાપતિ પાસેથી લાંચ લીધી હતી અને પોતાના રાજા તરફથી લડવાની સ્પષ્ટ ના પાડી દીધી હતી. મહંમદ



ઘોરીને હિન્દુસ્તાન પર આક્રમણ કરવા માટે નિમંત્રણ આપીને પૃથ્વીરાજ સામે લડવા માટે તૈયાર કરનારો જયચંદ જ હતો. તેણે મહંમદ ઘોરીને સોલંકી રાજ્યની અને પોતાની મદદ આપવાનું વચન આપ્યું હતું. જ્યારે શિવાજી મહારાજ હિંદુઓની સ્વતંત્રતા માટે સંઘર્ષ કરી રહ્યા હતા ત્યારે બાકીના મરાઠા સરદારો તેમજ રજપૂતો મોગલ બાદશાહ તરફથી લડતા હતા. જ્યારે શીખો સાથે અંગ્રેજો લડી રહ્યા હતા, ત્યારે શીખ સેનાપતિઓ ચૂપચાપ બેસી રહ્યા. શીખોની સ્વતંત્રતા બચાવવા માટે એમણે કોઈ પ્રયાસ કર્યા નહીં.



ડૉ. બાબાસાહેબ આંબેડકરના વિચારો ભારતની આઝાદી વખતે જે પરિસ્થિતિમાં હતા તે પરિસ્થિતિમાં જ આજે પણ છે. એમના મંત્રી તરીકેના રાજીનામાનાં પત્રમાં એમણે ઉલ્લેખ કર્યો હતો કે સને ૧૯૪૭માં આખી દુનિયા આપણી મિત્ર હતી પણ આજે આપણી સાથે તેમાંનું કોઈ નથી. કે જે યુનોમાં ભારતની તરફેણમાં મત આપે.



'લોકો પોતે જ પોતાના માટે નવેમ્બર, ૧૯૪૯માં બનાવેલાં બંધારણને સમાધાનકારક રીતે લાગુ નહીં કરે તો ભવિષ્યમાં ક્યારેક આપણે કહેવું પડશે કે બંધારણ ખોટું નથી, મનુષ્ય જ અધમ છે.



૨૬મી જાન્યુઆરી, ૧૯૫૦ દિવસે આપણે વિરોધાભાસો ભરેલી જિંદગીમાં પ્રવેશી રહ્યા છીએ. રાજકીયજીવનમાં તો આપણે સમાનતા ભોગવીશું જ્યારે સામાજિક અને આર્થિકજીવનમાં અસમાનતાની બોલબાલા બરકરાર હશે. રાજનીતિમાં આપણે એક વ્યક્તિ એક મતના સિદ્ધાંતને માનીશું. જ્યારે આપણાં સામાજિક અને આર્થિક વ્યવસ્થાના કારણે એક વ્યક્તિ એક મૂલ્યના સિદ્ધાંતનું આપણે ખંડન કરતાં હોઈશું. વિરોધાભાસપૂર્ણ આવું જીવન લાંબા સમય સુધી મૂકી દઈશું. આપણે તાત્કાલિક ધોરણે આ વિરોધાભાસને ખતમ કરવા પ્રવૃત્ત થવું પડશે. નહીં તો જે લોકો અસમાનતાથી પીડાય છે, શોષાય છે તેઓ આ રાજનૈતિક લોકતંત્રને જેની આપણી બંધારણસભાએ પરિશ્રમપૂર્વક સ્થાપના કરી છે એને જ ખતમ કરી દેશે.



ડૉ. બાબાસાહેબ આંબેડકર ભારત પાકિસ્તાનના સંબંધો અંગે બિસ્માર્ક અને બર્નાર્ડ શોને ટાંકતા કહેતાં કે બિસ્માર્ક કહેતાં કે "રાજકારણ સંભાવનાઓની રમત છે." તો બર્નાર્ડ શો કહેતા કે "સારા આદર્શો સારા છે પણ ક્યારેક વધુ પડતાં સારા આદર્શો નુકસાનકારક છે." આંબેડકરજીના મતે ભારતની વિદેશનીતિ દુનિયાના આ બે મહાનતમ નેતાઓના મતથી એકદમ વિપરીત દિશાની છે. જે નુકસાનકારક છે."



મેં સાંભળ્યું છે કે વડાપ્રધાનશ્રીએ ટનલ ખોદાવવાનો પ્રૉજેક્ટ અમલમાં મૂક્યો છે જે કાશ્મીરને ભારત સાથે જોડશે. હું માનું છું કે આ એક સૌથી ખતરનાક કાર્ય હશે જે ભારતના વડાપ્રધાનશ્રી કરવા જઈ રહ્યા છે. કદાચ વડાપ્રધાનશ્રી એવું વિચારી રહ્યા છે કે આ ટનલનો ઉપયોગ તેઓ એકલા જ કરશે. તેઓ અનુભવી નથી શકતા કે બીજા છેડે જે વિજેતાએ કાશ્મીર જીત્યું તે સીધો જ આ ટનલના માધ્યમથી કાશ્મીરથી પઠાનકોટ કે સીધો વડાપ્રધાન નિવાસ સુધી આવી શકે છે. મને ખબર નથી કદાચ કોઈક દિવસ રશિયા, ચીન કે પાકિસ્તાન કાશ્મીરને જો જીતી લે તો તે સીધા જ આપણાં આંગણામાં આવી જાય.



"રાષ્ટ્રની આવકનો મોટો ભાગ સૈનિક ખર્ચાઓ પાછળ થાય છે. ભારતની અલગ અલગ દિશાઓમાંથી થતી કુલ વાર્ષિક ૩૫૦ કરોડની આવકમાંથી ૧૮૦ કરોડ સેના પાછળ ખર્ચાય છે. જે આપણી આ દૂરદર્શી વિદેશનીતિને આભારી છે."



પાકિસ્તાન સાથેનો ઝઘડો બે મુદ્દાને કારણે છે એક તો કાશ્મીર અને બીજું પૂર્વ બંગાળમાં આપણાં લોકોની સ્થિતિ. મને લાગે છે કે આપણે પૂર્વ બંગાળ પર વધુ ધ્યાન આપવું જોઈએ.



ડૉ. આંબેડકર કાશ્મીર મુદ્દે કહેતાં કે, “આપણે જે મુદ્દે લડી રહ્યા છીએ તેમાં મારા મતે મુદ્દો એ નથી કે કોણ ખરું છે? પણ મુદ્દો એ છે કે શું ખરું છે?





તે કહેતા કે ‘જો હિંદુ સોસાયટીને સમાનતાના આધારે પુનઃગઠીત કરવામાં આવે તો જાતિપ્રથા એની મેળે નાબૂદ થઈ જશે. અસ્પૃશ્યતાનું મૂળ જાતિપ્રથામાં છે. બ્રાહ્મણો જાતિપ્રથા સામે ઊભા થાય અને બળવો પોકારે એ અપેક્ષિત નથી. એવી જ રીતે બ્રહ્મણેતર લોકો અમારી લડાઈ લડે તે કહેવું વધુ પડતું છે. એ બધામાંથી મોટાભાગના પોતાનો વર્ગ ઊંચે આવે તેના કરતાં બ્રાહ્મણોને નીચું બતાવવાની વધારે ઇચ્છા રાખે છે. તેઓ સમાજમાં એક એવો વર્ગ હોય તેવું ઇચ્છે છે કે જે તેમનાથી નીચો



હોય અને તેમની સામે પોતે ઊંચા હોવાની વૃત્તિ સંતોષી શકે. આનો અર્થ એ થાય છે કે અમારી લડાઈ અમારા પર આધાર રાખીને અમારે જ લડવાની છે. અસ્પૃશ્યતા એ અસ્પૃશ્યોને નુકસાન પહોંચાડ્યું છે અને હિન્દુઓને અને હિન્દુસ્થાનને પણ તબાહ કરી નાંખશે. જે દિવસે દબાયેલા કચડાયેલા વર્ગએ પોતાનું સ્વાભિમાન અને સ્વાધીનતા પરત મેળવી એ દિવસે આ વર્ગ તેમની પોતાની સમૃદ્ધિ, તેમના ઉદ્યોગો, બુદ્ધિમત્તા, હિંમત વગેરે તમામ ક્ષેત્ર પોતાનું યોગદાન આપશે. રાષ્ટ્રની સમૃદ્ધિ વધુ બળવાન બનાવશે.



"જો સામાજિક પ્રગતિ કરવી હશે તો યુવાન સ્ત્રીઓનું અભ્યાસ કરવું પણ એટલું જ જરૂરી છે જેટલું યુવાન પુરુષના અભ્યાસનું છે."



તમને ખ્યાલ જ નહીં આવે કે મારા જીવનમાં કેવી રીતે ક્રાંતિકારી પલટો આવી ગયો. હું પશુઓ ચરાવતો હોત કે મહેનત મજૂરીનું કામ કરતો હોત તો આ જગ્યાએ પહોંચી શક્યો ન હોત. મારા પિતાજી ઘણીવાર કહેતા, "છાંયડામાં થાય એવું જ કામ કરતાં શીખજે." આ બધાં સંભારણાનાં આધારે આત્મકથા લખવાનો મારો વિચાર છે. કદાચ આખી આત્મકથા ન લખું તો પણ ‘મારું બાળપણ’ જેવું એકાદ પુસ્તક તો જરૂર લખીશ, તેમાં આ બધી વાતો વિગતે લખીશ. આજે હું જે કંઈ પણ છું, એ મારામાં રહેલી કોઈ જન્મજાત પ્રતિભા કે આવડતને લીધે હું છું એવું ન કહી શકાય, પણ એટલું ખરું કે મારી જાતને મેં ઓળખી લીધી હતી. મારા જીવનમાં આવેલો વળાંક જિંદગીને નવી દિશા આપવામાં નિર્ણાયક સાબિત થયો છે.’





સામયિકનું ઘણું મહત્ત્વ છે. તેમાં સઘન, સત્ત્વશીલ, પુષ્કળ માહિતી અને વિચારધન ધરાવતા લેખ તેમજ માહિતી હોવા જોઈએ. તંત્રી/સંપાદક માત્ર પદવિધારી હોય તે જરૂરી નથી. પરંતુ તે અભ્યાસી અને વિચારદૃષ્ટિવાળો સમાજસેવક પણ હોવો જોઈએ. સામયિકોના લખાણોથી વાચકો વશીભૂત થવા જોઈએ. વાચકો-ગ્રાહકોની સંખ્યામાં ઉત્તરોત્તર વૃદ્ધિ થવી જોઈએ. સામયિક નિભાવવા આર્થિક સદ્ધરતા અનિવાર્ય છે. સામયિક ચલાવવાનો મને અનુભવ હોવાથી હું તમને આ સૂચનો લખું છું.



"આપણે જે રાજકીય પક્ષ સંગઠિત કરવો છે, તેને કેવળ અસ્પૃશ્ય જાતિ પૂરો મર્યાદિત રાખવો જોઈએ નહીં. એમાં સવર્ણ પણ આવી શકે છે."





આ દેશનાં જંગલો, ગિરિમાળા કંદરાઓમાં જે વનવાસી રહે છે, એમની તરફ વર્ષોના વર્ષ હિંદુ સમાજનું દુર્લક્ષ રહ્યું છે. હજારો વર્ષની પરંપરાવાળા આપણા આ દેશમાં કરોડો લોકો રોગગ્રસ્ત છે, અનેક લોકો જંગલી અવસ્થામાં જીવન જીવી રહ્યા છે, અસંસ્કૃત છે, પરંપરાગત અપરાધ કરે છે. આ બધા પ્રત્યે હિંદુઓના મનમાં કોઈ શરમ કે કોઈ ચીડ નથી. એ લોકોને યોગ્ય જીવન જીવવા માટે પ્રવૃત્ત કરવામાં આવ્યા નથી.



આદિવાસીઓમાં સુધારો લાવવાનો અર્થ છે, એમને આત્મીયતાપૂર્વક આપણી પાસે લાવવા, એમના મનમાં વાસ કરવો, પરસ્પર બંધુભાવ નિર્માણ કરવો, એકંદરે એમના પર અપરંપાર પ્રેમ કરવો. સમાજમાં બંધુભાવ નિર્માણ કરવો અને પરસ્પર પ્રેમ કરતાં શીખવવું.





ધર્માંતર કરવાથી અમે ડરતા નથી. ફકત અસ્પૃશ્યોનોજ સવાલ હોત તો ધર્માંતર તરત જ કરી શકાત, પરંતુ અસ્પૃશ્યોએ ફક્ત એટલું જ કામ કરવાનું નથી. તેમણે બ્રાહ્મણવાદી ધર્મપદ્ધતિ અને તેમાંથી ઉદ્ભવતી ભેદપ્રિય મનોવૃત્તિનો નાશ કરવાનો છે. હિંદુ અને અન્ય ધર્મોના વર્તમાન પ્રામાણ્યને નકારી સમતા, સ્વતંત્રતા, બંધુત્ત્વ સાથે સુસંગત હિંદુ ધર્મનું નવું સંગઠન કરવાનું છે.



'અસ્પૃશ્યતા નિવારણના સરળ ઉપાય તરીકે પરધર્મ સ્વીકારીને હિંદુ-ધર્મનો નાશ કરવાને બદલે એમાં જ રહીને, પોતાની સંપૂર્ણ શક્તિ લગાવીને પોતાનું મનુષ્યત્વ પ્રાપ્ત કરવાનો પોતે જ નિશ્ચય કર્યો છે.' આમ એ સ્પષ્ટ થાય છે કે એમના દ્વારા કરવામાં આવતું કાર્ય સ્વયંના નહીં પણ હિન્દુ ધર્મના ઉદ્ધાર માટે હતું.





અનુયાયીઓને ધર્માંતરનું આહ્વાન કરતા કહ્યું હતું કે "મારા આ નિર્ણયથી અનુયાયીઓમાં ફૂટ પડવી જોઈએ નહીં. એ લોકોએ મારી સાથે ધર્માંતર કરવું જોઈએ, પરંતુ લાગણીમાં ખેંચાઈ ન જતાં વિચારપૂર્વક અને જો એમની બુદ્ધિને યોગ્ય લાગતું હોય તો જ કરવું જોઈએ. ભાવિ પેઢીનું ભવિષ્ય એમના નિર્ણય પર નિર્ભર છે. ભગવાન બુદ્ધે અંતિમ સમયમાં મહાપરિનિર્વાણ પહેલાં પોતાના શિષ્ય આનંદને સ્વંયની જ બુદ્ધિને શરણે જવાનો, સત્યને શરણે જવાનો ઉપદેશ આપ્યો હતો." આ ઉપદેશો વિસ્તારપૂર્વક સમજાવતાં બાબાસાહેબે કહ્યું, "ભગવાન બુદ્ધના આ ઉપદેશને તમે લોકો આ પ્રસંગે ધ્યાનમાં રાખશો તો તમારો નિર્ણય ખોટો નહીં પડે."



'આજે દેશમાં ચારિત્ર્યનો અભાવ છે, અને જે દેશમાં નીતિમત્તા નથી રહેતી એ દેશનું ભવિષ્ય અંધકારમય હોય છે.





'અસ્પૃશ્યોની બાબતમાં મારે તમારી સાથે મતભેદ છે, છતાં પણ જ્યારે પ્રસંગ આવશે ત્યારે હું એવા માર્ગનો સ્વીકાર કરીશ, જેનાથી આ દેશને ઓછામાં ઓછો ધક્કો લાગે, એટલા માટે બૌદ્ધ ધર્મ સ્વીકારીને હું આ દેશને ઓછામાં ઓછો ધક્કો લાગે, એટલા માટે બૌદ્ધ ધર્મ સ્વીકારીને હું આ દેશું અધિકતમ હિત સાધી રહ્યો છું, કારણકે બૌદ્ધ ધર્મ



ભારતીય સંસ્કૃતિનો જ એક ભાગ છે. મેં ધર્માંતર કરતી વેળાએ વાતની સાવચેતી રાખી છે કે આ દેશની સંસ્કૃતિ અને ઐતિહાસિક પરંપરાને ધક્કો ન લાગે. ‘સ્પૃશ્ય હિંદુઓ’ સાથે મારો ઝઘડો છે પરંતુ આપણા દેશની સ્વતંત્રતાની રક્ષા માટે હું મારા પ્રાણ આપવામાં પાછો નહિ પડું.’



પ્રત્યેક મનુષ્યને વિચારસ્વાતંત્ર્ય છે. તેણે એનો ઉપયોગ સત્યના સંશોધન માટે કરવો જોઈએ. સત્યના સંશોધનનો માર્ગ ખૂબ જ વિકટ છે. બધાને જે સારાસાર વિવેકબુદ્ધિ ઉપલબ્ધ છે એનો ઉપયોગ કરીને સત્યની શોધ કરી શકાય છે.



જો ધર્માંતર કરવાથી આપણને સ્વતંત્રતા મળતી હોય તો હિંદુ ધર્મમાં સુધારો કરવાની જવાબદારી આપણે લોકોએ પોતાની ઉપર શા માટે લેવી જોઈએ અને એને માટે આપણાં સામર્થ્ય અને ધનની આહુતિ શા માટે આપવી જોઈએ?



ધર્માંતરનો માર્ગ અસ્પૃશ્યો માટે તો સુખનો જ માર્ગ છે, તે સવર્ણ હિંદુઓ માટે પણ સુખદાયી હશે અને ત્યારે મંદિર પ્રવેશ, સહભોજન, સવિવાહ જેવા સામાજિક અધિકારો મેળવવા માટે સંઘર્ષ કરવાનું કારણ રહેશે જ નહીં, કારણ કે ત્યારે અધિકાર જ નહીં અને તેની જરૂરિયાત પણ નહીં રહે.



ફક્ત અર્થ અનર્થકારી હશે, અર્થ સાથે ધર્મ હોવો જ જોઈએ.





સ્વતંત્ર સમાજની રચના માટે ધર્મ આવશ્યક છે.



પ્રત્યેક ધર્મ સર્વાંગ પરિપૂર્ણ હોય એ આવશ્યક નથી.





ધર્મ એ જીવનની બાબતમાં જ માર્ગદર્શન કરવું જોઈએ. ઈશ્વર અથવા આત્મા, સ્વર્ગ અથવા પૃથ્વીની બાબતમાં તેણે અનુમાન કરવાની આવશ્યકતા નથી.



ઈશ્વરને ધર્મનું કેન્દ્રબિંદુ માનવું એ ભૂલ છે.





આત્માની મુક્તિને ધર્મનું કેન્દ્રબિંદુ માનવું એ ભૂલ છે.



પશુ હિંસાને ધર્મનું સમર્થન છે એ વાત ખોટી છે.





વાસ્તવિક ધર્મ માનવના અંતઃકરણમાં હોય છે, શાસ્ત્રમાં નહીં.



માનવ અને નીતિનું ધર્મનું મધ્યાંગ છે, જો એમ ન હોય તો ધર્મ એક ક્રૂર જંતરમંતર છે.





નીતિ જીવનનો આદર્શ હોય એટલું પૂરતું નથી. જે અર્થમાં ઈશ્વરનું અસ્તિત્વ નથી એ અર્થમાં નીતિને જીવનની નિયામક બનાવવી જોઈએ.



ધર્મનું કાર્ય સંસારની પુર્નરચના કરવાનું અને એને સુખી કરવાનું છે. એના આદિ અંતને સ્પષ્ટ કરવાનું નથી.





સંસારમાં અસુખ (દુઃખ) સ્વાર્થને કારણે. એમાંથી મુક્તિ મેળવવાનો માર્ગ અષ્ટાંગ માર્ગનું અવલંબન છે.



વ્યક્તિગત સંપત્તિ ધરાવવાનો અધિકાર એક વર્ગને સત્તાધારી તેમજ સુખી બનાવે છે તો બીજા વર્ગને દુ:ખી કરે છે.





દુઃખનું કારણ દૂર કરી એને સમાપ્ત કરવું એ સમાજની હિંમત માટે જરૂરી છે.

સંપૂર્ણ માનવજાતિ સમાન છે.







મહત્ત્વ ઊંચા આદર્શોનું છે,
ઉચ્ચ જાતિનું નહીં.



મિત્રતા અને બંધુત્વભાવને ક્યારેય નકારવાં જોઈએ નહીં. તમે તમારા શત્રુના પણ ઋણી છો.





દરેકને જ્ઞાન પ્રાપ્ત કરવાનો અધિકાર છે. જીવતા રહેવા માટે જેટલી આવશ્યકતા અનાજની છે. તેટલી જ આવશ્યકતા જ્ઞાનની પણ છે.



ગરીબ જનતાએ આપેલા પૈસાનો હિસાબનો સારી રીતે રાખવો જોઈએ. એક પૈસાની પણ ગરબડ થાય નહીં એની ચિંતા કરવી જોઈએ. સાર્વજનિક પૈસાનો હિસાબ સારી રીતે રાખવા જેવું પવિત્ર બીજું કોઈ કાર્ય નથી. સાર્વજનિક પૈસાની ગરબડ કરવા જેવું નીચ કામ બીજું કોઈ હોઈ શકે નહીં.



કેટલાકનો મત હતો કે શ્રીમદ્ શંકરાચાર્યના કારણે બૌદ્ધ ધર્મનો ભારતમાંથી લોપ થયો, પણ આંબેડકર સ્પષ્ટરૂપે એ મતના હતા કે શ્રીમદ્ શંકરાચાર્યના કારણે બૌદ્ધ ધર્મ ભારતમાંથી નાશ પામ્યો. તેઓ કહેતા કે આ વાત સત્યથી વિપરીત છે બૌદ્ધધર્મ બુદ્ધના મૃત્યુ પછી અનેક સદીઓ સુધી ટકી રહ્યો. એ સાચું છે કે વૈષ્ણવ તેમજ શૈવ પંથના ઉદયની થોડી અસર બૌદ્ધ મત પર થઈ. ગહન અધ્યયન કર્યા પછી એમનો એવો મત બન્યો હતો કે બૌદ્ધમતના ધ્વંસનું મુખ્ય



કારણ મુસલમાનોનું આક્રમણ હતું. તેમણે કહ્યું જ્યારે બખ્તિયાર ખીલજીએ બિહાર પર આક્રમણ કર્યું ત્યારે તેણે પાંચ હજારથી પણ વધુ ભિક્ષુઓની કતલ કરી. બચી ગયેલા બૌદ્ધધર્મીઓ ચીન, નેપાળ, તિબેટ ભાગી ગયા. બૌદ્ધધર્મના પુનઃજીવન માટે હિન્દુસ્તાનના બૌદ્ધધર્મીઓએ નવી પીઠ ઊભી કરવાનો પ્રયાસ કર્યો પરંતુ ત્યાં સુધીમાં ૯૦ ટકા બૌદ્ધધર્મીઓ ફરીથી હિંદુધર્મમાં ચાલ્યા ગયા હતા. તેથી આ પ્રયાસ નિષ્ફળ ગયો.’





'મેં આપણા સમાજના બાળકો માટે અવસર ઉપલબ્ધ કરાવ્યા છે, પરંતુ તેને કારણે આપણા સમાજની કોઈ વ્યક્તિવિશેષની જવાબદારી મારી ઉપર આવતી નથી. એમ કરવાથી એટલી જ યોગ્યતા ધરાવતા બીજા બાળકોને અન્યાય થશે. આ કારણોસર હું આ પ્રકરણમાં કોઈ હસ્તક્ષેપ કરી શકતો નથી.'



જે લોકો હિતો અને અભિપ્રાયોના પૂરતા અને યોગ્ય પ્રતિનિધિત્વની યોજનાઓ ઘડવામાં કાર્યરત છે. તેમને પ્રતિનિધિત્વનું મહત્ત્વ ફુલાવી ફુલાવી કહેવું તે નરી મૂર્ખામી લાગે, પણ તેથી વ્યક્તિગત પ્રતિનિધિત્વ બિનમહત્ત્વનું નથી જ. વર્તમાન સમયમાં 'લોકો માટેની સરકાર' એ સૂત્રે 'લોકોની બનેલી સરકાર' કરતાં વધુ ધ્યાન ખેંચ્યું છે. ખરેખર એવા પણ ઉદાહરણો છે કે લોકો દ્વારા બનેલી સરકાર વિના પણ લોકો માટે સરકાર શ્રેષ્ઠ અર્થમાં અસ્તિત્વ ધારણ કરી શકે. છતાંય બધા જ રાજકીય મીમાંસકો સરકારના આવા સ્વરૂપને એકમતે વખોડી કાઢશે અને તેનું કારણ જાણવું મહત્ત્વનું છે. આજના શિક્ષણપ્રદ વાતાવરણમાં, પ્રત્યેક પ્રકારની મંડળી તેના સભ્યોના સક્રિય ઘડતર પર પોતાનો પ્રભાવ પાડશે.



સામાજિક વિભાજન કેટલીક કોમોના રાજકીય જીવન સામે કેવું પૂર્વગ્રહયુક્ત કાર્ય કરે છે તેનું પૃથ્થકરણ જો સાચું હોય તો આ પરિસ્થિતિને પહોંચી વળવા સપ્રમાણ પ્રતિનિધિત્વના રજૂ થયેલા ઉપાય જેવા વધુ અયોગ્ય ઉપાય બીજો કોઈ નથી. સપ્રમાણ પ્રતિનિધિત્વનો હેતુ અભિપ્રાયોને પ્રમાણસર પ્રતિનિધિત્વ આપવાનો છે. તેની પૂર્વધારણા એ છે કે મતદારો ઉમેદવારનું વ્યક્તિત્વ નહિ પણ તેના અભિપ્રાયને કારણે તેને મત આપશે, પણ આપણા હેતુ માટે સપ્રમાણ પ્રતિનિધિત્વ અયોગ્ય છે.



અસ્પૃશ્યોને દયાપાત્ર ગણવામાં આવે છે, પણ રક્ષણ યોગ્ય કંઈ એવું તેમનું હિત નથી. એવા દાવા પર કોઈપણ રાજકીય યોજનામાં તેમની ઉપેક્ષા કરવામાં આવે છે. છતાં પણ તેમના હિતો મોટામાં મોટા છે એવું નથી કે તેમની પાસે જપ્ત થતી અટકાવવા જેવી મોટી મિલકત છે. પણ તેમનું ખુદનું જ વ્યક્તિત્વ જ જપ્ત થઈ ગયું છે. સામાજિક ધાર્મિક અસામર્થ્યે અસ્પૃશ્યોને માણસથીય બદતર બનાવી દીધા છે અને તેમના જ હિતો જોખમમાં છે તે માનવતાના હિતો છે. આવા મૂળભૂત હિતોની આગળ મિલકતનાં હિતો નહિવત્ છે.





મેં જે વકીલોને આગળ ધર્યા તેઓ બારરૂમમાં ગયા પછી ઉચ્ચ વર્ણના લોકો સાથે બેસવા ઉઠવામાં તેમજ ખાવા પીવામાં જ રુચી ધરાવતા હતા.



તેઓ કહેતા કે ‘અસ્પૃશ્યોની સમસ્યાઓના હિમાલય સાથે અફળાવાથી મારું માથું રક્તરંજિત થાય તો પણ મારી તૈયારી છે.’





માન્ચેસ્ટર ગાર્જિયન અને 'ન્યૂયોર્ક ટાઇમ્સ'ના બે પ્રતિનિધિઓએ તેમની ભારત મુલાકાત દરમ્યાન ભારતમાં ગાંધીજી, ઝીણા અને આંબેડકરને મળવા માટે સમય માંગ્યો હતો. ગાંધીજીના અંગત સચિવે રાત્રે ૯-00 વાગ્યાનો સમય આપ્યો જ્યારે ઝીણાના અંગત સચિવે ૯-૩૦નો સમય આપ્યો તો આંબેડકરે કહ્યું કે ગમે ત્યારે આવી શકો છો. તેઓ પ્રથમ ગાંધીજીના નિવાસસ્થાને ગયા તો ગાંધીજી સૂઈ ગયા હતા તેમને બીજા દિવસે આવવા કહેવાયું. ઝીણા પણ સૂઈ ગયા હતા પણ રાત્રે ૧૨-00 વાગ્યાના સુમારે જ્યારે



તેઓ આંબેડકરજીના નિવાસસ્થાને પહોંચ્યા તો તે પોતાની લાઇબ્રેરીમાં વાંચન કરતાં કરતાં પત્રકારોની રાહ જોઈ રહ્યા હતા. પત્રકારોએ સવાલ પૂછ્યો કે નવાઈની વાત છે. દેશના બે મહાન નેતાઓ સૂઈ ગયા છે અને તમે જાગતા રહીને અમારી રાહ જોતા બેઠા છો. તો આંબેડકરે જવાબ આપ્યો કે "ગાંધીજી અને મહંમદઅલી ઝીણા આરામથી સૂઈ રહ્યા છે કારણ કે બંનેનો સમાજ જાગ્રત છે. હું જાગી રહ્યો છું કારણ કે મારો સમાજ સૂઈ રહ્યો છે."



'આપણે રાજકીય, સામાજિક તેમજ આર્થિક રીતે વિભાજિત છીએ. આપણે બધાએ જુદીજુદી છાવણીઓ બનાવી લીધી છે. શક્ય છે કે હું પણ છાવણી બનાવેલી જમાતનો એક નેતા હોઉં. જો એમ હોય તો પણ મને પૂર્ણ વિશ્વાસ છે કે પરિસ્થિતિ અને સમય આવશે ત્યારે આપણી એકતામાં કોઈ કારણ બાધક નહીં બને. જાતિ અને પંથ અનેક છે, પરંતુ આપણે એક રાષ્ટ્ર બનીશું એ બાબતમાં મારા મનમાં કોઈ સંદેહ નથી. મને એ કહેવામાં કોઈ સંકોચ નથી કે આજે મુસ્લિમ લીગ હિન્દુસ્તાનનાં વિભાજન માટે આંદોલન કરી રહી હોય તો પણ ક્યારેક એના મનમાં અજવાળું થશે અને તે સ્વીકારશે કે અખંડ હિંદુસ્થાન બધાને માટે હિતકારક છે. આ શબ્દોમાં બાબાસાહેબની અખિલ ભારતીય દૃષ્ટિ સંપૂર્ણ ઉત્કટતાથી દૃષ્ટિગોચર થાય છે.



હું ઉતાવળો આદર્શવાદી નથી. જે પ્રતીક્ષા કરે છે અને જે હપતે હપતે કોઈ વસ્તુ પ્રાપ્ત કરવાનો કીડીમાર્ગ અપનાવે છે, એને હું દોષિત નથી ગણતો. પરંતુ જેનો આખા રૂપિયા પર ઉચિત અધિકાર છે, તો પણ એક આનો માગે છે અને જો એક પૈસો પણ મળી ગયો તો ઉત્સવ ઉજવે છે, એવા કીડીમાર્ગીઓ દયાને પાત્ર છે. હું એટલું જ ઇચ્છુ છું કે કદાચ પરિસ્થિતિએ અપાણને કીડીમાર્ગ અપનાવવા મજબૂર કર્યા હોય તો પણ આપણે યથાર્થવાદી તો બનીએ, કોઈપણ રસ્તો સ્વીકારતાં પહેલા આપણે એની સાવધાનીપૂર્વક પરીક્ષા કરી એ નિશ્ચિત કરી લેવું જોઈએ કે એ માર્ગમાં સંપૂર્ણ માગણીઓનું વર્ણન છે, કારણકે જે આજે સારો લાગે છે એ ભવિષ્યનો શત્રુ બને એવી શક્યતા રહે છે.





બંધારણમાં વખતો વખત સુધારા અને પરિવર્તન થઈ ચૂક્યા છે. એ ધ્યાનમાં રાખવું જોઈએ કે બાબાસાહેબે બંધારણ માટે પરિશ્રમ કર્યો હતો, પરંતુ બંધારણ અમલમાં આવ્યું તેનાં ત્રણ વર્ષ પછી ૨ સપ્ટેમ્બર, ૧૯૫૩ના રોજ બાબાસાહેબે બંધારણ વિશે તીવ્ર અસંતોષ વ્યક્ત કરતાં એને સળગાવવાની પોતાની ઇચ્છાને ભરી સભામાં પ્રગટ કરી હતી. એમના આ તીવ્ર રોષ પાછળ અનેક કારણો હતાં.

"જે ઉદ્દેશ્યો માટે મેં અનામતની વ્યવસ્થા કરાવી હતી તે પૂર્ણ થતી જોવા મળતી નથી. સરકારી અધિકારીઓના નામે સરકારી કચેરીઓમાં માત્ર બાબુઓ જ પેદા થઈ રહ્યા છે. આ લોકોએ તો પોતાના સમાજ સાથેના સંબંધો પણ તોડી નાંખ્યા છે. બીજી બાજુ સંસદ અને વિધાનસભાઓમાં દલિત સમાજના જાગ્રત, સંઘર્ષશીલ તેમજ નિર્ભય વક્તાઓને બદલે અશિક્ષિત અને અબોલ તથા પોતાના રાજકીય પક્ષો અને નેતાઓના અનુશાસનને નામે ખુરશીઓ ગોઠવનારા, શેતરંજી પાથરનારા લોકો જ પ્રતિનિધિ બનીને આવી રહ્યા છે. આ લોકો સંસદ કે વિધાનસભામાં ક્યારેય પણ પોતાનું મોઢું ખોલતા નથી તેથી આ અનામતનો લાભ આપણા ગરીબ અને દલિત સમાજ સુધી પહોંચતો નથી."





'જાતીયતાના વડવાનળમાં ભગવાન બુદ્ધ ખાખ થઈ ગયા. વિવેકાનંદજી પણ ખાખ થઈ ગયા, સંત તુકારામ, સંત જ્ઞાનેશ્વર વગેરે પણ ખાખ થઈ ગયા.'



બાબાસાહેબ જ્યારે કાયદામંત્રી હતા, એ સમયે એમના પુત્ર ભૈયાસાહેબનો કોઈ બે વ્યાપારીઓએ સંપર્ક કર્યો અને પોતાનું કામ કરાવવા માટે તેઓ ભૈયાસાહેબને વિમાન દ્વારા દિલ્હી લઈ આવ્યા. દિલ્હી આવ્યા પછી ભૈયાસાહેબે બાબાસાહેબને દિલ્હી આવવાનું કારણ જણાવ્યું અને કહ્યું કે, 'મારી સાથે આવેલા બંને વ્યાપારીઓને તમારી સહી સાથેના ભલામણપત્રની આવશ્યકતા છે.' આ સાંભળતાં જ બાબાસાહેબે કહ્યું, 'મૂર્ખ, હું અહીં ભારતનો કાયદામંત્રી છું. તારો બાપ નથી. દાદર (મુંબઈ)ની હિંદુ કૉલોનીના રાજગૃહમાં તમારો બાપ છું. મારી કૅબિનમાંથી બહાર નીકળી જાઓ. આ હતી તેમની પ્રામાણિકતા અને કાર્ય પ્રત્યેની નિષ્ઠા. (આજના રાજકારણમાં શું આવો ભાવ જોવા મળે છે? સામૂહિક ઉત્તર 'ના'માં જ આવશે.)





એમનો ગ્રંથપ્રેમ ગજબનો હતો. એમના સમકાલીન કોઈ નેતાની પાસે ભાગ્યે જ ૬૦,૦૦૦ જેટલા દેશ, દુનિયાના પુસ્તકોનો સંચય હશે. તે સમયે ડૉ. મદનમોહન માલવિયાએ આ પુસ્તકોને રૂપિયા ૨૦૦૦૦૦માં માંગ્યા હતા. જેની આજે કદાચ ૧૦-૧૫ લાખથી વધુ કિંમત થઈ શકે, પણ એમણે કહ્યું કે 'ગ્રંથ સંગ્રહનું જવું મારા શરીરમાંથી પ્રાણ જવા બરાબર છે.'



'મારી જનતાના ઉદ્ધારના એક સાધન તેમજ નિમિત્તરૂપે પરમેશ્વરે મને પસંદ કર્યો છે. આ અનુભવથી પ્રાપ્ત થનારો સંતોષ એટલો દુર્લભ છે કે તે કોકના જ ભાગ્યમાં આવે છે.'



બ્રાહ્મણવાદી વૃત્તિથી મુક્ત બ્રાહ્મણનું અમે સ્વાગત કરીએ છીએ. મહત્ત્વ જન્મનું નથી, ગુણનું છે. વાસ્તવમાં આ જ મૂળભૂત બૌદ્ધ તત્ત્વ છે.



જીવનની બધી વસ્તુઓ મન્નતની માફક સ્વર્ગમાંથી ઊતરી પડતી નથી. એવું ક્યારેય બન્યું નથી. હકીકતમાં તો, જો તમારે જીવનની સારી વસ્તુઓ જોઈતી હોય, તો તમારે એની કિંમત ચુકવવી પડતી હોય છે. જ્યાં સુધી તમે તેની કિંમત ન ચૂકવો ત્યાં સુધી તમને એ વસ્તુઓ મળે નહિ.





આપણે એવી સરકાર જોઈએ કે જેમાં સત્તા પરના માણસો દેશના શ્રેષ્ઠ હિતમાં હોય તેવી અવિભાજ્ય નિષ્ઠા સમર્પી દે. આપણે એવી સરકાર જોઈએ કે જેમાં સત્તા પરના માણસો એમ જાણે કે આજ્ઞાંકિતતા જ્યાં પૂરી થશે ત્યાં વિરોધ જાગ્રત થશે ત્યાં, ન્યાય અને ઔચિત્યના આદેશને અનુરૂપ સામાજિક અને આર્થિક જીવનના નિયમોમાં સુધારો કરતાં ડરતાં ન હોય.

બળનો ઉપયોગ ક્ષણજીવી છે. તે ક્ષણેક ટકે, પરંતુ ફરીથી ઉપયોગ કરવો પડે તેવી જરૂરિયાત દૂર થતી નથી. જે રાષ્ટ્ર કાયમી જીતી લેવાનું હોય તેનું શાસન થઈ શકે નહિ. બળના ઉપયોગ સામે બીજો વાંધો એ છે કે અનિશ્ચિત હોય છે. ભય એ હંમેશાં બળની અસર નથી અને યુદ્ધ સરંજામ એ વિજય નથી. જો તમે સફળ ન થાવ તો તમે સાધન વિનાના થઈ જાવ કારણ કે સમાધાન નિષ્ફળ જાય તો સમાધાનની પછી તો આશા જ રહેતી નથી.





શક્તિ અને સત્તા કોકવાર દયાળુતાથી ખરીદી શકાય છે. પરંતુ ગરીબ અને પરાજિત હિંસાથી એ બંનેની ભીખ માગી શકાતી નથી. બળના ઉપયોગનો હજુ એક વાંધો એ છે કે તમે ઉદ્દેશને સાચવી રાખવાના પ્રયાસમાં જ ઉદ્દેશને નુકસાન કરી બેસો છો.



મને લાગે છે કે આપણે જ્ઞાતિ અને અસ્પૃશ્યતા વચ્ચે ભેદ પાડવો જોઈએ. ઘણા લોકોને જ્ઞાતિ હોય છે, પરંતુ તેઓને અસ્પૃશ્યતા નડતી નથી.





કોઈપણ વ્યક્તિ સામે ભેદભાવ રાખવામાં આવશે નહિ, એમ કહેવું એક વાત છે અને દરેક વ્યક્તિને મુક્ત ઉપભોગની બાંયધરી આપવામાં આવશે નહિ એમ કહેવું એ બીજી વાત છે.



વ્યક્તિના અધિકારો જાહેર થાય તેટલું જ વ્યક્તિનું મહત્ત્વ નથી, પરંતુ એ અધિકારોનો અમલ કરાવવા માટેના ઉપાયો પણ તેની પાસે હોવા જોઈએ.





જે રીતે મૂડીવાદને પોતે મજૂર સાથેના સહયોગી જીવનને કઈ શરતોએ જીવી શકશે એ અંગેના બંધારણની જરૂર હોય છે તે જ રીતે મજૂર પણ, તેણે પોતાના મૂડીવાદી માલિક સાથે કઈ રીતે સહયોગી જીવન જીવવું એની વિનિમય કરવાની સત્તાનો હકદાર છે.



જો મતાધિકાર એ અધિકાર હોય અને તેના અમલ માટે વહીવટી મુશ્કેલી હોય તો એનો ઉપાય એ નથી કે મતાધિકાર ઉપર કાપ મૂકવો જોઈએ. પણ એનો ઇલાજ એ છે કે જરૂરી તંત્રની જોગવાઈઓ કરવી જોઈએ જેથી કરીને મતાધિકારનો ઉપભોગ કરવા શક્તિમાન હોય તેવા દરેક પુરુષ અને સ્ત્રી તેને અમલમાં મૂકવાની સ્થિતિમાં રહે.



દેશની સેવા એવી હોવી જોઈએ કે, જેનાથી, જેઓ તેમાં ભાગ લેતા હોય તેવા માણસોમાં શિક્ષણના અમુક ધોરણો અંગે કેવળ સુનિશ્ચિતતાથી મળી જાય એટલું જ પૂરતું નથી. બલ્કે તેઓમાં વિશેષજ્ઞતાનું અમુક પ્રમાણ પણ હોવું જોઈએ. મારી દૃષ્ટિએ એ જરૂરી છે કે આમાંની કેટલીક સેવાઓનું અખિલ ભારતીય સ્વરૂપ હવે બંધ થવું જોઈએ, અને પ્રાંતોને પોતાના કોટ કાપડ પ્રમાણે વેતરવાની છૂટ આપવી જોઈએ.



મતાધિકાર અને વિધાનમંડળમાં જુદા જુદા વર્ગોનું પ્રતિનિધિત્વ એ બે સ્તંભ છે, જેના પર સાચા અર્થમાં પ્રતિનિધિ સરકારનો આધાર હોઈ શકે છે.



ભારતીય નાગરિકને એવું લગાડાય નહિ કે તે જ એવી વ્યક્તિ છે જે સરકારને બનાવી કે મિટાવી શકે છે ત્યાં સુધી, આપણે ભારતમાં જવાબદાર સરકારના સાચા પાયા સ્થાપવામાં કદી સફળ થઈ શકીશું નહિ.



આપણી પાસે ચૂંટણીની એવી કોઈ પદ્ધતિ હોવી જોઈએ જે દ્વારા દેશની સરકારો અને નાગરિકો વચ્ચે પ્રત્યક્ષ સંપર્ક સ્થાપી શકાય. તેથી મારી રજૂઆત છે કે કેંદ્ર સરકાર અને નાગરિકો વચ્ચેના પરોક્ષ ચૂંટણીના અંતરપટને દૂર કરવો જોઈએ, અને તેઓને એ જોવા દેવું જોઈએ કે દેશની સરકાર પર તેઓની ચૂંટણીની શી અસર પડે છે.





કોઈપણ રાજ્યને ભારતીય સમવાયતંત્રમાં દાખલ કરાય તે પહેલાં તેણે પરિપૂર્ણ કરવી જોઈએ તેવી અમુક લાયકાતો નિયત હોવી જોઈએ. જો રાજ્યોના રાજવી ઇચ્છે કે તેનું રાજ્ય એક સ્વતંત્ર રાજ્ય તરીકે અસ્તિત્વ ધરાવે છે અને ભારતીય સમવાયતંત્રનું રાજ્ય બને તો તેણે એ સાબિત કરી આપવું જોઈએ કે તેના નાગરિકોને સભ્ય જીવન આપી શકે તેટલા પ્રમાણમાં જરૂરી સાધનો અને સામર્થ્ય તેની પાસે છે.



સમાન નાગરિક હોય ત્યાં સુધી સાચું સમવાયતંત્ર હોઈ ન શકે જે બંધારણમાં સમાન નાગરિકતા માટેની જોગવાઈ ન હોય તે બંધારણને સમવાયી બંધારણ કહેવું એ શબ્દનો ગલત પ્રયોગ કરવા સમાન ગણાશે.





આપણે મૂળભૂત અધિકારોની વ્યાખ્યા ગમે તે રીતે કરીએ અથવા લઘુમતી અધિકારોની વ્યાખ્યા ગમે તે કરીએ પણ મહત્ત્વની સમસ્યા એ જોવાની છે કે તેવા અધિકારોની યોગ્ય રીતે સલામતી રખાય છે.

સભ્યતા એક વરદાન છે. તે માનવ અને પ્રકૃતિના કલા-કૌશલ અને જ્ઞાનનો સંચિત ભંડાર છે, તે એક નૈતિક સંહિતા છે, જે માનવ-માનવ વચ્ચે સમાન આચરણની કડી છે, તે એક સામાજિક સંહિતા છે, જે પ્રત્યેક વ્યક્તિ દ્વારા પાલન કરવાના નિયમોની વ્યવસ્થા કરે છે, તે એક અર્થમાં નાગરિક સંહિતા પણ છે, જે શાસક અને શાસિતના અધિકારો અને કર્તવ્યોનું અનુમોદન કરે છે.







કામ કરવાની સ્વતંત્રતા કેવળ ત્યાંજ હોય છે જ્યાં શોષણનો સમૂળગો નાશ કરવામાં આવ્યો હોય, જ્યાં એક વર્ગ દ્વારા બીજા વર્ગ પર અત્યાચાર નથી કરાતો, જ્યાં બેકારી નથી, ગરીબી નથી, જ્યાં કોઈપણ વ્યક્તિને તેનો ધંધો હાથથી નીકળી જશે તેવો ભય નથી અને પોતાના કાર્યોના પરિણામસ્વરૂપ જ્યાં વ્યક્તિ પોતાના ધંધાની હાનિ, ઘરની હાનિ તથા રાજીરોટીની હાનિના ભયથી મુક્ત રહે છે.

પ્રાચીનકાળમાં બે પ્રકારનાં બ્રહ્મવિજ્ઞાન હતાં. એક છે દંતકથાઓવાળું બ્રહ્મવિજ્ઞાન અને બીજું છે નાગરિક બ્રહ્મવિજ્ઞાન.







પરંપરાગત રીતે ચાલી આવેલી સમજણ અનુસાર પ્રાકૃતિક બ્રહ્મવિજ્ઞાન અથવા નૈસર્ગિક બ્રહ્મવિજ્ઞાન મુખ્યત્વે ત્રણ સિદ્ધાંતોનું પ્રતિપાદન કરે છે. (1) ઈશ્વરનું અસ્તિત્વ છે અને તે વિશ્વનો પ્રકૃતિ અને બ્રહ્માંડનો સર્જક છે. (2) પ્રકૃતિની બધી જ ઘટનાઓ ઉપર ઈશ્વરનું નિયંત્રણ છે. (3) ઈશ્વર માનવજાતિ પર પોતાના સાર્વભૌમિક નૈતિક નિયમો અનુસાર નિયંત્રણ રાખે છે.



ઈશ્વર દ્વારા એક આદર્શ સંચાલન થાય છે જેનું ધ્યેય એક એવી સામાજિક વ્યવસ્થાનું સર્જન કરવાનું છે જેમાં મનુષ્ય નૈતિક જીવન જીવી શકે. 'ધર્મ' શબ્દનું હું આવું જ અર્થઘટન કરું છું.





મારા વિચાર પ્રમાણે તો જો કોઈ પણ આંદોલનને કે સંસ્થાના તત્ત્વજ્ઞાનને જાણવું હોય, ત્યારે તે સંસ્થા કે આંદોલનમાં જે ક્રાંતિઓ થઈ હોય, પરિવર્તન આવ્યું હોય તેનું અનિવાર્યપણે અધ્યયન કરવું જોઈએ. કારણકે ક્રાંતિ તત્ત્વજ્ઞાનની જનની હોય છે, ભલે કદાચ તેને તત્ત્વજ્ઞાનની જનની ન ગણવામાં આવે તો પણ તે એક એવા દીપકની ગરજ સારે છે જે તત્ત્વજ્ઞાનને પ્રકાશ-યુક્ત બનાવે છે.



ધર્મના સામ્રાજ્યના વિનાશને એક મહાન ક્રાંતિ માનવામાં આવે તે ખરેખર સ્વાભાવિક છે. વિજ્ઞાને છેલ્લા ૪૦૦ વર્ષમાં બ્રહ્મવિજ્ઞાનીઓ સાથે જે યુદ્ધ કર્યું તેનું જ આ પરિણામ છે. બંને વચ્ચે આ બાબતમાં ઘમાસાણ યુદ્ધો પણ થયાં છે. એનું પરિણામ એ આવ્યું કે, આ સંઘર્ષમાં જે ક્રાંતિ થઈ એના પ્રભાવથી કોઈપણ બચી શક્યું નથી.





હિંદુ ધર્મમાં આવેલી ક્રાંતિ આશીર્વાદરૂપ સાબિત થઈ છે એમાં શંકાને સ્થાન નથી. એના કારણે જ વિચારોની સ્વતંત્રતાની સ્થાપના થઈ છે. એનું સીધું પરિણામ એ આવ્યું છે કે, સમાજ પોતાનું નિયંત્રણ પોતે જ કરી શકે એવી ક્ષમતા પ્રાપ્ત કરી શક્યો છે. જે સમાજ અંધવિશ્વાસોમાં ડૂબેલો હતો. એવો સમાજ ધર્મની રહસ્યાત્મક સત્તામાંથી બહાર નીકળ્યો, અને પોતે એક એવું સ્થાન પ્રાપ્ત કર્યું જ્યાં સ્વતંત્ર વિચારોનું પોતાનું આગવું મહત્ત્વ હોય.



ધર્મની ઉત્પત્તિ જાદુમંતર અને પ્રતીકોની પૂજાથી થઈ છે એવું તારણ કાઢવું એ મોટામાં મોટી ભૂલ છે.





આદિ સમાજ અને સભ્ય સમાજ બંને એક વાત પર તો સંમત છે કે ધર્મનું કેંદ્રબિંદુ એટલે કે, જીવનની પ્રકિયા જેમાં પ્રત્યેક વ્યક્તિનું રક્ષણ થાય છે અને એના વંશનું સંચાલન-વિસ્તરણ થાય છે. તે એક જ છે.



પ્રાચીન સમાજમાં મનુષ્ય અને દેવતા બંનેના મેળાપથી સમાજની સામાજિક, રાજનૈતિક તથા ધાર્મિક સંરચના કરવામાં આવી હતી. ધર્મની સ્થાપના દેવતા અને ઉપાસકોના ઘનિષ્ઠ સંબંધોના આધારે કરવામાં આવતી હતી. આધુનિક સમાજે દેવતાઓને પોતાની સામાજિક સંરચનાથી અલગ કરી દીધેલાં છે. હવે એમાં માત્ર મનુષ્યનો સમાવેશ થાય છે.



પ્રાચીન સંસારમાં રાષ્ટ્રિયતામાં પરિવર્તન કરવા માટે સંપ્રદાય (પંથ)માં પરિવર્તન કરવું અનિવાર્ય હતું. સામાજિક એકરૂપતાનો અર્થ ધાર્મિક એકરૂપતા થતો હતો.

સંસ્કાર અને ધાર્મિક પરંપરાઓ એ જ પ્રાચીન ધર્મનો આખે આખો સાર હતો.





આજના સંદર્ભમાં આધુનિક ધર્મ સર્વપ્રથમ તો વૈયક્તિક વિશ્વાસ તથા તર્કની શ્રદ્ધાપૂર્ણ બાબત છે, જ્યારે પ્રાચીન લોકોમાં તે પ્રત્યેક નાગરિકના સાર્વજનિક જીવનનો એક ભાગ હતો.

પ્રાચીન સંસ્કારમાં ધર્મ એક વ્યક્તિ નહીં, પણ આખા સમાજનો વિષય હતો. આખા સમાજને દેવતાના અચળ અને ક્યારેય પરાજિત ન થાય એવી ભૂમિકામાં વિશ્વાસ હતો. દેવતાઓની અચૂક મદદની વ્યક્તિને નહીં પણ સમગ્ર સમાજને ખાતરી રહેતી.







'બધા જ ધર્મો સાચા છે અને ઉત્તમ છે' એવો વિચાર કરવો તે અનુકરણની દષ્ટિએ તો ચોક્કસપણે ખોટું જ છે. આપણે ખેદપૂર્વક નોંધવું જોઈએ કે, આવો વિચાર ધર્મોના તુલનાત્મક અધ્યયનના પરિપાકરૂપે ઉત્પન્ન થયો છે. જો કે એ વાત પણ નોંધવી જોઈએ કે ધર્મોના તુલનાત્મક અધ્યયને માનવજાતની એક મોટી સેવા કરી છે.



હિંદુઓના ખ્રિસ્તીઓની જેમ જ ધર્મ સંસ્કારો પર વિશ્વાસ છે. એમાં કેવળ એક જ અંતર છે, કે હિંદુઓમાં કેટલા બધા વિસ્તૃત ધર્મસંસ્કારો છે કે એમની સંખ્યા જોઈને રોમન કેથોલિક ખ્રિસ્તીઓને પણ આશ્ચર્યચકિત થઈ જવું પડે છે. આરંભમાં આ ધાર્મિક વિધિઓની સંખ્યા કેવળ ૪૦ જ હતી અને એનો મનુષ્યના જીવનના મહત્ત્વપૂર્ણ પ્રસંગોથી માંડીને નાનીનાની વાતો સુધી સંબંધ હતો. પહેલાં એની સંખ્યા ૨૦ સુધી મર્યાદિત કરાઈ હતી. પછીથી એને ૧૬ સુધી ઘટાડી દીધી એ સંખ્યા ઉપર હિંદુઓના ધર્મ સંસ્કાર (સોળ સંસ્કાર) સ્થિર રહ્યા છે.





શું હિંદુધર્મ સ્વતંત્રતાને માન્યતા આપે છે? સ્વતંત્રતાને વાસ્તવિક બનાવવા માટે એની સાથે કેટલીક સામાજિક શરતો પણ જોડવી જોઈએ.



પ્રથમ તો સામાજિક સમાનતા હોવી આવશ્યક છે.





વિશેષાધિકારોથી સામાજિક કાર્યોનું સંતુલન એની ઉપર અધિકાર રાખનારાઓની તરફેણમાં ઝૂકી જતું હોય છે. નાગરિકોના સામાજિક અધિકારોમાં જેટલી અધિક સમાનતા હશે, એટલી પોતાની સ્વતંત્રતાનો તે ઉપભોગ કરી શકશે.

જો સ્વતંત્રતાએ પોતાનું લક્ષ્ય પ્રાપ્ત કરવું હોય તો સમાનતાની આવશ્યકતા અનિવાર્ય છે. બીજી બાબત છે આર્થિક સુરક્ષા હોવી જોઈએ.





'સ્વતંત્રતા' શું છે? અને સમાજવ્યવસ્થામાં શા માટે આવશ્યક છે? સ્વંતત્રતા'ને બે શ્રેણીઓમાં વહેંચી શકાય તેમ છે. એક છે નાગરિક સ્વાતંત્ર્ય અને બીજું છે રાજનૈતિક સ્વાતંત્ર્ય.



જ્ઞાનની ઉપલબ્ધિ સૌ કોઈને થાય તે જરૂરી છે. આ જટિલ સંસારમાં માણસ હંમેશાં કોઈને કોઈ બાબતથી ઘેરાયેલો રહે છે. એટલે પોતાની સ્વતંત્રતા ગુમાવ્યા સિવાય પોતાનો માર્ગ ચોખ્ખો કરવાનું જ્ઞાન એને માટે આવશ્યક છે.



શ્રમનું વિભાજન એની મેળે આપોઆપ થયેલું નથી અને નતો તે કોઈ સ્વાભાવિક યોગ્યતાના આધારે નક્કી થયેલું છે. સામાજિક તથા વ્યક્તિગત કાર્યક્ષમતાને માટે આવશ્યક બની જાય છે કે, આપણે કોઈ પણ વ્યક્તિને નિપુણ બનાવીએ, જેથી તે પોતાના જીવન-વ્યવસાયની પસંદગી કરી શકે એને દઢ બનાવી શકે.



માનવીય સમાજમાં દૈવી પ્રશાસનના રૂપમાં ધાર્મિક આદર્શો બે પ્રકારનાં હોય છે. એક એવો પ્રકાર જેમાં સમાજ કેંદ્રબિંદુએ હોય છે, અને બીજો એવો જેમાં વ્યક્તિ કેંદ્રબિંદુએ હોય છે. પહેલા પ્રકારના આદર્શમાં કે જેમાં સમાજ કેંદ્રબિંદુએ હોય છે તેમાં શું સારું છે અને શું સાચું છે એની કસોટી નૈતિકતાને માપવાની કસોટી છે ઉપયોગિતા. જ્યારે બીજા પ્રકારના આદર્શમાં કે જેમાં વ્યક્તિ કેંદ્રબિંદુએ હોય છે તેની કસોટી છે ન્યાય.



રાજનૈતિક સ્વતંત્રતાનું તાત્પર્ય વ્યક્તિની એવી સ્વંતત્રતા અંગે છે કે, જેમાં એને કાયદો બનાવવાની, સરકારો બનાવવાની અને બદલવાની તથા એમાં ભાગીદાર થવાની સ્વતંત્રતા હોય છે. સરકારોની રચના તો એટલા માટે જ કરવામાં આવે છે કે, જેના દ્વારા વ્યક્તિ કેટલાક દુર્લભ અધિકારો જેવા કે જીવન સ્વતંત્રતા થતા પ્રસન્નતાના સાધનો સુરક્ષિત રીતે ઉપલબ્ધ કરાવે છે એટલે કે સરકાર અધિકારો ત્યાંથી જ પ્રાપ્ત કરે છે કે જ્યાં એને અધિકારો સુરક્ષિત રાખવાની જવાબદારી સોંપવામાં આવી છે. એનો અર્થ એટલો જ થયો કે, સરકારે



પોતાનું અસ્તિત્વ, પોતાની શક્તિ અને પોતાના અધિકારો લોકોની પાસેથી પ્રાપ્ત કરવાં જોઈએ જેના ઉપર તેણે શાસન કરવાનું છે. વાસ્તવમાં રાજનૈતિક સ્વતંત્રતા માનવ વ્યક્તિત્વ તથા સમાનતાના સિદ્ધાંતથી ઉત્પન્ન થાય છે. કારણ કે એનો અર્થ એવો જ થાય છે કે, તમામ પ્રકારના રાજનૈતિક અધિકારો જનતાથી પ્રાપ્ત થાય છે તથા જનતા બીજાઓ દ્વારા નહીં પણ પોતાના દ્વારા નિર્ધારિત લક્ષ્યોને પ્રાપ્ત કરવાને માટે લોકોનું સાર્વજનિક અને વ્યક્તિગત જીવન નિયંત્રિત કરવામાં માર્ગદર્શન આપવામાં સમર્થ હોય છે.





હિંસક આક્રમણથી સમાજવ્યવસ્થાનું વિશેષ રક્ષણ કરવાના દૃષ્ટિકોણથી ત્રણ બાબતોને ધ્યાનમાં રાખવી અતિ આવશ્યક છે. ક્રાંતિને માટે ત્રણ બાબતો કારણરૂપ બને છે.

(1) સમૂહમાં એવી લાગણી પ્રવર્તવી કે અન્યાય થઈ રહ્યો છે.

(2) એવું જાણવાની ક્ષમતા કે વ્યક્તિ વિશેષની સાથે અન્યાયપૂર્ણ વ્યવહાર થઈ રહ્યો છે.

(3) હથિયારોની ઉપલબ્ધતા

જ્યારે એક સામાજિક વ્યવસ્થા જનસાધારણના ઉન્નતિના અવસરોનો ઇન્કાર કરે છે, શિક્ષણ માટેના અધિકારો આપતી



નથી, શસ્ત્ર ઉઠાવવાના અધિકારોથી વંચિત રાખે છે તો એનો અર્થ એટલો જ થાય છે કે સમાજવ્યવસ્થાનું માળખું વિદ્રોહને દબાવી નાખવાની સ્થિતિમાં છે.

જ્યારે બીજી બાજુ એક એવી સમાજવ્યવસ્થા જે શિક્ષણનો અધિકાર આપે છે, હથિયારોનો ઉપયોગ કરવાની માન્યતા આપે છે. એવા સામાજિક માળખામાં જો વિદ્રોહ થાય તો એને દબાવવો મુશ્કેલ બની જાય છે. કારણકે અનિષ્ટનો શિકાર બનેલાઓ શિક્ષણ અને હથિયારોની તાલીમ આપેલાં હોય છે.





એક વ્યક્તિ બીજી વ્યક્તિ પ્રત્યે આદર, પ્રેમ અને એકતાની ઇચ્છા બતાવે એવી વૃત્તિનું નામ ભ્રાતૃભાવ છે.



## નાગરિક સ્વાતંત્ર્યમાં......

(1) મુક્ત વિહાર - વિચરણની સ્વાતંત્ર્યતા જેનો બીજા શબ્દોમાં અર્થ છે કાયદા સિવાય ધરપકડ ન થઈ શકે.

(2) વાણીસ્વાતંત્ર્ય - જેમાં વિચાર, વાચન, લેખન અને ચર્ચાની સ્વતંત્ર્યતાનો સમાવેશ થાય છે.

(3) કાર્ય (ધંધા રોજગાર) કરવાની સ્વાતંત્ર્યતા.

પહેલા પ્રકારની સ્વતંત્રતા સાચા અર્થમાં મૂળભૂત સ્વતંત્રતા કહેવાય છે. આ સ્વાતંત્ર્ય માત્ર ભૌતિક જ નહીં, પણ અત્યંત આવશ્યક પણ છે. એના મહત્ત્વ અંગે કોઈ શંકા જ નથી.





૧૯૫૬માં તેમણે બૌદ્ધધર્મ અંગીકાર કર્યો. આ ૨૧ વર્ષ તેમણે બધા ધર્મો અંગે અભ્યાસ કરવામાં, બીજા શબ્દોમાં કહીએ તો હિંદુઓને તેમનાં પૂર્વજોએ કરેલી ભૂલનું પ્રાયશ્ચિત કરવા તક આપી હતી, પણ કોઈ પ્રતિસાદ ન મળતાં તેમણે જાહેરાત કરી હતી કે, "હવે હું ધર્મપરિવર્તન કરીશ, પણ એ પાછળ કોઈ ઐહિક લાભ મેળવવા માટે નહિ પરંતુ મારા ધર્માન્તર પાછળ આધ્યાત્મિક ભાવના સિવાય બીજી કોઈ ભાવના નહીં હોય."



બુદ્ધને એવી પ્રતીતિ થઈ કે સારું અને પવિત્ર જીવન જીવવા માટે ઉપદેશ અને બોધ આપવાને બદલે વિશુદ્ધ જીવનનો આદર્શ નમૂનો પૂરો પાડવો બહેતર છે. એટલે એમણે પોતે જ વિશુદ્ધ જીવન જીવી બતાવીને સર્વાધિક મહત્ત્વપૂર્ણ કાર્ય કરી બતાવ્યું. જેથી સૌ કોઈને માટે પ્રમાણભૂત એવો એક ઉચ્ચ આદર્શ મળી રહ્યો.



હિંદુ સમાજની ત્રણ બાબતો વિરુદ્ધ બુદ્ધે મહાઅભિયાન શરૂ કર્યું હતું.

પ્રથમ બાબત એ હતી કે, એમણે વેદોની સત્તાનો અસ્વીકાર કર્યો.

બીજી બાબત એ હતી કે, એમણે બલિ આપવાની પ્રથાની નિંદા કરી.

ત્રીજી બાબત એ હતી કે, એમણે જાતિપ્રથાની નિંદા કરી અને તેનો અસ્વીકાર કર્યો.



જાતિના વિરોધમાં બુદ્ધે જે શિક્ષણ આપ્યું એનો જ વ્યવહારમાં એમણે અમલ પણ કર્યો. આર્યોના સમાજમાં જે જે કરવાનો ઇન્કાર કર્યો હતો તેને એમણે સાર્થક કરી બતાવ્યું. આર્યોના સમાજમાં શુદ્ર અથવા નિમ્ન જાતિનો મનુષ્ય ક્યારેક બ્રાહ્મણ બની શકતો નહોતો. પરંતુ બુદ્ધે એનો કેવળ પ્રચાર જ કર્યો નહીં પણ શુદ્ર અને નિમ્ન જાતિના લોકોને ભિખ્ખુનો દરજ્જો આપ્યો, જેવો આર્યોના સમાજમાં બ્રાહ્મણોનો દરજ્જો છે, એવો જ દરજ્જો ભિખ્ખુઓનો છે.



જ્યાં સુધી મનને સ્વતંત્રતાનો ઉપયોગ કરવાનું શિક્ષણ ન આપવામાં આવે ત્યાં સુધી સ્વતંત્રતાનું કોઈ જ મૂલ્ય રહેતું નથી. આ તથ્યને ધ્યાનમાં રાખીને શિક્ષણ પ્રાપ્ત કરવાનો મનુષ્યનો અધિકાર-એની સ્વતંત્રતા માટે મૂળભૂત અધિકાર બની જાય છે. મનુષ્યને જો જ્ઞાનથી વંચિત રાખવામાં આવે તો તે અનિવાર્યરૂપે જે લોકો જ્ઞાન ધરાવે છે એના ગુલામ બનાવી દેશે. જે લોકોને જ્ઞાનપ્રાપ્તિનો અધિકાર મળ્યો છે તે સૌભાગ્યશાળી છે. જ્ઞાનથી વ્યક્તિને વંચિત રાખવાનો અર્થ થાય છે. મહાન ઉદ્દેશ્યનો ઉપયોગ જ્ઞાન હોય તો જ થઈ શકે. એક અજ્ઞાની માણસ સ્વતંત્ર હોઈ શકે છે.... (પરંતુ) પોતાની સ્વતંત્રતાનો તે ઉપયોગ કરી શકતો નથી. સ્વતંત્રતાની પ્રસન્નતા ભોગવી શકે તો જ સ્વતંત્રતાનો અર્થ છે.



ઇસ્લામે બ્રાહ્મણવાદ અને બૌદ્ધધર્મ બંને પર આક્રમણ કર્યું હતું, એટલે હવે પૂછી શકાય તેમ છે કે એક ધર્મ જીવિત રહ્યો છે અને બીજો ધર્મ નષ્ટ થઈ ગયો એવું કેવી રીતે બન્યું?



કોઈપણ ધર્મ કે વિચારાધારાનું અસ્તિત્વ એના આચરણ અને પ્રચાર ઉપર અવલંબિત રહેતું હોય છે, જો પ્રચાર અસફળ થઈ જાય તો ધર્મ પણ લુપ્ત થઈ જાય છે.



એક અન્ય અર્થમાં પણ ભારત અનેક ધર્મોની ભૂમિ છે. અન્ય કોઈ સ્થળે જીવનના તાણાંવાણાં ધાર્મિક વિશ્વાસો અને પ્રથાઓથી એટલાં બધાં વણાયેલાં નથી, જેટલાં ભારતમાં છે.



વાસ્તવમાં કોઈ પણ દેશ એવો નથી જ્યાં ધર્મ અને ધર્મસંસ્થાએ એના ઇતિહાસમાં આટલી મોટી મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવી હોય; જેવી ભારતમાં ધર્મ દ્વારા ભજવવામાં આવી છે.



આજે આ દેશમાં ધર્માંતર પર ચર્ચા ચાલી રહી છે. આજ પર્યંત ખ્રિસ્તી મિશનરીઓ તેમજ મુસ્લિમ આક્રાંતાઓ દ્વારા ભારતનું અસ્તિત્વ મીટાવી દેવા માટે ચારે તરફ હુમલાઓ થયા. એ દરમ્યાન ફક્ત સૈનિક હુમલાઓ જ ન થયા. પરંતુ સમાજના દરેક ક્ષેત્રે હુમલા કરવામાં આવ્યા પછી તે જ્ઞાનનું ક્ષેત્ર હોય, વિજ્ઞાનનું ક્ષેત્ર હોય, સામાજિક, આર્થિક, વ્યાપારિક હુમલા થયા.





આભડછેટને સમજો ધર્માંતર સમજાઈ જશે.



ધર્માંતરના બે પાસા છે. એક છે સામાજિક અને બીજું છે ધર્મસંબંધી. જો કે ધર્માંતરને સમજીએ તે પહેલાં ભારતમાં પ્રસરેલી આભડછેટને સમજવી જરૂરી છે. જ્યાં સુધી લોકો આ આભડછેટને નહીં સમજે ત્યાં સુધી મેં ધર્માંતર કેમ કર્યું તેને નહીં સમજી શકે. આભડછેટ એ વર્ગસંઘર્ષ સાથે સંકળાયેલી એક સમસ્યા છે. આ વર્ગસંઘર્ષ એ હિંદુ અને અછૂતો વચ્ચેનો છે. આ માત્ર એક વ્યક્તિ દ્વારા બીજી વ્યક્તિને થતો અન્યાય નથી પણ આ તો એક વર્ગ દ્વારા બીજા વર્ગ સાથે થતો અન્યાય છે.



## ગાંધીજીને ચતુરવર્ણ પ્રત્યે માન કેમ હતું?



હું એક દિવસ ગાંધીજીને મળવા ગયો, તેમણે મને કહ્યું હું ચતુરવર્ણનું માન રાખું છું. ત્યારે મેં તેમને પૂછ્યું હતું કે તમારા જેવા મહાત્મા ચતુરવર્ણને માને છે પણ મને જણાવો કે આ ચતુરવર્ણ છે શું? કોણે ચતુરવર્ણને જન્મ આપ્યો? કોણ તેનો અંત લાવશે? મારા આ સવાલોનો તેમની પાસે કોઈ જવાબ નહોતો, જે લોકોએ અમારો નાશ કરવાની કોશિશ કરી છે તેઓનો પણ નાશ થશે, કેમ કે તેઓ પણ એવા ધર્મમાં છે જેમાં કોઈ વિકાસ નથી.



## આત્મસન્માન, સમાનતા માટે ધર્માંતર

જે લોકોને દાસ બનીને રહેવાની, આજ્ઞાનું પાલન કરવાની આદત તેમના માટે ધર્માંતર નથી. જે લોકો આત્મસન્માનની જિંદગી તેમ જ સમાન હક ઇચ્છે છે તેમણે ધર્માંતર અંગે વિચારવું જોઈએ. તમે વિચારતા હશો કે ધર્મની શું જરૂર છે? પણ મારી દૃષ્ટિએ ધર્મ એ વ્યક્તિની આશાને જીવંત રાખે છે. ગરીબ આશાઓ પર તો નભે છે, તે ધર્મ સાથે સંકળાયેલો હશે તો તેની આશાથી તેને ટેકો મળશે.

## જ્યારે વ્યક્તિ નિઃસહાય બને છે ત્યારે...



ભારતમાં ઉચ્ચ વર્ણ પાસે જમીન, વ્યાપાર સેવાઓ છે તો પછી જે નીચલો વર્ગ છે તે કેવી રીતે જીવશે, આવી સ્થિતિમાં બાકીનો વર્ગ નાણાં ક્યાંથી લાવશે. આ વર્ગ નિઃસહાય બની જાય છે ત્યારે ધર્માંતર એક વિકલ્પ રહે છે. જીવન જીવવા માટે એક ધર્મને છોડીને બીજા ધર્મમાં જવું જરૂરી છે. અન્યાયનો સામનો કરી રહેલાં લોકો એક નહીં થાય ત્યાં સુધી તેમની સાથે અન્યાય પણ થતો જ રહેશે. ઉન્નતિ માટે સહાનુભૂતિ સમાનતા અને સ્વતંત્રતા જરૂરી છે, જે ધર્મમાં હું હતો ત્યાં મને આ એક પણ ના મળ્યું.





વર્ણના જાતિમાં કરવામાં આવેલા રૂપાંતરના ત્રણ તબક્કા તો બિલકુલ સ્પષ્ટ છે.

પહેલો તબક્કો એવો હતો કે જ્યારે કોઈ વ્યક્તિનો વર્ણ અર્થાત્ ‘પદ’ અને ‘વ્યવસાય’ કેવળ નિર્ધારિત સમય પૂરતો જ રાખવામાં આવતો હતો.

બીજો તબક્કો એવો હતો જ્યારે વ્યક્તિને માટે વર્ણમાં અસ્તિત્વ ધરાવતું ‘પદ’ અને ‘વ્યવસાય’ કેવળ એના જીવનકાળ સુધી જ સુનિશ્ચિત રહેતું.



ત્રીજો તબક્કો એવો હતો કે જ્યારે વર્ણમાંનું ‘પદ’ અને ‘વ્યવસાય’ વંશાનુગત બની ગયો. કાનૂની ભાષામાં કહેવું હોય તો એમ કહી શકાય કે વર્ણ દ્વારા આપવામાં આવેલી સંપત્તિ શરૂઆતમાં કેવળ કોઈ ‘ એક સમય પૂરતી મર્યાદિત’ (Estate for time only) હતી તે પછી ‘આખા જીવન પૂરતી નિર્ધારિત’ (A life Estate) થઈ અને અંતમાં આ સંપદા (Estate) વંશાનુગત. (Estate of inheritance). આમ વર્ણનું રૂપાંતર જાતિમાં થયું.





મારા મતે ધર્મ એ છે કે જે એક વ્યક્તિને એ શીખવે કે તેણે બીજી વ્યક્તિ સાથે કેવું વર્તન કરવું, ધર્મએ છે જે સૌથી વધુ પ્રભાવિત કરે છે. ધર્માંતર એ ખુશી લાવે છે. ધર્મ એ માનવી માટે છે. માનવી માટે ધર્મ નહીં, તો તમારે ખુશી જોઈતી હોય તો ધર્માંતર કરો. મેં ધર્માંતર કર્યું કેમ કે હું જે ધર્મમાં હતો તેમાં વર્ણવ્યવસ્થા જોડાયેલી છે. એકબીજા સાથે કેવું વર્તન કરવું તે આ ધર્મ નથી શીખવતો.



વર્ણ અને ‘જાતિ’ કાનૂની અર્થમાં એકબીજાના પર્યાયવાચી છે. બંનેના અભિપ્રાય ‘પદ’ અને ‘વ્યવસાય’ સાથે છે. ‘પદ’ અને ‘વ્યવસાય’ બંને એવી અવધારણાઓ છે જે ‘વર્ણ’ અને ‘જાતિ’ બંનેનું એક વિશેષ મહત્ત્વ છે, જેને કારણે બંને એકબીજાથી ભિન્ન છે. ‘વર્ણ-પદ કે વ્યવસાય બંને કોઈપણ દૃષ્ટિથી વંશાનુગત નથી.’ બીજી બાજુ ‘જાતિ’માં એક એવી વ્યવસ્થા સમાયેલી છે જેમાં પદ Status અને ‘વ્યવસાય’ Occupation બંને વંશાનુગત જ છે અને તેને પુત્ર પિતા પાસેથી ગ્રહણ કરે છે.





નૈતિક સમાનતાના સિદ્ધાંતની કડવામાં કડવી ટીકાઓ કરવામાં આવી છે. આમ છતાં એમાં એવું કંઈક છે જેનો સ્વીકાર કરવો જોઈએ અને એનું અનુકરણ પણ કરવું જોઈએ, ભલેને એના અંગે વિરોધ કેમ હોતો નથી! માનવ વ્યક્તિ પ્રત્યે આદર વગરનો સમાજ ડાકુ ટોળીઓ જ હોય છે. સમાજ કંઈ ડાકુની ટોળીઓ જેવો જ હોઈ શકે નહિ.



જે ‘વર્ગ’ પોતાની ‘અલગ જાતિ’ બનાવવાની ઇચ્છા રાખતો હોય એને માટે પરસ્પર વિવાહ યોગ્ય સ્ત્રી અને પુરુષની બરાબર સંખ્યા પોતાના જ વર્તુળમાં ઉપલબ્ધ હોય તે અત્યંત જરૂરી બની જાય છે અને સમાન સંખ્યા ઉપલબ્ધ હોય તો આંતરજાતીય વ્યવસ્થા સુરક્ષિત રાખી શકાય. જો આ સંખ્યામાં ઘણી વિષમતા હોય તો અનિવાર્યપણે આ વ્યવસ્થા તૂટી પડે.



જે લોકો એકીકરણની શક્તિઓને જોઈ શકે છે, એને સમજી શકે છે તે તમામ એ વાતનો સ્વીકાર કરશે જ કે, 'આંતરજાતીય વિવાહ વ્યવસ્થા' અથવા 'સહભોજન'નો ઇન્કાર કરવાથી જાતિ વ્યવસ્થા ટકે છે ને એમાં છૂટછાટ આપવાથી સામાજિક એકતા વધે છે. એટલે કે જાતિપ્રથા નષ્ટ થાય છે અને જાતિની જૂથબંધી તૂટે છે.

વેદોના બ્રાહ્મણવાદમાં શુદ્રોનો પ્રવેશ નિષેધ હતો, પણ ભિખ્ખુઓના બૌદ્ધધર્મમાં શુદ્રો માટેના દ્વાર ખુલ્લાં હતાં. ઘણાં શુદ્રો જે વૈદિક શાસનમાં બ્રાહ્મણ બની શક્યા નહોતા, તેઓ બૌદ્ધધર્મમાં ભિખ્ખુ બનીને બ્રાહ્મણની સમકક્ષનું પદ અને મોભો મેળવી શક્યા હતા.







વર્ગ આશ્રિત અસમાનતાના સિદ્ધાંતને બ્રાહ્મણવાદે સમાજજીવનના દેહની માંસ, મજ્જા, લોહી, અસ્થિ સાથે ભેળવી દીધેલ છે. ન્યાય દષ્ટિનો વિચ્છેદ કરવા અને સમાજને અપંગ બનાવવા માટે આ પદ્ધતિથી ઉત્તમ બીજી કોઈ પદ્ધતિ લાગુ પાડી શકાય નહિ. આ ઊંચનીચ વર્ગોથી અધિક બૂરું બીજી કોઈ પદ્ધતિ કરી શકે નહિ. જો કે આ પદ્ધતિનો પ્રભાવ સ્પષ્ટપણે નજરે પડતો નથી, પણ એ વાતમાં શંકાને સ્થાન છે જ નહિ કે એને કારણે જ સમાજ અપંગ બની ગયો છે. સમાજ અને એની વ્યવસ્થાનું અધ્યયન કરનારા વિદ્યાર્થીઓ સમાનતા અને અસમાનતા વચ્ચેનું અંતર જોઈને સંતોષ માની લે છે. કોઈનેય એવો અનુભવ થતો નથી કે સમાનતા અને



અસમાનતા સિવાય પણ વર્ગાશ્રિત અસમાનતા જેવી પણ એક ચીજ અસ્તિત્વ ધરાવે છે. આ ‘વર્ગાશ્રિત અસમાનતા’ જેટલી હાનિકારક છે એનાથી અડધા હાનિકારક ‘અસમાનતા’ નથી. અસમાનતામાં તો એનાં વિનાશનાં બીજ છૂપાયેલાં હોય છે. અસમાનતા લાંબો સમય ચાલી શકતી નથી. જ્યાં કેવળ અસમાનતા પ્રવર્તતી હોય ત્યાં માત્ર બે બાબતો બને છે. એક વાત તો એ કે એમાંથી અસંતોષ જન્મે છે. જેને ક્રાંતિનું બીજ કહી શકાય. બીજી વાત એ છે કે જે ત્રસ્ત લોકો હોય છે, તેઓ પોતે એક સમાન શત્રુ અને સમાન મુસીબતની વિરુદ્ધ સંગઠિત થઈ જાય છે. પણ વર્ગાશ્રિત અસમાનતાની પ્રકૃતિ અને પરિસ્થિતિઓ કંઈક એવા પ્રકારની હોય છે કે જેમાં ઉપરોક્ત બંને બાબતોમાંની એક પણ બાબત માટે સંભાવના હોતી નથી.





બૌદ્ધધર્મમાં સ્ત્રીઓને પણ સ્વતંત્ર સ્થાન પ્રાપ્ત થયું હતું. વિવાહ થઈ ગયા પછી પણ તેનું સ્થાન સ્વતંત્ર રહ્યું હતું. બૌદ્ધધર્મમાં વિવાહ એક પ્રકારનો કોન્ટ્રાક્ટ હતો. બૌદ્ધધર્મ અનુસાર સ્ત્રી સંપત્તિ અર્જિત કરી શકતી હતી, તે વિદ્યા પ્રાપ્ત કરી શકતી હતી. તે ભિખ્ખુણી બની શકતી હતી, જે સૌથી વિલક્ષણ બાબત હતી. શૂદ્રો અને સ્ત્રીઓને ઊંચુ સ્થાન આપવામાં બૌદ્ધધર્મના સિદ્ધાંતોનો એટલો અધિક પ્રભાવ પેદા થયો કે બૌદ્ધધર્મના વિરોધીઓ એને શૂદ્ર ધર્મ (અર્થાત્ નિમ્ન વર્ગના લોકોનો ધર્મ) કહેતા હતા.



જ્ઞાતિ તે ધર્મ છે અને ધર્મ એક સંસ્થા સિવાય અન્ય કશું ય હોઈ શકે. તેને સંસ્થાગત સ્વરૂપ આપી શકાય, પણ જેને તેમાં બેસાડી છે તેવી જ સંસ્થા નથી. ધર્મ એક એવો પ્રભાવ છે જે વ્યક્તિના સમગ્ર જીવનમાં પ્રસરે છે અને તેના ચારિત્ર્યને ઘડે છે. તેના આઘાત-પ્રત્યાઘાતોને ગમા-અણગમાઓને નક્કી કરે છે. આ ગમા-અણગમા, આઘાતો-પ્રત્યાઘાતો તે તોડી શકાય તેવી સંસ્થાઓ નથી. તે તો બળો છે, પ્રભાવો છે જેમની સાથેનો વ્યવહાર તેમને નિયંત્રણમાં રાખીને કે પડકારીને જ રાખી શકાય. જો રાજકારણને દૂષિત કરતા સામાજિક બળોને અટકાવવા હોય અને થોડાની જ સત્તાવૃદ્ધિ કરે અને ઘણા બધાનું અપમાન કરે તેવું કરતાં તેમને વારવા હોય તો તો રાજકીય માળખું એવું રચાવું જોઈએ જે નિરંકુશ સામાજિક બળો દ્વારા ઊભા કરાતા પૂર્વગ્રહોને ડામી શકે અને અન્યાયોને શૂન્યવત્ બનાવે.





બૌદ્ધિક વર્ગ (An Intellectual class) અને શિક્ષિત વર્ગ (An Educational class)માં ઘણો મોટો ભેદ છે. જે બૌદ્ધિક વર્ગ હોય છે તેને કોઈ વર્ગ સાથે કે કોઈ કામ સાથે સંયોજિત થવામાં કોઈપણ પ્રકારની રૂકાવટ કે પ્રતિબંધ હોતો નથી. બીજી બાજુ શિક્ષિત વર્ગ કંઈ બૌદ્ધિક વર્ગ જેવો જ હોય છે એવું હોતું નથી. જો કે એનામાં તર્ક કરવાની, સમજવાની અને વિચારવાની શક્તિ હોય છે. એટલે શિક્ષિત વર્ગનો દૃષ્ટિકોણ એમને નવી વિચારધારા પ્રત્યે એમના વલણમાં તે વર્ગહિતને નજરમાં રાખતો હોય છે.



કાનૂન સ્વાભાવિકપણે જ સમાજનો આધાર છે. એવું પણ લાગે છે કે કોઈપણ રાષ્ટ્રને પરસ્પર બાંધી રાખવામાં કાનૂન ઉપયોગી બને છે. જે લોકો એનાથી પણ વધારે ઊંડા ઊતરીને વિચારે છે, એમની સમજમાં એ વાત પણ આવી જાય છે કે, કાનૂન ઓછામાં ઓછા પ્રાચીન કાયદાને અધિકાર, શક્તિ અને જીવન ધર્મથી જ પ્રાપ્ત થતાં રહ્યાં છે.



આધુનિક યુગમાં ‘ધર્મ’ અને ‘નૈતિકતા’ની વચ્ચે ભેદ કરવામાં આવે છે. ‘ધર્મ’ અને ‘નૈતિકતા’નો પરસ્પર એટલો ગાઢ સંબંધ છે કે બંનેને એકબીજાથી અલગ કરી શકાય તેમ નથી. સદાચાર અને નૈતિકતા તો વ્યવહારના વિષયો છે.



જે સારું છે અને ઉચિત છે તેની વ્યાખ્યા કરવી એનું નામ જ સદાચાર છે.





સંસારમાં સદાચાર અંગે કોઈ પણ સિદ્ધાંતને શરૂ કરતી વખતે કે એની ચકાસણી કરતી વખતે એની પાછળ જો કોઈ પ્રબળ પ્રેરણાનું તત્ત્વ ન હોય તો વ્યવહારનો પ્રભાવ પડતો નથી.

જ્યાં સુધી કોઈ પ્રેરક શક્તિ સદાચારની સાથે હોતી નથી ત્યાં સુધી સદાચાર નિષ્ક્રિય હોય છે. જે વસ્તુ સદાચારને પ્રેરક શક્તિ આપે છે, તે નિઃસંદેહ ધર્મ છે.





પ્રેરક શક્તિના રૂપમાં ધર્મ વિભિન્ન પ્રકારના સદાચારોની ઇચ્છાને પ્રબળ બનાવે છે. ક્યારેક તે નિષેધના રૂપમાં હોય છે. જેના મૃત્યુ પછી પુરસ્કાર કે દંડની જોગવાઈ હોય છે, ક્યારેક પ્રભુના સંદેશની રીતે સદાચારના નિયમોનું નિર્માણ કરે છે. ક્યારેક એમાં પવિત્રતાના ભાવનું સિંચન કરે છે. જેથી લોકો સ્વયંભૂ એનું પાલન કરે. જો કે આ બધા ધર્મ દ્વારા પેદા કરવામાં આવેલા જુદાજુદા રૂપો છે, અને ધર્મની પ્રેરણા શક્તિ વ્યવહારમાં સદાચારની ભાવના જાળવી રાખે છે. ધર્મ એક ઊર્જા છે જે સદાચારના ચક્રને ઘુમાવતી રહે છે.

સાધારણ ધર્મમાં એવાં કર્તવ્યોનો સમાવેશ થાય છે જેને ઉંમર, જાતિ કે મત સાથે ખાસ લેવા દેવા નથી. ઉંમર, જાતિ કે મતથી પ્રભાવિત કોઈ વિશેષ સમુદાય કે સામાજિક વર્ગ સાથે પણ લેવા દેવા નથી. વિશેષ અવસ્થા કે આયુ સાથે પણ લેવા દેવા નથી. સાધારણ ધર્મમાં તો મનુષ્યે મનુષ્ય હોવાને નાતે કેટલાક કર્તવ્યો બજાવવાના હોય છે. 'વર્ણાશ્રમ ધર્મ'માં ઉંમર, જાતિ અને મતને લક્ષ્યમાં રાખીને કર્તવ્યો બજાવવાનાં હોય છે.





રાષ્ટ્રવાદ ત્યારે જ ઔચિત્ય ગ્રહણ કરી શકે કે, જ્યારે લોકો જાતિ, જ્ઞાતિ, રંગ તથા ઊંચનીચના ભેદભાવ ભુલાવી તેમનામાં રહેલી સામાજિક ભ્રાતૃત્વની ભાવનાને સર્વોચ્ચ સ્થાન આપે.



જાતિગત ભાવનાઓથી આર્થિક વિકાસ અટકી જાય છે. તેને કારણે કૃષિ તથા અન્ય ક્ષેત્રોની પ્રગતિ પણ રુંધાય છે. ગ્રામીણ વિકાસના માર્ગમાં સૌથી મોટી અડચણ જ્ઞાતિવાદ છે. જાતિવાદને કારણે કેટલાક લોકો મોટા જમીનદારો અને વ્યવસાયી ઇજારદારો બની ગયા છે. તેમને સમૂળગા ઊખેડી નાંખીને, જમીન એવા લોકોમાં વહેંચી દેવામાં આવે કે જે લોકો જમીન વિહોણા ખેતમજૂરો છે. એની પ્રગતિ જ શહેરો અને ગામડાઓની પ્રગતિમાં તેજી લાવશે.



અસ્પૃશ્યતા એ પસંદગીની બાબત નથી, એ માથે મારવામાં આવેલું કલંક છે.



વ્યક્તિ અસ્પૃશ્ય જન્મ્યો કે તે અસ્પૃશ્યતાના તમામ દૂષણોનો ભોગ બની જાય છે.





એક ખુલ્લી અને પ્રત્યક્ષ રીતથી કોઈ પણ માનવીની સ્વતંત્રતા છીનવી લેવી એ તો ગુલામ બનવાનો પસંદગી પાત્ર પ્રકાર થયો ગણાય. તેનાથી ગુલામ પોતાની ગુલામી પ્રત્યે સભાન બની જાય છે અને ગુલામી પ્રત્યે સભાન થવું એ સ્વાતંત્ર્યની લડત માટેનું પ્રથમ અને સૌથી મહત્ત્વનું કદમ છે.



જો કોઈ માનવીની સ્વતંત્રતા પરોક્ષ રીતે આંચકી લેવામાં આવે તો તેને તેની ગુલામીની સભાનતા થતી નથી. અસ્પૃશ્યતા એ ગુલામીનો પરોક્ષ પ્રકાર છે.





મતાધિકારને હક્કની વાત લખવાને બદલે મહેરબાનીની વસ્તુ (સમજે છે) સમજવી એ વિચાર રાજકીય સમાજમાં ભયંકર ગણાય. મતાધિકાર જન્મસિદ્ધ હક્ક છે એ વાત જો ઉડાવી દેવામાં આવે, પ્રતિનિધિત્વના નૈતિક દાવાને જો ભાવનાની ચીજ માનવામાં આવે અને જો મતાધિકારને રાજકીય સત્તા પોતાની ઇચ્છા પ્રમાણે વહેંચવાની વસ્તુ સમજે તો મતાધિકાર ન મળે તે વ્યક્તિઓ મતાધિકારવાળાની દયા ઉપર જ જીવે. એથી વધારે ગુલામી કેવી હોય! ગુલામોને જન્મસિદ્ધ હક્ક હોતા નથી. એમના માલિકો બધા એ જ તેમના હક્ક. આ રીતનો વિચાર રાજકીય સરકારનો ઘાતક છે ને તેથી જ (હું) તેનો અસ્વીકાર કરું છું યોગ્ય છે.



વિધાનમંડળમાં દલિતોના પૂરતા પ્રતિનિધિત્વના અધિકાર વિશે હું કહીશ. હવે દલિતોને પ્રતિનિધિત્વ આપવાના પ્રશ્ને આપણે સંપૂર્ણ સહમત એકમત છીએ કે પ્રતિનિધિત્વ નિયુક્તિ દ્વારા પણ નહિ પણ ચૂંટણી દ્વારા રહેશે. નિયુક્તિની પદ્ધતિએ દલિતોને કરેલું નુકસાન ઘૃણાસ્પદ છે. આ પદ્ધતિથી દલિતોને કદી પણ સાચું અને સ્વતંત્ર પ્રતિનિધિત્વ મળ્યું નથી. તેથી કોઈપણ સંજોગોમાં દલિતો નિયુક્તિ દ્વારા પ્રતિનિધિત્વ સ્વીકારશે નહિ.



ડૉ. આંબેડકર છેલ્લે જ્યારે બૌદ્ધધર્મ અંગીકાર કરે છે ત્યાં ગોડબોલે સાથે ચર્ચા કરતાં તેઓ કહે છે કે, 'કમરો બદલું છું મકાન નહિ.' એનો અર્થ એ થાય કે તેઓ ગોડબોલેને કહે છે કે તેઓ રસ્તો બદલી રહ્યા છે, ધર્મ નહિ.

કામિયાબ થવા માટે સારા મિત્રોની જરૂર હોય છે અને વધુ કામિયાબ થવા માટે સક્ષમ શત્રુઓની આવશ્યકતા હોય છે.







જ્ઞાન બુદ્ધિ કો સ્થિર કરતા હૈ,
ધીરજ મન કો સ્થિર કરતી હૈ.

પ્રેમ હૃદય કો સ્થિર કરતા હૈ,
સમર્પણ શરીર કે આવેગો કો શાંત કરતા હૈ.

ન્યાય આત્મા કો સ્થિર કરતા હૈ.

...યે પાંચો ધર્મ કે આધાર હૈ,
જબ યે સ્થિર હોતે હૈ તબ મનુષ્ય કરુણા સે ભર જાતા હૈ.

કોલંબસના શબ્દો : જો તમારામાં કિનારો દેખાતો બંધ થાય તે જોવાની હિંમત ન હોય તો તમે સમુદ્ર પાર નહિ કરી શકો.





જીન કે મસ્તક પર ધર્મ રહતા હૈ, ઉન કે ચરણોં મેં સ્વયં ઈશ્વર પુષ્પ રખતા હૈ.



અસ્પૃશ્યતા મુખ્યત્વે ધર્મ પર આધારિત છે. આર્થિક અને સામાજિક હિતોમાં કશું પવિત્ર નથી. તે હિતો તો સમય અને સંજોગો પ્રમાણે બદલાતાં રહે છે.





કાયદો અંગત છે જ્યારે ધર્મ બિનઅંગત છે. કાયદો અંગત હોવાથી તે અન્યાયી અને ગેરવાજબી હોઈ શકે છે, પરંતુ ધર્મ બિનઅંગત હોવાથી તે નિષ્પક્ષ રહે તો તે કાયદા દ્વારા કરાયેલા અન્યાયને વ્યર્થ બનાવી શકે.



આજનું એકેય રાજ્ય એવું નથી જેણે કદીપણ હઠીલા રાષ્ટ્રિય જૂથને એની પોતાની સત્તા નીચે રહેવા માટે દબાણ ન કર્યું હોય.





જો સાથે રહેવાનો સંકલ્પ હોય તો ભિન્ન કોમો અરે, ભિન્ન દેશો માટેય એક રાજ્યની છત્રછાયામાં રહેવું અશક્ય નથી.



હું નથી માનતો કે પાકિસ્તાનની માગણી તે માત્ર હું જે પરિસ્થિતિ જોઉં છું તે રાજકીય રોગ છે અને સમય જતાં જતો રહેશે, હું જે પરિસ્થિતિ જોઉં છું તે પરથી લાગે છે કે જીવવિજ્ઞાનના અર્થ પ્રમાણે તે એક લાક્ષણિકતા છે અને જેમ જેમ જીવતંત્ર લાક્ષણિકતામાં પરિણમે છે તે જ રીતે મુસ્લિમ રાજકારણે તેને વિકસાવ્યું છે. સ્વાભાવિક પસંદગીની પ્રક્રિયામાં તે ટકશે કે નહીં તે તો હિંદુઓ તથા મુસ્લિમોના અસ્તિત્વ સંઘર્ષમાં સક્રિય બનતા બળો પર જ નિર્ભર છે.



બળ અને સત્તા ક્યારેક સદ્ભાવના દ્વારા પ્રાપ્ત થાય છે. પણ અકિંચન પરાજિત હિંસા દ્વારા તેની ભીખ માંગી શકાતી નથી.



હમણાં (આઝાદી પહેલાં) જો પાકિસ્તાનને દફનાવી દેવાય તો તે ફરી પાછું તેનું માથું નહિ ઊંચકે તેમ માનવું એ મોટી મૂર્ખામી હશે. મને ચોક્કસ ખાતરી છે કે પાકિસ્તાનને દફનાવવાથી પાકિસ્તાનના પ્રેતને દફનાવી નહિ શકાય.



રાષ્ટ્રિયતા અને રાષ્ટ્રવાદ વચ્ચે ભેદ છે. તે બંને માનવ મનની બે ભિન્ન માનસશાસ્ત્રીય સ્થિતિઓ છે. 'રાષ્ટ્રિયતા' એટલે 'સમ ચેતના, સંબંધના બંધનના અસ્તિતવની સભાનતા' 'રાષ્ટ્રવાદ' એટલે 'આવા સંબંધ બંધનને જેઓ બંધાયા છે, તેમની અલગ રાષ્ટ્રિય અસ્તિત્વ માટેની માગણી.'



રાષ્ટ્રિયતાના અસ્તિત્વ વિના રાષ્ટ્રવાદ સંભવી ન શકે.



રાષ્ટ્રિયતા રાષ્ટ્રવાદને નથી સર્જતી. રાષ્ટ્રિયતામાંથી રાષ્ટ્રવાદ પ્રકાશી ઊઠે તે માટે બે શરતો હોવી જરૂરી છે. પ્રથમ તો 'રાષ્ટ્ર તરીકે જીવવાનો સંકલ્પ' રાષ્ટ્રવાદ તે આની ગતિશીલ અભિવ્યક્તિ છે. બીજું એ કે રાષ્ટ્રવાદ જેનો કબજો મેળવી શકે અને રાજ્ય રચી શકે તેવો પ્રદેશ, સાથે સાથે રાષ્ટ્રનું સાંસ્કૃતિક વતન પણ જોઈએ.



મુસ્લિમો જે વિસ્તારોને હિંદથી અલગ પાડવા માગે છે તે હંમેશાં હિંદનો ભાગ રહ્યા છે. નિઃશંક, ઐતિહાસિક દૃષ્ટિએ એ વાત સાચી છે. જ્યારે સમ્રાટ ચંદ્રગુપ્ત હતો ત્યારે આ વિસ્તાર હિંદનો ભાગ હતો., જ્યારે ઈ.સ.ની સાતમી સદીમાં ચીની યાત્રી હ્યુએનસંગ હિંદની મુલાકાતે આવ્યો ત્યારે તે વિસ્તાર હિંદના ભાગ તરીકે ચાલુ જ હતો. તેની ડાયરીમાં હ્યુએનસંગ નોંધે છે કે હિંદ પાંચ ખંડમાં વહેંચાયેલું હતું અથવા જો તેની જ ભાષા વાપરીએ તો ત્યારે 'પાંચ હિન્દુસ્તાન' હતા (૧) ઉત્તર હિંદ, (૨) પશ્ચિમ હિંદ (૩) મધ્ય હિંદ (૪) પૂર્વ હિંદ અને (૫) દક્ષિણ હિંદ અને આ પાંચ ખંડોમાં ૮૦ રાજ્યો હતાં.



અતીતની ભવ્યતા અને ભૂલોનો વારસો વહેંચી લેવાના છે, ભવિષ્યમાં સમાન આદર્શોનો સાક્ષાત્કાર કરવાનો છે. એક સાથે યાતના વેઠવી, આનંદ કરવો અને આશા સેવવી આ સર્વ વસ્તુઓ, સહિયારી જકાત ચોકીઓ અને વ્યૂહાત્મક ખ્યાલો પ્રમાણે સરહદો હોવા કરતાં વિશેષ મૂલ્યવાન છે અને જાતિ તથા ભાષાની ભિન્નતા હોવા છતાંય સમજી શકાય તેમ છે. એક સાથે યાતના વેઠવી એટલે કે એક સાથે સહન કરવું તે માત્ર આનંદ નથી પણ તેના કરતાં એકતાનું વિશેષ બંધન છે અને રાષ્ટ્રીય સ્મૃતિઓના સંદર્ભમાં વિજય કરતાંય વિષાદો વધુ મૂલ્યવાન છે કારણ કે તે કર્તવ્યો લાદે છે, તે સમાન પુરુષાર્થ માંગે છે.



પાકિસ્તાનનું સર્જન હિંદુસ્તાનના સંરક્ષણને કેવી રીતે અસર કરશે? આ તાકીદનો સવાલ છે જ નહીં કારણકે, અસ્તિત્વમાં આવતાની સાથે તરત જ પાકિસ્તાન હિંદુસ્તાન સાથે યુદ્ધ કરશે તેવું માનવાને કોઈ કારણ નથી છતાં આ સવાલ ઊભો થવાનો જ છે. તેની ચર્ચા કરવી બહેતર છે. આ સમસ્યાને ત્રણ વિભાગમાં ચર્ચી શકાય (1) સરહદનો સવાલ (2) સાધનસંપત્તિનો સવાલ (3) સશસ્ત્ર દળોનો સવાલ.





અસ્પૃશ્યોની રાજકીય માગણી એ છે કે તેમને માત્ર ધારાસભામાં જ નહિ પણ પ્રધાનમંડળમાં પણ પ્રતિનિધિત્વ મળવું જોઈએ. આ માગણીનો પણ હિંદુઓ વિરોધ કરે છે. હિંદુઓની દલીલ બે પ્રકારની છે. એક તો એ કે પ્રધાનમંડળ ધારાસભાના બહુમતી પક્ષનું હોવું જોઈએ અને બીજી એ કે પ્રધાનમંડળમાંની વ્યક્તિઓ પ્રધાનમંડળમાં સ્થાન ધરાવવા યોગ્ય હોવી જોઈએ.



લઘુત્તમ યોગ્યતાની શરતોને આધીન રહી દેશની જાહેરસેવાઓના સ્થાનોમાં નિશ્ચિત પ્રમાણમાં તેમના માટે સ્થાનો અનામત રાખવાં જોઈએ તેવી અસ્પૃશ્યોની માગણી છે. હિંદુઓ અસ્પૃશ્યોની અન્ય માગણીઓનો જેમ વિરોધ કરે છે તેમ આ માગણીઓનો પણ વિરોધ કરે છે. તેમનો દાવો એ છે કે સરકારના હિતમાં જાહેરસેવાઓમાં યોગ્યતા, કાર્યક્ષમતા અને ચારિત્ર્યની જ માત્ર વિચારણા થવી જોઈએ એને તેમાં નિમણૂક વખતે જ્ઞાતિ કે વર્ગને સ્થાન ન અપાવું જોઈએ. ચારિત્ર્ય તે આવશ્યક ગુણવત્તા છે. તે અંગે કોઈ વિવાદ ન હોઈ શકે. તે જ રીતે યોગ્યતા અને કાર્યક્ષમતા અંગે પણ કોઈ વિવાદ નથી.



બંધારણ ઘડતી વખતે સામાજિક માળખાનો ખ્યાલ હંમેશાં મનમાં રાખવો જોઈએ. સામાજિક માળખા સાથે રાજકીય માળખું જોડાવું જ જોઈએ. સામાજિક બળોની પ્રક્રિયાઓ માત્ર સામાજિક ક્ષેત્ર પૂરતી જ મર્યાદિત નથી હોતી તે રાજકીય ક્ષેત્રને પણ આવરી લે છે કે તે બિનવિવાદાસ્પદ છે.



સંસદીય લોકશાહી કેમ નિષ્ફળ ગઈ? સરમુખત્યારોના દેશમાં તે નિષ્ફળ ગઈ કારણ કે તે એક એવું યંત્ર છે જેની ગતિ ખૂબ ધીમી છે. ત્વરિત ક્રિયાને તે વિલંબમાં નાંખે છે. સંસદીય લોકશાહીમાં વહીવટીતંત્ર ઇચ્છે તેવા કાયદા પસાર કરવાનો ધારાસભા ઇન્કાર કરે એટલે વહીવટીતંત્ર ખોટવાઈ જાય અને જો ધારાસભા દ્વારા તે ન ખોટવાય તોય તે કાયદાઓને ગેરકાયદેસર ઠરાવતા ન્યાયતંત્રથી ખોટવાઈ જાય.



સંસદીય લોકશાહીને નબળી બનાવતી બીજી વિચારસરણી એટલે કે જ્યાં સામાજિક અને આર્થિક લોકશાહી ન હોય ત્યાં રાજકીય લોકશાહી સફળ ન જ બને. આર્થિક અને સામાજિક લોકશાહી તો રાજકીય લોકશાહીની નસો સમાન છે. નસો જેટલી મજબૂત તેટલું જ વધુ બળ શરીરનું. લોકશાહી સમાનતાનો પર્યાય છે. લોકશાહીએ મુક્તિના આવેગોનો વિકસાવ્યા છે. પણ તે સમાનતાનું મહત્ત્વ સમજવામાં નિષ્ફળ ગઈ અને મુક્તિ તથા સમાનતા વચ્ચેની સમતુલા જાળવવાનો પ્રયાસ પણ તેણે ન કર્યો. પરિણામ એ આવ્યું કે મુક્તિ સમાનતાને ગળી ગઈ અને તેણે લોકશાહીને માત્ર નામની જ, ફારસરૂપ બનાવી દીધી.



જ્ઞાન જેવી બીજી કોઈ શક્તિ નથી અને બીજું એ કે જેઓ જ્ઞાન માટે સભાનપણે ઉત્સુક છે તેમને માટે તેનું સંશોધન કરવાનો સમય નથી કે નથી ધૈર્ય. જ્ઞાનની અનિવાર્યતામાં મને શ્રદ્ધા છે.



શ્રી ગાંધીએ હિંદુ સમાજને સુધારવા એવું તે શું કર્યું કે લોકશાહીના પુરસ્કર્તાઓ તેમનાં જીવન તથા કાર્યને આશા તથા ખાતરીની પ્રતીતિ તરીકે ટાંકી રાખે? તેમના મિત્રોને હરિજન સેવક સંઘની માહિતી આપવામાં આવી છે અને તે સતત પૂછતા જ રહે છે કે, શું શ્રી ગાંધી હરિજનોનાં ઉત્થાન માટે કામ નથી કરતા? તે કરે છે? હરિજન સેવક સંઘનો ઉદ્દેશ શો? તે અસ્પૃશ્યોને તેમના હિંદુ માલિકોની ગુલામીમાંથી મુક્તિ અપાવવાનો અને તેમને સામાજિક તથા આર્થિક દૃષ્ટિએ તેમના સમાન બનાવવાનો ખરો? શ્રી ગાંધીની પોતાની સામે આવો કોઈ ઉદ્દેશ હતો નહિ અને તે આ કરવા ઇચ્છતા જ નથી અને હું કહું છું કે તે આ કરી શકશે નહિ. આ તો કામ છે લોકશાહીના પુરસ્કર્તાનું અને ક્રાંતિકારીઓનું અને શ્રી ગાંધી આ બેમાંથી એકેય નથી.



મહાન માનવી અનિવાર્યપણે સારો હોય તેવું નથી હોતું. અને બીજું એ કે માનવી તે યંત્ર નથી. કોઈપણ પ્રકારની લાગણી વિનાનો નથી. શ્રેષ્ઠ વ્યક્તિ માટે ય આ સાચું જ છે. તેનામાં પણ વર્ગ સહાનુભૂતિ અને વર્ગભેદની લાગણીઓ હોય છે. આ ખ્યાલોનું ધ્યાન રાખીએ તો શાસકવર્ગની શ્રેષ્ઠ વ્યક્તિ દાસ વર્ગની દૃષ્ટિએ કનિષ્ટ પુરવાર થઈ શકે.



જે ભૂલભરેલી વિચારસરણીઓ સંસદીય લોકશાહીની નિષ્ફળતા માટે જવાબદાર છે, તેમાં કરારના સ્વાતંત્ર્યનો ખ્યાલ પણ એક કારણ હશે તેમાં મને શંકા નથી. આ વિચાર પવિત્ર બની ગયો અને મુક્તિના નામે તેને સમર્થન અપાયું. સંસદીય લોકશાહીએ આર્થિક અસમાનતાઓની નોંધ લીધી જ નહિ અને કરાર કરનારાઓને પક્ષે સોદો કરવાની શક્તિમાંય તે સમાન હતા તે હકીકત છતાંય આ



કરારના સ્વાતંત્ર્યનું શું પરિણામ આવ્યું તે જોવાની દરકાર કરી નહિ. આ કરાર સ્વાતંત્ર્યથી બળવાન વ્યક્તિને નબળી વ્યક્તિને છેતરવાની તક મળતી હતી તેની પરવા નહોતી. પરિણામે એ આવ્યું કે મુક્તિની અગ્રદૂત બની રહેવાને બદલે સંસદીય લોકશાહીએ ગરીબોના, દલિતોના, અધિકારહીનોના આર્થિક અન્યાયોમાં સતત ને સતત વધારો કર્યો.



સૌ પ્રથમ તો ઇતિહાસની એ કઠોર વાસ્તવિકતા સ્વીકારવી જોઈએ કે પ્રત્યેક દેશમાં બે વર્ગોનું અસ્તિત્વ છે - શાસક વર્ગ અને દાસ વર્ગ. જે બંને વચ્ચે સત્તા સંઘર્ષ સતત રહ્યા જ કરે છે. બીજું એ કે, તેની સત્તા તેની પ્રતિષ્ઠાના કારણે શાસકવર્ગ દાસવર્ગ પર પોતાની સત્તા જાળવવામાં સરળતા પડે છે. ત્રીજું એ કે સત્તા અને અધિકારના સ્થાનો પ્રાપ્ત કરવામાં, પુખ્ત મતાધિકાર અને વારંવારની ચૂંટણીઓ શાસકવર્ગને અવરોધરૂપ બનતા નથી. ચોથું તો એ કે, પોતાની લઘુતાગ્રંથિને કારણે દાસવર્ગોના સભ્યો સ્વેચ્છાએ જ શાસક તરીકે ચૂંટે છે. પાંચમું એ કે, શાસકવર્ગનું અસ્તિત્વ જ લોકશાહી તથા સ્વરાજ્ય સાથે વિસંગત છે અને જ્યાં શાસકવર્ગ પોતાની શાસન



સત્તા જાળવી રાખતો હોય છે તે હકીકત હોય છે ત્યાં એમ માનવું ખોટું છે કે લોકશાહી તથા સ્વરાજ્ય જીવનની વાસ્તવિકતા બન્યાં છે. છઠ્ઠું એ કે, પુખ્ત મતાધિકારને આધારે રચાયેલું બંધારણ અસ્તિત્વમાં આવતાં જ લોકશાહી અને સ્વરાજ્ય એ કે વાસ્તવિકતા નથી બનતાં પણ જ્યારે શાસકવર્ગ તેની શાસન સત્તા જીતવાનું બળ ગુમાવે છે ત્યારે એક વાસ્તવિકતા બને છે. સાતમું એ કે, કેટલાક દેશોમાં શાસક વર્ગને સત્તાસ્થાન પરથી હટાવવામાં દાસ વર્ગ માત્ર પુખ્ત મતાધિકાર ને કારણે જ સફળ થયો હશે તો અન્ય દેશોમાં શાસક વર્ગ એટલો સુરક્ષિત-સલામત હશે કે તે જ પરિણામ પ્રાપ્ત કરવા દાસ વર્ગનો પુખ્ત મતાધિકાર ઉપરાંત અન્ય સલામતીઓની જરૂર પડશે.



પોતે ક્યા માર્ગે અને કયા ઉપાયો દ્વારા પોતાની સર્વોપરિતા પ્રાપ્ત કરી છે તે તપાસવાની પણ શાસકવર્ગને પરવા નથી. આમ કરવું તેને અનિવાર્ય પણ નથી લાગતું તેનું કારણ કંઈક અંશે એ કે તે એવું માને છે કે તેણે પોતાની સત્તા ભલે ગમે તે રીતે પ્રાપ્ત કરી હોય પણ અત્યારે દાસ વર્ગો પર પોતાની નીતિ પ્રમાણે મનમાન્યું કરાવવાનો હુકમ આપવાની સ્થિતિમાં તે છે તે જ બસ છે.



સુરાજ્ય માટે શાસક વર્ગના કાર્યક્ષમતા તથા સામર્થ્ય જ પૂરતાં નથી. જે અનિવાર્ય છે તે શાસક વર્ગમાં ભલું કરવાનો સંકલ્પ અથવા તો ડાઈસીના શબ્દોમાં કહીએ તો સ્વાર્થી વર્ગહિતોમાંથી ઉદ્‌ભવતી આંતરિક મર્યાદાઓમાંથી મુક્તિ. કાર્યક્ષમતા સાથે સ્વાર્થી વર્ગહિતોનો જો સમન્વય થાય તો તે સુરાજ્ય સ્થાપવાને બદલે તે ખુદ દાસ વર્ગોના દમનનું માત્ર યંત્ર બની જાય.





રાજ્યના સાધનોની પસંદગીમાં તે સાધનોમાં રહેલા વર્ગપૂર્વગ્રહની વિચારણા પણ ઉપેક્ષા નહીં કરી શકાય. હકીકતમાં તો સુરાજ્ય માટે તે મૂળભૂત વિચારણા છે. કમભાગ્ય તો એ છે કે જેઓ પોતાની જાતને લોકશાહીના હિમાયતી માને છે તેઓ સામાન્ય રીતે આ હકીકતનું મહત્ત્વ સમજતા નથી.



જો લોકશાહીને સાચી વાસ્તવિક બનાવવી હોય તો દેશનું રાજકીય બંધારણ તથા દેશની સામાજિક સંસ્થાઓ વચ્ચે અનુબંધ હોવો જોઈએ.



હિંદના દાસ વર્ગો કૉંગ્રેસ છાપ સ્વરાજ્યથી આકર્ષાયા નથી. કૉંગ્રેસ છાપ સ્વરાજ્ય તેમનું શું ભલું કરવાનું? તે જાણે છે કે કૉંગ્રેસ છાપ સ્વરાજ્ય નીચે તેમનું ભવિષ્ય ખરેખર વેરાન છે : કૉંગ્રેસ છાપ સ્વરાજ્ય ક્યાં તો કહેવાતા ગાંધીવાદનું મૂર્તરૂપ હશે અથવા તો શાસકવર્ગ તેને જેવું બનાવવા માગતા હશે તેવું હશે. જો તે ગાંધીવાદનું મૂર્તરૂપ હશે તો તેનો અર્થ હશે ચરખાનો પ્રસાર, ગ્રામોદ્યોગ, જ્ઞાતિપ્રથાનું પાલન, બ્રહ્મચર્ય, ગૌ-આદર વગેરે. જો શાસક વર્ગ પર તેની ઇચ્છા પ્રમાણેનું સ્વરાજ્ય બનાવવાનું છોડવામાં આવશે તો તેમાં મુખ્ય બાબતો હશે, બ્રિટિશ સરકારે શિક્ષણ અને જાહેરસેવામાં સ્થાનની બાબતો અંગે આપેલી સવલતો પાછી ખેંચી લઈ દાસ વર્ગો પર દમન.



જે વ્યવસ્થામાં સમગ્ર વસ્તીને ગુલામ બનાવાતી હોય, જે પ્રગતિની ભાવનાને રૂંધી નાંખતી હોય, જે આગેકૂચને અવરોધતી હોય, તે પ્રથા મને લાગે છે કે બુદ્ધિશાળી વ્યક્તિ કે કોઈ ભાવનાશીલ વ્યક્તિ ચાલુ રાખી શકે નહિ કે વાજબી ઠરાવી શકે નહિ.



એમ માનવું ભૂલભરેલું છે કે ધારાસભામાં ચૂંટાયેલો પ્રતિનિધિ જેમણે તેને ચૂંટ્યો છે તે મતદારોની ઇચ્છા વ્યક્ત કરશે અને જે વર્ગનો છે તે વર્ગનાં હિતોને ભૂલી જશે કે તેને ગૌણ સ્થાન આપશે. પ્રતિનિધિનો દાખલો જ વિભાજિત નિષ્ઠાઓનો દાખલો છે. તેને, તેની ભીતરમાં પહેલા બે અથવા તો ત્રણ કર્તવ્યનો સામનો કરવાનો હોય છે. (1) પોતાની જાત પ્રત્યેનું કર્તવ્ય, (2) જે વર્ગના પોતે છે તે વર્ગ પ્રત્યેનું કર્તવ્ય અને (3) જે મતદારોએ તેને ચૂંટ્યો છે તે મતદારો પ્રત્યેનું



કર્તવ્ય. પ્રથમ, કર્તવ્યને આપણે આપણી વિચારણામાંથી છોડી દઈએ તો પણ સામાન્ય અનુભવ છે કે મતદારો કરતાંય પોતાના વર્ગના હિતોને પ્રતિનિધિ વધુ પસંદગી આપે છે અને તે, સિવાય તે બીજું કંઈ કરે તેવી અપેક્ષા પણ શા માટે રાખવી જોઈએ? એ તો વ્યક્તિનો સ્વભાવ જ છે કે માનવીને પોતાના મતદાર મંડળ કરતાં પોતાની જાત વધુ વહાલી હોય છે.





હિંદુ સમાજ પ્રથા પ્રમાણે જ્ઞાતિઓને આદરના ચઢતા ક્રમે અને તિરસ્કારના ઊતરતા ક્રમે મૂકવામાં આવી છે. આ સામાજિક વલણોની ચૂંટણી પર શી અસર થાય તે ભવિષ્ય ભાખવા માટે કોઈ જ્યોતિષીની જરૂર નથી. કોઈ ઉચ્ચ વર્ણનો હિંદુ અસ્પૃશ્ય ઉમેદવારને મત નહિ આપે કારણકે તેને મન તો તે ધારાસભામાં જવા માટે અતિ તુચ્છ વ્યક્તિ છે. બીજી બાજુ, અસ્પૃશ્યોમાં એવા મતદારો જરૂર જોવા મળશે કે જેઓ અસ્પૃશ્ય ઉમેદવારને બદલે હિંદુ ઉમેદવારને સ્વેચ્છાએ મત આપશે. આનું કારણ એ છે કે પોતાની જાત કરતાં અથવા પોતાના બાંધવ કરતાં પણ હિંદુઓને વધુ આદર આપવાનું શીખવાડવામાં આવ્યું છે. અસ્પૃશ્યો જેવા ગરીબ, નિરક્ષર, અજ્ઞાન



અસંગઠિત મતદારોના મત મેળવવા માટે બીજાં જે સાધનો અપનાવવામાં આવે છે તે સાધનોની વાત જ નથી. આ બધી પરિસ્થિતિઓનો સરવાળો હિંદુઓના પ્રતિનિધિત્વમાં વૃદ્ધિ કરવાનું જ કામ કરવાનો છે. નરી મતદાર મંડળ પ્રથામાં હિંદુઓને બહુમતી મળવાની ખાતરી મળી જ જવાની. તેમનામાંથી અને સાથે સાથે અસ્પૃશ્યોમાંથી પણ તેમની બહુમતી તે મેળવી શકવાના. તે પણ એટલું નિશ્ચિત છે કે અસ્પૃશ્યો બધી જ બેઠકો ખોવાના. તેમણે ખોવી જ જોઈએ. સૌ પ્રથમ કારણ તો એ કે તેઓ લઘુમતીમાં છે અને બીજું કારણ એ કે અસ્પૃશ્યોની નબળાઈઓ હિંદુઓ સફળતાપૂર્વક ઉપયોગ કરે છે.





રાજકારણ મારું સર્વસ્વ નથી અને રાષ્ટ્રિય નેતૃત્વ તે મારી જિંદગીનું ધ્યેય નથી. ઊલટું જ્યારે હું નીરખું છું કે તમારા રાષ્ટ્રિય નેતાઓએ આ દેશનું કેવું નખ્ખોદ વાળ્યું છે ત્યારે હું તે ભવ્ય ટોળામાં નથી તેનો હાશ અનુભવું છું. જ્યારે હું આ કહું છું ત્યારે વિશ્વાસ રાખજો કે તમારા રાષ્ટ્રિય નેતાઓ બંધારણ ઘડવા માટે સજ્જ નહોતા. તેઓ ગોળમેજી પરિષદમાં બંધારણોનો તુલનાત્મક અભ્યાસ વિના જ ગયા હતા અને તેમની સામે મુકાયેલ પ્રશ્નોના ઉકેલ તે ન આપી શક્યા.

એક વર્ગના લોકોની નોકરી બીજા વર્ગના લોકો પર બળજબરીથી ઠોકી બેસાડાય એ કાયદાના સિદ્ધાંતની તદ્દન વિરુદ્ધ છે. બીજા કોઈ હજામને બાકાત રાખીને એકલો જ હજામત કરે એવી પ્રથાનું સમર્થન કરવું એ એક અત્યાચાર ગણાશે. પરંતુ વતનપ્રથા એક એવી જ અત્યાચારી અને જંગલીપ્રથા છે.





અનુસૂચિત જાતિઓ પર વારંવાર એવો આક્ષેપ મુકાય છે કે તે સ્વાર્થી, પોતાનામાં જ રસ ધરાવતી જાતિ છે અને દેશના રાજકીય સવાલો અંગે તેમને કોઈ રચનાત્મક સૂચન કરવાનું હોતું જ નથી. આ આક્ષેપ સાવ જૂઠો છે અને જો તે સાચો હોય તો માત્ર અસ્પૃશ્યો જ તેને માટે ગુનેગાર નથી. હિંદમાં મોટા ભાગના લોકો રચનાત્મક સૂચન કરતા નથી. તેનું કારણ એ નથી કે રચનાત્મક વિચારો કરનારા માણસોનો તોટો છે. સઘળા રચનાત્મક વિચારો પૂરાઈ રહે છે. તેનું કારણ એ છે કે સામાન્ય લોકોના



મન ઉપર લાંબા અને સતત પ્રચારે તેવા પ્રત્યાય નાખ્યા છે કે કૉંગ્રેસ સિવાયના કશાયનો આદર કરવો નહિ. આ વસ્તુએ દેશના બધા રચનાત્મક વિચારોની હત્યા કરી છે. સાથે સાથે હું એમ પણ માનું છું કે અનુસૂચિત જાતિઓ સામેના આક્ષેપોનો જવાબ અનુસૂચિત જાતિએ વિધેયાત્મક માર્ગે આપવો જોઈએ અને દેખાડવું જોઈએ કે અનુસૂચિત જાતિઓ દેશની સામાન્ય રાજકીય પ્રગતિ માટે રચનાત્મક દરખાસ્તો કરવા સમર્થ છે અને જો દેશને ઠીક લાગતી હોય તો તે સ્વીકારે.





રાજકીય લોકશાહી આધારભૂત સામાજિક લોકશાહી વિના ટકી શકે નહિ, સામાજિક લોકશાહીનો અર્થ શું છે? એ તો સ્વતંત્રતા, સમતા અને બંધુતાને જીવનમૂલ્ય તરીકે માન્યતા આપનારી જીવનપદ્ધતિ છે. સ્વતંત્રતાને સમતાથી જુદી ન કરી શકાય અને સમતાને બંધુતાથી જુદી પાડી શકાતી નથી.

અધિકારો ત્યારે જ વાસ્તવિક બને છે જ્યારે તે ઇલાજો સાથે જોડાયેલા હોય જ્યારે તેના અધિકારો પર આક્રમણ થાય ત્યારે અન્યાય પામેલાને આશ્રય લેવા માટે કાયદાકીય ઉપાય ન હોય તો અધિકારો આપવાનો કોઈ જ અર્થ નથી. પરિણામે, બંધારણ જ્યારે અધિકારો આપે ત્યારે ધારામંડળ અથવા વહીવટીતંત્રને તેમના પર દબાણ કરતા અટકાવવા જોગવાઈ કરવાની જરૂરિયાત પણ ઊભી થાય છે. સામાન્ય રીતે આ કામ ન્યાયતંત્રને સોંપાયેલું છે અને આથી જ અદાલતોને બંધારણે ખાતરી આપેલા અધિકારોની ખાસ પાલક બનાવવામાં આવી છે.





રત્નકણિકાઓ



